# અમૃત કળશ


સંકલન

**હર્ષદ જોશી 'ઉપહાર'**



-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧


**AMRUT KALASH**

(APANNA BHAKAT)


A Sunkalan Book

by ***Harshad Joshi 'Uphar'***

Vyas-Vasana Ta. Kapadwanj Dist. Kheda (Gujarat)



પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :



(C) હર્ષદ જોશી 'ઉપહાર'



-: ટાઈપ સેટીંગ :-

*Mayur's*

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ



## શ્રીમતિ શારદાબેન સોમેશ્વર પંડ્યા
## માતૃદેવો ભવ

"હે મા ! તારું વિસ્મરણ તારી તડપ બની
જન્મોજન્મ હું તારું બાળક બની ખોળો ખુંદું."
- ઉપહાર

# કવિ લેખક હર્ષદ જોશી 'ઉપહાર'નાં
## અન્ય પુસ્તક



| | | |
|---|---|---|
| (૧) | પાવાના સૂર | કાવ્યસંગ્રહ |
| (૨) | અગ્નીરથી | કાવ્ય સંગ્રહ |
| (૩) | ગોમતી તારાં નિર્મળ નીર | નવલકથા |
| (૪) | યાત્રા | નવલકથા |
| (૫) | બોડાણો ભક્ત શ્રીહરિનો | નવલકથા |
| (૬) | અંતરમનનો વરસાદ | નવલકથા |
| (૭) | પ્રેમ રંગ-રંગ | નવલકથા |
| (૮) | સ્મૃતિ કળશ | સંકલન |
| (૯) | અમૃત કળશ | સંકલન |

## બે બોલ...

ગુજરાતી સાહિત્યની વાંચનપ્રેમી જનતાના કરકમળમાં મારી આ સંકલન કૃતિ 'અમૃત કળશ' (આપણા ભકત) અર્પતાં અતિ આનંદની લાગણી અનુભવું છું. નવલકથા ક્ષેત્રમાં ગોમતી તારાં નિર્મળ નીર, યાત્રા, બોડાણો, અંતરમનનો વરસાદ, પ્રેમ રંગ રંગ, નવલકથા વર્ષ ૨૦૧૩માં અર્પણ કર્યા પછી શ્રી યાકુબભાઈ, શ્રી અરવિંદ જોશી, શ્રી નટવર અને શ્રી કિશોર સિંહે વ્યકત કરેલાં સૂચનનો યોગ્ય સમય મળ્યા પછી મેં કરેલી દશધામ જ્યોતિર્લિંગની યાત્રા પછી ૨૮ દિવસની શ્રધ્ધા-ભક્તિભરી મુસાફરી સમયમાં અનેક સ્થળોએ કોઈને કોઈ ભકત વિશે જાણવા મળ્યું. આ સમયમાં મને મારા મનમાં વિશ્વેસર કાશીનાથ, શ્રી રામેશ્વર, શ્રી કન્યાકુમારી, શ્રી ભીમાશંકર, ધ્રુશ્મેશ્વરજી, મહાકાલેશ્વર, ચિત્રકુટ, ઓમકારેશ્વર, પ્રયાગરાજ, મલ્લિકાર્જુન, કાંચીનાથ, માતા મહાકાલી, ગંગાસાગર, બોદગયા, પલ્લી વૈજનાથ, વિઠ્ઠોલા તુકારામ, પંઢરપુર વગેરે સ્થળોનું મહાત્મય સમજાયું. આ વિવિધ સ્થળો નૃસિંહમંદિર, રંગનાથજીનું વિષ્ણુ મંદિરનું પણ આકર્ષણ રહ્યું. સમય જતા અનેક ભકતો વિશે જાણવા મળ્યું જેમનું મહાત્મય વિશેષ છે. પરિણામ સ્વરૂપ મને 'અમૃત કળશ' (આપણા ભકત) નું સંકલન સ્વરૂપ સર્જન કરવાની પ્રેરણા મળી જેથી આ સંકલીત પુસ્તક રજુ કરતાં આનંદ અનુભવું છું. ગુજરાતની વાંચન પ્રેમી જનતા મારા પશ્ચિમની સંસ્કૃતિ તરફ વધી રહેલા યૌવન ધનને ખંડનાત્મક વિચારધારમાંથી સર્જનાત્મક પ્રેમમયી વિચાર ધારામાં યૌવન મનને આકર્ષવાના આપણી સંસ્કૃતિ સભ્યતાની મહાનતાને વ્યકત કરવાના પ્રયાસને આવકારશે જ.

મારા કાર્યમાં હિંમત આપનાર મારા સહયાત્રી મિત્રો રમણ ડાભી, અરવિંદ જોશી અને યાકુબભાઈનો આભારી છું. અસ્તુ...

આપનો

**હર્ષદ જોશી 'ઉપહાર'**
મુ. વ્યાસ વાસણા તા. કપડવંજ
જી. ખેડા ફોન : ૦૨૬૯૧-૨૮૭૫૦૮
મો. ૮૩૪૭૨૭૧૦૭૦

# કળયુગમાં રામસેતુ એટલે 'અમૃત કળશ'

**પ્રસ્તાવના -**

ગુજરાતી સાહિત્યની વાંચન પ્રેમી જનતાના કરમકમળમાં હમણાં હમણાં વિખ્યાત બનેલા નવલકથાકાર ગોમતી તારાં નિર્મળ નીર, યાત્રા, બોડાણો ભક્ત શ્રી હરિનો, અંતરમનનો વરસાદ અને પ્રેમરંગ રંગ નવલકથા અર્પણ કરીને કવિ પાવાના સૂર, અગ્નિરથી કાવ્યસંગર્હ અર્પી ચૂક્યા છે. નવલકથાકાર હર્ષદ જોશી 'ઉપહાર' વિશિષ્ટ ઘટના, શૈલી, સંવાદ અને રસાળ ગતિશીલતાને કારણે જનપ્રિય બન્યા છે.

લેખક હર્ષદ જોશી 'ઉપહાર' દશધામ જ્યોતિર્લિંગની યાત્રા શ્રધ્ધા-ભક્તિપૂર્વક કરીને ગુજરાતી સાહિત્યની વાંચનપ્રેમી જનતાના કરકમળમાં 'અમૃત કળશ' સંકલનકૃતિ આપીને ભારતીય સંસ્કૃતિમાં શ્રી હરિના પ્રેમી ભક્તોનો મહિમા - શ્રી હરિનું મહાત્મય વ્યક્ત કરી જાય છે. 'સ્મૃતિ કળશ' માં જગદ્દગુરુ શંકરાચાર્યથી શરૂ કરી જયદેવજી, ટીલાજી, બિલ્વમંગલ, સૂરદાસજી, પરમાનંદજી, અમ્બરીષ, વિદુરજી, સુદામાજી, વલ્લભાચાર્યજી, અરુંધતી, અનસુયાજી, સાવિત્રીજી, ચૈતન્ય મહાપ્રભુજી, મીરાંબાઈ, કાત્યાયની, શ્રી હરિશચંદ્ર, નામદેવજી, યયાતિની, ભીલરાજગુરજા, પદમાવતીજી, નરસિંહજી, મધુસુદન સરસ્વતીજી, ગોકુલનાથજી જેવા ભક્તોનાં અદ્દભુત ચરિત્ર વ્યક્ત કરી જાય છે. લેખકે કુશળ કથન શૈલી દ્વારા 'અમૃત કળશ' માં પરમભક્ત હનુમાનજી, શબરીજી, કુંતીજી, અજામિલજી, રૈદાસજી, કબીરજી, અગસ્ત્યજી, અત્રિજી, તુલસીદાસજી, રામરાયજી, જયમલજી, સાક્ષી ગોપાલજી, વિજયસિંહ બોડાણા, શ્રીધર સ્વામીજી, પદ્મનાભજી, તત્વાજી, જીવાજી, માધવદાસજી જેવા શ્રીહરિ ભક્તોની અનન્ય પ્રેમભક્તિ વ્યક્ત કરીને શ્રી હરિની કૃપા - ચમત્કારિક સહાય ભક્તોના દુઃખે દુઃખી શ્રી હરિનો ભક્ત - ભક્તિપ્રેમ વ્યક્ત કરી જાય છે. ભક્તનો મહિમા શ્રીહરિની કૃપાથી વધે છે. જ્યાં ભક્ત-ભક્તિ ત્યાં શ્રી હરિ કહી શકાય. લેખકની કૃતિ કળયુગમાં રામસેતું છે. જે

વ્યક્તિ વ્યક્તિને જોડે છે. લેખક ભક્તોનાં માહાત્મયને વ્યક્ત કરતાં ભક્તોને શ્રી હરિની સહાય ભક્તિ મહાત્મય રજુ કરી જાય છે. ક્યાંક ભક્તપ્રેમે તુલસીના પાને તોલાયા છે. કોઈક ભક્તની વિષ્ટા સાફ કરી છે. ક્યાંક ભૂખ્યા ભક્તને ભોગ-થાળ જમાડ્યા છે. કોઈક વૃધ્ધ ભક્તને સીતાજીને મોકલી જળપાન કરાવ્યું છે. કોઈક ભક્ત મૂર્તિમાં સમાયા છે તો કોઈક ભક્ત ગંગાકિનારે જ્યોત બની અદૃશ્ય થયા છે. ક્યાંક ભક્તિ-ભક્ત વધારવા શ્રી હરિ, શ્યામસુંદર ભક્ત સેવા કરે છે. ભક્તના દુઃખે દુઃખિ, વિપદામાં સહાયક બની ભક્તનો ઉધ્ધાર કરે છે. વર્તમાન એકવીસમી સદીમાં પણ આ ઘટનાઓ નાસ્તીકવાદી માનવજાતને શ્રીહરિ પ્રત્યે આસ્થાવાન બનાવી હકારાત્મક વલણ કેળવાશે જ. ભારતીય સંસ્કૃતિનું માહાત્મય વધશે જ. લેખકનો પ્રયાસ પ્રસંશનીય છે. ધન્યવાદ !

**નટવર હેડાઉ**
ગુજરાત સાહિત્ય સંગઠન,
ગાંધીનગર

ગાંધીનગર
શ્રી હનુમાન જયંતિ, ૨૦૧૩

# ::: અનુક્રમણિકા :::


| | | |
|---|---|---|
| ૧. | ભક્તશ્રી હનુમાનજી | ૧ |
| ૨. | ભક્તિમતી શબરીજી | ૧૧ |
| ૩. | ભક્તિમતી શ્રીકુન્તીજી | ૧૮ |
| ૪. | ભક્ત અજામલજી | ૨૩ |
| ૫. | ભક્ત રૈદાસજી | ૨૮ |
| ૬. | શ્રી કબીરજીનું ચરિત્ર | ૩૭ |
| ૭. | મહર્ષિ શ્રી અગસ્ત્યજી | ૪૯ |
| ૮. | મહર્ષિ અત્રિજી | ૫૨ |
| ૯. | ગોસ્વામી તુલસીદાસજી | ૫૫ |
| ૧૦. | ભક્તવર શ્રીરામરાયજી | ૭૧ |
| ૧૧. | ભક્ત જયમલજી | ૭૪ |
| ૧૨. | ભક્તના સાક્ષી શ્રી ગોપાલજી | ૭૭ |
| ૧૩. | ભક્ત વિજયસિંહ (રામદાસજી) બોડાણો | ૮૨ |
| ૧૪. | શ્રી ધરસ્વામીજી | ૮૮ |
| ૧૫. | શ્રી જસુસ્વામી | ૯૪ |
| ૧૬. | શ્રી પદ્મનાભજી | ૯૬ |
| ૧૭. | ભક્તશ્રી તત્વજી, જીવાજી | ૧૦૦ |
| ૧૮. | શ્રી માધવદાસજી | ૧૦૪ |

# ૧. ભક્ત હનુમાનજી

સ્વર્ગ સુંદરી પૂંજાકસ્થલા અપ્સરા ઋષિની મજાક કરવાને કારણે શાપિત થઈ વાનર કન્યા અંજનાના નામે જન્મી તેને ગૌતમ પુત્રી પણ કહે છે. તેનાં લગ્ન કેશરી સાથે થયાં હતાં. અંજના ઋષિ કૃપાથી ઈચ્છિત પર્વતના શિબિર ઉપર પ્રકૃતિ નિહાળી રહી હતી તે સમયે અંજનાને પવનદેવે આલિંગન કર્યું. પવનદેવે અંજનાને તેમના જેવો બલવાન, બુદ્ધિમાન પુત્ર અર્પણ કર્યો છે. અંજના તેમનાથી પ્રસન્ન થઈ. આ રીતે આ પવનદેવતા ઐરમ અને કેસરીના ક્ષેત્રજપુત્ર રૂપે હનુમાનજીનો જન્મ થયો ભક્ત શ્રી હનુમાનજીનો જન્મ કાર્તિકમાસના કૃષ્ણ પક્ષમાં ચૌદસે મંગળવારે સ્વાતિ અને મેષ લગ્નમાં થયો.

એક વખત બાલક હનુમાન માટે અંજના માતા વનમાં ફળ લેવા ગયાં. કિસકંધા પર્વતનો પ્રદેશ ફળથી છવાયેલ વૃક્ષો વાળો હતો. હનુમાનજી સૂર્યોદય થતાં સૂર્યને લાલચટાક ફળ સમજીને લેવા કૂદકો



માર્યો. હનુમાનજીનું ઊંચે આકાશ ઊડાન જોઈને દાનવ યક્ષ આશ્ચર્યમાં પડ્યા. સૂર્યની ઉગ્ર ગરમીથી હનુમાનજીને બચાવવા પવનદેવ રત કરવા લાગ્યા. હનુમાન સૂર્ય પાસે પહોંચ્યા. સૂર્યગ્રહણ હોઈ રાહુ સૂર્ય પાસે જતાં ત્યા તેમને હનુમાનજીને જોયા. તેમણે ઈન્દ્રને ફરીયાદ કરી. ઈન્દ્ર ઐરાવત ઉપર ચઢીને રાહુ સાથે ગયા હનુમાનજીને તેમણે સૂર્ય પાસે જોયા. હનુમાનજી તો રાહુને ફળ સમજીને રાહુ તરફ દોડ્યા. રાહુએ ઈન્દ્રને બચાવાની બૂમ મારી. ઈન્દ્રની પાસે ઐરાવત જોઈ તેને ફળ સમજી હનુમાનજી દોડ્યા તે વખતનું હનુમાનજીનું વિકરાળ સ્વરૂપ જોઈને ક્રોધિત ઈન્દ્રે હનુમાનજીને વજ્ર પ્રહાર કર્યો. વ્રજપ્રહારને કારણે ઘાયલ હનુમાન પર્વતશિખર ઉપર પડ્યા. જેથી તેમની ડાબા ભાગની દાઢી તૂટી ગઈ. પિતા પવનદેવ તેમને લઈ પર્વતની કંદરામાં સંતાઈ ગયા. દેવતા રુંધાતા પવનને કારણે પવનદેવ પાસે ગયા અને બાળક હનુમાનને જોઈ હનુમાનજીના શિર ઉપર હાથ પ્રસારવા લાગ્યા. હનુમાનજી સ્વસ્થ થયા.

બ્રહ્માજીએ સર્વે દેવોને હનુમાનજી વિશે કહ્યું કે તેમના હાથે ઘણાં કાર્ય થવાનાં છે. તમે આશીર્વાદ આપો. ઈન્દ્રએ હનુમાનજીના ગળામાં કમળમાળા પહેરાવી કહ્યું વ્રજથી દાઢી તૂટી હોવાથી તે કપીશ્રેષ્ઠ થશે. એ સિવાય મારા વ્રજથી મરશે નહિ. સૂર્યદેવે તેજ આપી સતાંય આપ્યું. અને શાસ્ત્રજ્ઞાન કરાવ્યું. વરુણે વટ વાળતાં કહ્યું મારા પાશ કે જળથી તેમનું ક્યારેય મૃત્યું નહિં થાય. યમરાજે તેમના દંડથી હનુમાનજીને નિર્ભયતા આપી. કુબેર હનુમાનજીને વિષાદ પ્રકૃતિનું વર આપ્યો. અને તેમની

ગદાથી પણ વધ નહીં થવાનું કહ્યું. મહાદેવજીએ તેમને તેમના આવધોથી પણ વધ નહી થવાનો વર આપ્યો. વિશ્વકર્માએ દિવ્યાસ્ત્રોથી અવધ્ય અને ચિરકાળજીવન આપ્યું.

બ્રહ્માજીએ તો દીર્ઘાયુ મહાત્મા થશે તેવું કહ્યું. તેમણે હનુમાનજી બ્રહ્મદેવોથી પણ અવધ્ય રહેશે તેમ કહ્યું ઉપરાંત હનુમાનજી ઈચ્છિત રૂપ ધારણ કરી શકશે તેમ જણાવ્યું. ઈચ્છિત ગતિ અને યશસ્વી બનવાનું વર આપ્યું.

હનુમાનજીને આવાં વરદાન હોવા છતાં કામકાજમાં દીનતા, નિરાભિમાનતા પૂર્વક સેવા - ભક્તિ, સૂરસા અને મેઘાનાદથી છોડાયેલ બ્રહ્માસ્ત્રની જાતે જ વિનયતાથી બંધાયા. વરુણ પાસ સ્વીકાર્યો તે લઈ તેમની વિનમ્રતાં છે. પોતાને વાનર જ જણાવ્યા.

બાલ્યકાળમાં પોતાની શક્તિથી અજ્ઞાન હોવાથી ઋષિઓને પજવ્યા હતા તેથી ચંચળ હનુમાનને ઋષિએ શાપ આપ્યો કે તેમને કોઈ તેમની શક્તિનું સ્મરણ કરાવશે તો જ બળ-કીર્તિનું સ્મરણ થશે.

સૂર્યે વિદ્યા આપી તો દક્ષિણામાં સુગ્રીવ સેવાની આજ્ઞા પામી. તે સુગ્રીવના મંત્રી પદેથી સેવા કરતા રહ્યા.

અવધમાં રામને મદારી વાંદરાના નામ બતાવતો હતો તો રામની માડાભીથી ઘણા બધા વાંદરા બોલાવ્યા. છતાં રામને તે પસંદ નથી તો વશિષ્યજીએ ધ્યાન જ્ઞાનથી રામની ઈચ્છા હનુમાનજીની જ છે તો તે જણાવી સુમંત હનુમાન માતા અંજના પાસે જઈને હનુમાનને માંગી તેમને



રામ પાસે લઈ આવ્યા. હનુમાનજીને જોતાં રાજા અતિ પ્રસન્ન થયા. શ્રીરામજી હંમેશ આનંદમાં રહે તે માટે હનુમાનજી વિવિધ રમત બતાવતા હતા. વિશ્વામિત્ર સાથે દિક્ષાપદાદે રામને જવાનું થયા તો પરાણે હનુમાનજીની સેવા નિષ્કામ હતી. તેમની સેવાભક્તિમાં પ્રભુજીના ઉદ્‌ગાર અદ્‌ભૂત હતા. શ્રીરામે હનુમાનને તેમની આથી દાસ ભાવને ભક્તિ જોઈ કહ્યું - જ્યાં સુધી મારી રામકથા રહેશે ત્યાં સુધી તમારી કીર્તિ અને તમારું જીવન રહેશે જયાં સુધી આ જગત રહેશે ત્યાં સુધી મારી કથા રહેશે.

'શ્રી હરિ અનંત કથા શ્રી હરિ કથા અનંતા'

ભક્તોની લીલા સુખ આપવા માટે પ્રભુ ! દરેક લીલા કરે છે. બ્રહ્મમોહને કારણે લીલાનો વિસ્તાર થાય છે. રામ-રાવણના યુધ્ધ પ્રસંગે રાવણ આદેશથી અહિરાવણ વિભિષણનો વેશ ધારણ કરી રાત્રે સૂતેલા શ્રીરામ-લક્ષ્મણને ઉઠાવી જાય છે. શ્રીહનુમાનજી વિભિષણને મળીને ભેદ જાણીને પાતાળમાં જાય છે. ત્યાં તેમના જેવો વાનર જુએ છે. જ્યારે ખ્યાલ આવે છે કે લંકાદહન વખતે જે પરિશ્રમ થયો તે વખતે થયેલા પરસેવો સમુદ્રમાં પડવાથી તે માછલીના પીવાથી મકરધ્વજનો જન્મ થયો. આ મકરધ્વજ અને હનુમાનજીનું ધર્મયુધ્ધ થયું. મકરધ્વજે શ્રીરામ-લક્ષ્મણને દેવી સખત સળી માટે ઊભા રાખેલા હતા તેમને છોડાવી. શ્રીરામે હનુમાનજીનું સ્મરણ કર્યું તો હનુમાને છોડાવ્યા. અહિરાવણનું ખડગ છીનવી બધા નિશાચરોનો વધ કરી. શ્રીરામ લક્ષ્મણને ખભા ઉપર બેસાડી સેનામાં

હાજર કર્યા. અતિ આનંદમાં જયનાદ થયો. ‘જય હનુમાન!’

પ્રતિવાદમાં હનુમાને જયનાદ કર્યો ‘જય શ્રીરામ’ રામના રાજ્યભિષેક સમયે વિભિષણે રત્નમાલા હનુમાનને પહેરાવી ચરણસેવામાં મગ્ન હનુમાનજીને માળા સ્પર્શ થતાં જ ગભરાઈ ગયા. રામનામ વિનાની માળાનો એકએક મણિ તોડીને જોતા ગયા કે તેમાં રામનામ છે? તે ન જોતાં પૂરી માળાનાં મણિ તોડી નાંખ્યા તેમણે હનુમાનજીને કહ્યું - શું તમારા શરીરમાં રામનામ છે? હનુમાને છાતી ઉપરની ચામડી ચીરી શ્રીરામનાં દર્શન કરાવતાં બધા આશ્ચર્યચકિત થયા. આ માળા માટે તો સુગ્રીવના મિત્ર દો મંત્રી દાવે અગંદ અને જામ્બુવન પણ ઈચ્છુક હતા. નર-નીલ પણ ઉત્સુક હતા. જેમણે સેતુબંધ બાંધ્યો હતો. શ્રીરામે સિંહાસન ઉપર ઊઠી શ્રીહનુમાનજીને આલિંગન આપ્યું.

અનેક મણિ માલાના ઈચ્છુકોના કૌતુત નારદજીની શીખવમા ઉપર કાશી નરેશ શ્રીરામ ને પ્રણામ કરી વિશ્વામિત્ર નજીક બેઠા તેમણે તેમને હાથપણ ના જોડ્યા. આવા કાશીનરેશના વર્તનથી ક્રોધિત વિશ્વામિત્રે શિક્ષા કરવા શ્રીરામને કહ્યું. શ્રીરામે કાશીનરેશનો વધ સાંજ સુધી કરવાની પ્રતિજ્ઞા કરી. તે સાંભળતાં જ કાશીનરેશ ભયભીત થઈને નારદજીના કહેવાથી અંજના શરણે ગયા. અંજના માતાએ અભય વરદાન આપ્યું. તે પછી હકીકતની કાશીનરેશે સ્પષ્ટતા કરી. માતા અંજનાની ચરણવંદના માટે આવેલા હનુમાનજીને માતા અંજનાએ હકીકત કહી. હનુમાનજી મૂંઝાયા તે દૃઢ સંકલ્પ કરી નક્કી કર્યું કે શ્રીરામથી મોટા શ્રીરામનાથનું



શરણ છે. હનુમાનજીએ કાશીનરેશને નિરંતર શ્રીરામનામ જપનો બોધ કર્યો. સરયું ના જળમાં ઊભા રહી કાશીનરેશ જપ કરતા જ રહ્યા પહેલું બાણ શ્રીરામનું છૂટ્યું. તે સ્પર્શ કર્યા વિના જતું રહ્યું. બીજું બાણ ‘જય સિયારામ’ ના યુગલ મંત્ર જપ પ્રભાવથી પાછું વળ્યું.

ત્રીજું બાણ છોડવાના સમયે ભક્ત હનુમાનજીએ કાશીનરેશને જય જય સિયારામ, જય જય હનુમાન મંત્ર જપવા કહ્યું. તે મંત્ર કાશીનરેશ જપતા જ રહ્યા. વશિષ્ટજીએ કાશીનરેશને પ્રેરણા કરી કે વિશ્વામિત્રને પ્રણામ કરે. કાશી નરેશે તેમ કર્યું. મુનિ વિશ્વામિત્રે ક્ષમા કરી શ્રીરામ બાણ તારકશમાં પહોંચી ગયાં. ‘જય હનુમાન!’ જય જયકાર થયો.

હનુમાનજી ગંધમાદન પર્વત ઉપર રામનામ જપતી ભક્તિ કરતા રહેતા હતા. આ પર્વત ઉપર ભીમશેન કોંચ હતો. વ્રત પૂજા માટે સહસ્ત્રદલ માર્ગ વચ્ચે સ્વર્ગ માર્ગની શીલા ઉપર આડા થઈ સુઈ ગયા. સૂઈ ગયેલા હનુમાનજીની પૂંછડી ઝાપટતા તો તે અવાજથી ભીમશેન ગભરાઈ ગયા. હનુમાનજીને સૂતેલા જોઈ ભીમસેને ઉપેક્ષાપૂર્વ તેમને માર્ગમાંથી ખસી જવા કહ્યું. વૃધ્ધ હનુમાને તે વૃધ્ધ છે. તે કહ્યું. જરા દવા કરવા કહ્યું. અને આ અગમ્ય પર્વતને તેમ કહ્યું. હનુમાનજીના તેમના શરીરના ઓળંગી જવાના સુચન છતાં ભીમસેને તેમને ઓળંગી જઈને હનુમાનજીનું અપમાન નહીં કરવાનું જણાવ્યું. તેવો હનુમાનજી જેવા જ બળ પરાક્રમમાં છે તેમ જણાવ્યું. હનુમાનજીએ પોતાનું પૂંછડું ખસેડી જવા કહ્યું. ભીમસેન ડાબા હાથે પૂંછડું ખસેડવા લાગ્યા. તે હલ્યું પણ નહીં. પછી બે હાથે ઊંચકવા

છતાં ન ખસતાં શરમાઈ ગયા. તેમણે બે હાથ જોડી નમ્રતાથી પરિચય આપવા કહ્યું. હનુમાનજીનો પરિચય જાણતાં જ હનુમાનજીને તેમનું અનુપમરૂપનું દર્શન કરવા પ્રાર્થના કરી. હનુમાનજીએ તે રૂપ જોવા તમે અસમર્થ છો તમે નહી જોઈ શકો. માટે આગ્રહ નહીં કરવા કહ્યું.

ભીમસેનના હઠાગ્રહથી હનુમાનજીના વિશાળ સ્વરૂપનાં દર્શન થતાં જ વિસ્મિત બનેલા ભીમસેનેનાં રુંવાટાં ખડાં થઈ ગયાં. તે સ્વરૂપ સૂર્ય જેવું સોનાના પર્વત જેવી કાંતિ વાળુ હતું. વિશાળ હતું ભીમસેને આંખો બંધ કરી લીધી તે ડરી ગયા. બે હાથ જોડી પ્રાર્થના કરતા હનુમાનજીએ પોતાનું વિરાટ સ્વરૂપ સમેટી લીધું.

એક સમયે શ્રીરામે હનુમાનજી દ્વારા અર્જુનનો ગર્વ ભંગ કરેલો હતો. ઘટના એવી હતી કે અર્જુનજીએ શ્રીકૃષ્ણને કહ્યું. પ્રભુ તમે રામાવતારમાં હનુમાનજીને રામસેતુ બનાવીને વ્યર્થ પરિશ્રમ આપેલો તમે તે કાર્ય જાતે જ કરી શક્યા હોત. ત્યારે શ્રીકૃષ્ણએ કહ્યું, તમે તેવો પુલ બનાવી દો તો અર્જુનજીએ સમુદ્ર ઉપર બાણો મારી પુલ બનાવ્યો શ્રીકૃષ્ણએ હનુમાનજીને પૂલ ઉપર ચઢી ચાલવા કહ્યું, હનુમાનજી પુલ ઉપર ચઢી ચાલવા જાય છે તો કડકડાટ અવાજ સાથે પુલ તૂટવા લાગ્યો. હનુમાનજી નીચે ઊતરી ગયા. શ્રીકૃષ્ણએ કહ્યું, તમારો બનાવેલ પુલતો તૂટી જાય છે. તો તે સમયે હનુમાનજી જેવા કેટલાય વાનરો હતા. તે કેમ રીતે લંકા પહોંચે માટે હનુમાનજીએ બનાવેલ હતો. તે અર્જુનની દૃષ્ટિ શ્રીકૃષ્ણના દેહ ઉપર પડી. તેમના બરડામાંથી લોહીના રેલા નીકળતા



હતા. સમુદ્રનું પાણી રક્તથી થઈ ગયું હતું. અર્જુનજીએ કહ્યું, 'અરે ! રે' શ્રી હરિ આ શું?

ત્યારે શ્રીકૃષ્ણએ જણાવ્યું - આતો તમારા બાણના પુલ નીચે હું કાચબો બની સૂતો હતો. તમારા બાણથી ફણા મારી પીઠ ઉપર રોપાઈ હતી. તેમ ન કરું તો હનુમાન પુલ ઉપર ન ચડી શકે અને કાચબાના રૂપે નીચે હું ના હોઉં તો હનુમાનજી ઉપર ચઢતાંની સાથે પાતાળમાં પહોંચી જાય. તમારી નકામી બદનામી થાય. અર્જુન લજ્જીત થયા. તેમને ભગવાનની આજ્ઞા મુજબ તેમણે હનુમાનજીની આરાધના કરી હનુમાનજી પ્રસન્ન થયા. વરદાનમાં હનુમાનજીએ કહ્યું, "હું હંમેશા તમારી સહાયતા કરીશ. અને આવનાર યુધ્ધોમાં તમારા રથની ધજા ઉપર બેસીશ. રક્ષા કરીશ."

એક વખત અર્જુનજી રથમાં બેસી ધનુષકોટી ગયા. તે ત્યાં સ્નાન કરી મધ્યાહ્ન ક્રિયા કરી ગર્વથી ફરતા હતા. સામેના પર્વત ઉપર હનુમાનજી 'રામ રામ' જપ કરતા હતા. અર્જુનજીએ તે વાનરનો પરિચય માંગ્યો. તેણે હનુમાન હોવાની વાત કરી. ત્યારે ગર્વથી હસતાં હસતાં કહ્યું - રામે તો તમારી સાથે વ્યર્થ પુલ બનાવા પરિશ્રમ કરાવ્યો તેમણે તેમના બાણોથી પુલ કેમ ના બનાવ્યો.

હનુમાનજીએ કહ્યું - "વાનરોના ભારથી પુલ તૂટી ના જાય જેથી તેમણે બાણથી પુલ ના બનાવ્યો."

જો વાનરોના ભારથી પુલ ડૂબી જાય તો તે ધર્નુધરની ધનુર્વિદ્યા

શા કામની? અર્જુનજીએ કહ્યું.

તો અર્જુનજીએ કહ્યું - અત્યારે તમારી સામે બાણોનો સેતુ બનાવું અને તે ડૂબી જાય તો અગ્નિ પ્રવેશ કરીશ અને તે ન તૂટે તો તમે શું હારો છો?

હનુમાનજી બોલ્યા - માત્ર મારા અંગૂઠાના વજનથી સેતું ના તૂટે તો હું તમારી ધજા ઉપર બેસી તમારું રક્ષણ કરીશ. અર્જુનજીએ ધનુષટંકાર કરી દિશાઓ ગજવી. થોડી ક્ષણોમાં સો યોજન દૂર સુધી સઘન-સુદૃઢ પુલ બનાવ્યો. હનુમાનજીએ માત્ર અંગુઠાનો અગ્રભાગ દબાવ્યો અને પૂલ ક્ષણમાં જ સમુદ્રમાં ગરકાવ થયો. હનુમાનજીતો મહાદેવનું સ્વરૂપ જ છે. ચિતા સળગાવી અર્જુનજી બળી મરવા જાય છે ત્યાં ભક્તવત્સલ ભગવાન શ્રી હરિ - શ્રીકૃષ્ણ બટુકરૂપે આવીને કહેવા લાગ્યા. સાક્ષી વગરનું તમારા બંન્નેનું કાર્ય વ્યર્થ છે હવે હું સાક્ષી છું મારી સામે તમે બંન્ને તમારી વિશેષતા બતાવો કોણ સાચો કોણ જૂઠો તે હું જણાવીશ. અર્જુનજીએ ફરીથી બાણનો પુલ બનાવ્યો. શ્રીકૃષ્ણએ પોતાનું સુદર્શન તે પુલ નીચે મૂક્યું. જેમ જેમ હનુમાનજીએ અંગુઠે તેને દબાવ્યો તો પુલ વધુ મજબૂત થવા લાગ્યો. પગ, હાથ, ગુંઠણ થી હનુમાનજીએ દબાણ કર્યું છતાં સેતુમાં સહેજ પણ કંપન ના થયું. તે જાણી ગયા આ કામ બટુકરૂપે હાજર ભગવાનનું જ છે. તેમણે શ્રીહરિને પ્રણામ કર્યા. મેઘનાદના અમોઘ બાણથી હનુમાનજી મૂર્છિત થયા હતા. તે તો હનુમાનજીનો વિનય અને મર્યાદા છે. ત્રેતાયુગમાં શ્રીરામે હનુમાનજીને વચન આપેલું કે હું તમને દ્વાપરયુગમાં દર્શન આપીશ



તે તે સમયે સાર્થક થયું.

શ્રી હનુમાને કહેલું, પ્રભુ ! અવતાર તો રાક્ષસોના વધ માટે નથી માનવીનો આદર્શ શિક્ષા આપવા છે તેથી તો શ્રીરામે પણ શ્રી હનુમાનજીની સ્તુતિ કરેલી તે ભક્ત ભાવમાં કરેલી સ્તુતિથી શિવજી અહોભાવમાં આવી ગયા હતા. તેમણે કહ્યું કે, જ્યાં રામકથા આવશે ત્યાં હનુમાનજી સ્વરૂપે શિવજી તે સાંભળવા બિરાજમાન થશે જ. તે ગુપ્તસ્વરૂપે હશે. અભયદાન સર્વશ્રેષ્ઠ દાન છે. શ્રી હરિ તેને જ આપે છે જે કહે છે, '' હે પ્રભુ! હું આપનો છું.''

# ૨. ભક્તિમતી શબરીજી

પૂર્વ જન્મમાં શબરીજી રાજરાણી હતાં. મહેલમાં મર્યાદાવશ પડદામાં રહેવાને કારણે સાધુ-સંતોનાં દર્શનમાં વિહ્વળ બની જતાં હતાં. શબરી બાઈનું હૃદય સાત્ત્વિક હતું. પૂર્વ જન્મની રાજરાણી શબરીમાં સંતોનો ભાવ હતો. તેમ છતાં લાચાર હતાં. તીર્થરાજ પ્રયાગમાં કુંતીપર્વનાં સંયોગથી અંતર્દર્શન હેતું પ્રયાગ ત્રિવેણી ગયાં. રાજાએ તો રાજારાણીના સ્નાન માટે ત્રિવેણીજલ સ્નાન કરવા પડદાની આડશ ગોઠવી. અંતદર્શનમાં બાધા ઉપસ્થિત કરવા પડદામાં જ સ્નાન કરવું પડ્યું. અત્યંત દુઃખી રાણીએ અંતદર્શનમાં બાધા થવાથી બૌધિક બંધનને તિરસ્કારતાં શ્રી ત્રિવેણીજી પાસે માંગ્યું હવે પછી મા ! મને નીચ કુળમાં જન્મ આપજે. હું કુરૂપ થાઉં જેથી ભગવત્-ભાગવત-ચરણોમાં મારો પ્રેમ થાય. તે રાણી બીજા જન્મમાં શબરી જન્મધારણ કર્યો.

શરીર અને સમાજ માનવજન્મમાં આગંતુક ધર્મો છે. તેની સાથે



ભક્તિ ધર્મનો સંઘર્ષ થાય ત્યારે પરમધર્મ પોષાય છે.

જે શરીર, અવસ્થાથી પ્રભુ-શ્યામસુંદર પ્રીતિ થાય તે સાચું જીવન છે. તેવી રીતે રાણીજીએ માગેલી યોનિ-કુરૂપતાને જ ભક્તિ ભાવ ઈ કળાભૂંસડીયે તે માટે જ કાક શરીર માંગ્યું.

શબરીજીનાં લગ્ન લેવાયાં. પિતા ભીલ હતા તેમણે જાતિ રિવાજ પ્રમાણે અનેક પશું બાંધી રાખેલાં જોઈ પૂછ્યું તો જણાયું કે, જાનૈયાઓને માંસ ભક્ષણ માટે પશું બાંધ્યાં છે જે ભોગ આપી આવી. દયાર્દ હૃદયથી પરોપકારભાવે મૂંગાં પશુએ આશીર્વાદ આપ્યા. તમે અમારા બંધન કાપ્યા તો પ્રભુ તમારા બંધન કાપશે જ. તમે અમારી રક્ષા કરી છે. તમારી રક્ષા ભગવાન કરશે.

શબરીના પૂણ્યનો ઉદય થયો. રાત્રિ પસાર થતી હતી તેના હૃદયમાં વૈરાગ્યભાવ વધવા લાગ્યો. સવારે લગ્ન થવાનાં હતાં. લગ્નના બંધનથી બંધાઈને જીવન સંસાર ભોગવવા કરતા શ્રી હરિ દર્શન માટે જીવન પસાર કરવું યોગ્ય છે. જેથી રાત્રિના ત્રીજા પ્રહરે શબરી ભગવતકૃપા ભક્તિ માટે ભાગી નીકળી. વનમાં ભજન કરવાનો નિર્ણય કર્યો જગપ્રપંચથી દૂર રહેવા મળે.

શબરીબાઈ સંતોના આશ્રમમાં રાતે છૂપાઈ જાય છે. તે સેવા કરે છે. નીચી જાતીની હોવાથી સંતોની પ્રગટ સેવાથી સંતો ક્રોધિત થાય તો સવારે જાગીને સંતો- ઋષિઓ જુએ છે તો આશ્રમની બાજુના સરોવર સુધીનો રસ્તો વાળેલો છે. હવન માટે લાકડાં તૈયાર પડેલાં છે. ઋષિઓ

રાજી થાય છે. કોઈએ સેવિકા શબરીને જોઈ નથી. કોણ સેવા કરે છે? મતંગઋષિ પરમવિરક્ત સેવાની ચોકી કરતા હતા. તે પ્રેમીનાં દર્શન કરવા 'તેને પકડો'ની આજ્ઞાથી મતંગજીના શિષ્યો પહેરો ભરતા હતા. જેવો મધ્યરાત્રિએ શબરીએ લાકડાનો ભારો મૂક્યો કે તેને શિષ્યોએ પકડી પાડી. ભયભીત-સંકોચવશ તે પગે પડવા લાગી. તે દશ્ય જોઈ માતંગઋષિની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. માતંગઋષિને એટલો પ્રેમ થયો કે તેમને મન-માગી વસ્તુ મળી ગઈ તે વાણીથી કહી શકતા નથી.

માતંગ અલંગ હતા. પ્રભુરસરંગમાં ડૂબેલા હતા.

*'મન મતંગ કો વશ કરે જગતે રહે અસંગ ।*
*તિનહી પૈ આછો ચઢૈ હરિ ઈતિ રસકો રંગ ॥'*

જે ભગવાનનું કાર્ય કરે, જે ભગવાનને ઉત્કૃષ્ણ શ્રેષ્ઠ માને, જે ભગવાનને શરણે છે. બીજી કોઈ આશક્તિ નથી. કોઈને પ્રત્યે વેર નથી તે જ મને (શ્યામસુંદર)ને પામે છે.

*સુર નર મુનિ શબકી યહ રીતિ ।*
*સ્વારથ લાગિ કરહિં સબ પ્રીતિ ॥*

માતંગઋષિને શબરીમાં શ્રેષ્ઠ ભક્તિ દેખાઈ જેણે પ્રેમાશ્રુ વહેવડાવ્યાં.લાકડા સાથે પકડાયેલી શબરી માથા ઉપર ભારો હતો. બગલમાં ખાખરાના પાનનાં પતરાળાં હતાં. હાથમાં સાવરણી હતી. તે દ્રશ્ય જોઈ ઋષિ પ્રેમવિભોર બન્યા. ઋષિ માતંગના દર્શનથી શબરીની



આંખમાં પ્રેમાશ્રુ વહેતાં હતાં. ઋષિને ખ્યાલ આવ્યો કે શબરીના મનમાં પોતે અપવિત્ર-હીન જાતિની છે તેની વ્યથા છે. તેનો ઉપાય ઋષિએ કર્યો. ઋષિ ભગવદ્ભાવ ભક્તિને જાણતા હતા. ભક્તિપ્રતાપથી શબરી એટલી પવિત્ર છે કે તેના ઉપર કોટિ બ્રાહ્મણના ન્યોછાવર થાય.

શબરીને ઋષિ માતંગે પોતાના આશ્રમમાં જ રહેવા સ્થાન આપ્યું. શબરીના કાનમાં 'સીતા રામ' મંત્ર આપ્યો. તે જાણીને અન્ય ઋષિઓ ક્રોધિત થયા. માતંગને જાતિ બહિષ્કૃત કર્યા. માતંગજીને કોઈ જ દુઃખ ન થયું.

તપપૂર્ણ થતાં જ પ્રભુધામમાં જતાં ઋષિએ કહ્યું - શબરી હું પ્રભુના ધામાં જાઉં છું. તું આ આશ્રમમાં રહી ભજન કરજે. શ્રીરામદર્શનની પ્રાપ્તિ થશે.

જેમ વ્યાધનું આચરશ શું? ધ્રુવની ઉપર કઈ ગજસ્દની કઈ વિદ્યા, સુદામાજીનું કયુ ધન? કુલના પાસે કયું રૂપ તેમ છતાં વિદુરજીતો કોઈ વંશ નહીં તો પણ - નિર્બળ ઉગ્રસેન જેવા ભક્તિમય ભક્તો ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. પ્રભુ શ્રી હરિ તો ભક્તિથી જ પ્રસન્ન થાય છે. જે માંતગ ઋષિ શબરીની ભક્તિ જાણી.

ગુરુદેવની વિદાયથી શબરીને અપાર હૃદયદ્રાવક દુઃખ થયું. તેની ગણના ના થાય. તે જીવી શકે તેમ ન હતી. તે રામદર્શન આશાએ જ ગુરુ આજ્ઞાથી જીવતી રહી.

એક ચમત્કાર એવો છે કે એક પરોઢે સ્નાન કરવા જવાનો ઋષિમાર્ગ

વાળતી શબરીને ઋષિનો સ્પર્શ થયો. તો ઋષિએ ગાળો આપી અસ્પૃશ્ય કહી ધિક્કારી ઋષિને શબરી અડકી ગયેલી હોવાથી સ્નાન કરેલા ઋષિ બીજીવાર સ્નાન કરવા ગયા. જેવા સરોવરમાં સ્નાન કરવા ગયા તો સરોવરનું જળ લોહીવાળું કીડાવાળું બન્યું.

ઋષિનો ક્રોધએ ચાંગળ સ્વરૂપ છે. શ્રીરામદર્શનના આગમનમાં શબરી દિવસો વિતાવા લાગી. સરોવરનો માર્ગ સાફ કરવા લાગી. શ્રીરામની રાહ જોતી શબરીની હાલત અતિ વ્યાકુળ હતી. તે વૃક્ષનાં ફળને ચાખી ચાખીને મીઠાં ફળ રાખતી હતી.

ઉત્કંઠા વશ પ્રભુના આવવાના માર્ગને વાળતી પ્રભુની રાહ જોતી જોતી નજરો થાકી જતી. તેમ ઉપર નજર નાખી હાથની છાજલીથી દૂર દૂર સુધી જોયા જ કરતી. 'હમણાં શ્રીરામ આવશે.' હમણાં મારા તેમને દર્શનરૂપી અમૃતપાન કરાવશે.

એક દિવસ શબરીનાં જન્મોના ભાગ્ય ખૂલ્યાં. શ્રીરામજી આવ્યા તમામ શોક મરી ગયો. પોતે નીચ જાતિ માં ઉત્પન્ન થઈ છે તે સંકોચવશ ભાગીને છૂપાઈ ગઈ. તેને ભાગતી જોઈને ઋષિઓને રામે પૂછ્યું 'શબરી ક્યાં ગઈ?' તમે કોઈએ જોઈ છે?

શબરીનું સંતાવું... શબરી સંગે પ્રેમ વિવશ શ્રીરામનું પૂછવું જોઈને શ્રીરામને જોઈ બધા ઋષિ સ્તબ્ધ બન્યા.

ભક્ત શબરી વસ ભગવાન રામને જોઈ ઋષિઓ વિચાર મૂઢ બન્યા.



વનવાસી જાતિને પૂછતાં - ઋષિને પૂછતાં - શબરી ક્યાં રહે છે? ત્યાં શબરી ના જોઈ તો ભગવાન કહે ભાગ્યશાળી હરિ ભક્ત ક્યાં છે? મારાં નેત્ર તે હરિભક્તનાં દર્શન માટે પ્યાસાં છે.

આશ્રમમાં રામ પધાર્યા જાણી શબરી દોડી આવી. દૂરથી સાષ્ટાંગ પ્રણામ કર્યા. શબરીનાં નેણ પ્રફુલ્લીત બન્યાં.

ખુદ ભગવાને ઉતાવળા બનીને શબરીને ઉઠાવી લીધી. પ્રભુના કોમળ સ્પર્શથી શબરીની તમામ વ્યથા દૂર થઈ ગઈ. આનંદનાં આંસુ વહેવા લાગ્યાં જાણે અશ્રુસાગર ઊમટ્યો.

પરમસુખથી શ્રીરામ આસન ઉપર બીરાજ્યા. શબરીએ અર્ધ્ય પાદ્ય-પૂર્વક બોર આપ્યાં તો શ્રીરામજીએ પ્રેમથી ખાધાં.

તેના અદ્‌ભૂત સ્વાદની પ્રશંસા કરવા લાગ્યા. પ્રભુ કહેવા લાગ્યા. માર્ગનો શ્રમ અને દુઃક આ ફળ ખાવાથી મટી ગયો.

શબરીએ કહ્યું - મારું અભીપટ આજે પૂર્ણ થયું.

શબરીના પ્રેમ પ્રસાદને જનનીના પ્રેમરાગથી પીરસાયેલા ભોજન વખતે સાસુજી જમાડે છે ત્યારે યાદ કરતાં કહેલું કે જે પ્રેમ સ્વાદ શબરીના બોરમાં હતો તે સ્વાદ અત્રે યાદ આવે છે.

શ્રીરામના કહેવાથી લોહિયાળ થયેલ સરોવર જળ કીડાવાળુ બન્યું હતું તે શબરીના ચરણોના જળ સ્પર્શથી નિર્મળ થઈ ગયું. આ છે ભક્તિનો મહિમા.

ઋષિબાઈ હૃદય પ્રેમભાવથી દ્રવિત થઈ ગયા. જનજનમાં

બ્રાહ્મણોમાં ભક્તિનો મહિમા પ્રગટ થયો.

તે સ્થળ ઋષિઓની વિનંતીથી શ્રીરામે શબરી-નારાયણ મંદિર બનાવવા કહ્યું. આજે પણ તે સ્થળે ઊઊભું છે. સામે પંપાસરોવર છે. જે શબરીના નામ સ્મરણ શ્રીહરિની સેવકપૂજા દર્શન કરશે તેનું પ્રાયશ્ચિત સંભવે છે.

શબરીજીમાં નવધા ભક્તની નિષ્ઠા હતી. શ્રી રામના રાજ્યાભષેક વખતે ગુરૂ વશિષ્ટજીએ ચર્ચા કરી કે પ્રભુ ! આપને વનમાં કોઈ પ્રેમી મળેલા કે કેમ? ત્યારે જવાબમાં ક્રમશઃ ઋષિ મુનિ મિલનપ્રસંગમાં શબરીજીનો પ્રસંગ યાદ આવ્યો તો કહ્યું - ‘‘હા શબરી!’’ એમ કહેતાં જ શ્રીરામ મૂર્છિત થઈ ગયા. જ્યારે મૂર્છા પૂરી થઈ તો પૂછવામાં આવતાં શબરીનાં પ્રેમનું વર્ણન કરવામાં અધીર રહ્યા.



# ભક્તિમતી શ્રીકુન્તીજી

આ સંસારમાં માતા કુન્તીજી સમાન કોઈ જીવ નથી જે ભગવાન શ્રીકૃષ્ણ-શ્યામસુંદરમાં અનહદ પ્રીતિ કરી શકે. જીવ માત્ર વિપત્તિથી દૂર ભાગે છે. જ્યારે માતા કુન્તીજીએ તો શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ વધ્યા જ કરે હેતુથી વિપત્તિ ઉપર સદા વિપત્તિ માંગી જેથી શ્રીકૃષ્ણનાં દર્શન થાય.

માતા કુન્તીજીએ પ્રાર્થનાં કરી ‘‘હે લાલન! હું સદા તમારા શ્યામસુંદર સ્વરૂપના મુખનું દર્શન ઈચ્છું છું. વિના દર્શન મારા હૃદયમાં શૂળ ઉદ્ભવે છે. માટે આપ મારી પાસે રહી સદા દર્શન આપો. અથવા વિપત્તિ રૂપી વનવાસ આપો.’’

મા કુન્તીજીની વ્યાકુળતા જોઈને શ્યામસુંદર શ્રીકૃષ્ણનાં નેત્ર અશ્રુથી ભરાઈ ગયાં. દ્વારકા પ્રસ્થાન કરવાને બદલે પુનઃઈન્દ્રપ્રસ્થ આવ્યા. શ્રીકૃષ્ણ જ મા કુન્તીના તન,મન, અને પ્રાણ હતા. ‘‘ભૂમિનો ભાર ઉતારી ભગવાન શ્રીકૃષ્ણ નીજ ધામ ગયા.’’

આ સાંભળતાં જ શ્રીકૃષ્ણ વિયોગમાં ના સહેવાતાં મા કુન્તીજીએ દેહ છોડ્યો. મા કુન્તીજી ભગવદ્ ધામ ચાલ્યાં ગયાં.

માતા કુન્તીજીમાં શ્યામસુંદરમાં અતિઅનુરાગ હતો. મા કુન્તી સેવાનિષ્ઠા, પતિપરાયણતા, અદ્‌ભૂત ત્યાગી જીવન, ન્યાયીપણું, માતૃત્વ, મહાનનારીત્વ, બ્રાહ્મણ શક્તિ, ક્ષત્રિયગુણો, અનાશક્તિ ગુણ હતા. ઉપરાંત મા કુન્તી સત્યવાદી, સત્યશીલ પણ હતાં.

કુન્તામાતાનો જન્મ રાજા કુન્તીભોજ દત્તકપુત્રીને ત્યાં થયો તેમની માતાનું નામ સિધ્ધિ હતું જે દૈવીઅંશ હતાં. તેમના પિતાનું નામ સૂરસેન હતું. તેમના ભાઈનું નામ વાસુદેવ હતું. જે શ્રીકૃષ્ણના પિતા થાય. તેઓ પાંડવનાં માત હતાં.

મહર્ષિ દુર્વાસા જેવા ક્રોધી તપસ્વીની સેવા પિતા સૂરસેનના કહેવાથી કરવા લાગ્યાં.

મહર્ષિ દુર્વાસાના અતિપ્રયત્નો છતાં કુંતીમાં કોઈ દુર્ગુણ જોવા ના મળ્યા. કોઈ ક્ષતિ-ભૂલ ના મળી તો મહર્ષિએ વરદાન માંગવા કહ્યું. તો નિષ્કામ હૃદયા કુંતાએ ઋષિની પ્રસન્નતા જ માંગી. ત્યારે ના માંગવા છતાં દુર્વાસાએ અથર્વવેદના શિરોભાગના મંત્રો આપ્યા. તેમણે કહ્યું, 'જે જે દેવતાઓનું આહ્‌વાન થશે જેનું પરિણામ રૂપે પાંચ પૂત્રનો જન્મ થયો.'

લાક્ષાગૃહમાંથી કુંતી પાંચ પૂત્રો સાથે અંકચક્રામાં બ્રાહ્મણ પરિવારને ત્યાં રહેવા લાગ્યાં. બ્રાહ્મણ પરિવારની વિકટ દુઃખ સ્થિતિ જાણી કુંતા વ્યાકુળ થયાં. તેમનાથી ના રહેવાયું. વ્હાલા પુત્ર ભીમસેનને ભોગે



બકાસૂરથી પરિવારને જ બચાવવું. આ બ્રાહ્મણ ભક્તિનો ઉત્તમ દ્દષ્ટાંત છે.

નિશ્ચિત પુરુષ સમયે ક્ષાત્રધર્મને શોભે તેમ ઓજસ્વી સંદેશ મોકલ્યો- ''હે પુત્રો! જે કાર્ય માટે ક્ષત્રિયાણી પુત્ર ઉત્પન્ન કરે છે. તે કાર્યનો અવસર આવી ગયો. તમે આ પ્રસંગ મારું દુધ ના લજવતા.''

મા કુન્તીજી મંગલ કામના પૂત્રો સાથે હતી તેથી તેમનો વિજય થયો.

રાજા યુધિષ્ઠિરનો રાજ્યભિષેક થયો. કુંન્તીજી રાજમાતા બન્યાં તો પણ સમસ્ત ગૌરવ રાજ્ય-ભોગ-વૈભવ છોડ્યાં. તે શ્રીકૃષ્ણની ભક્તિમાં જ મગ્ન રહ્યાં. પુત્ર વિયોગ વેઠી દુઃખી જેઠ-જેઠાણીની સેવાનો ભાર સ્વીકારીને વનમાં ગયાં. દાવાનળમાં જેઠ-જેઠાણી સાથે જીવન સમર્પણ કર્યું.

ભગવાન શ્રી કૃષ્ણ યુધિષ્ઠિરના રાજ્યાભિષેક પછી દ્વારકા જવા નીકળ્યા. ત્યારે શ્રી કૃષ્ણ દર્શન કરતાં જ તેમના નિર્મળ હૃદયના ભાવભર્યા ઉદ્‌ગારો નીકળ્યા.

*કૃષ્ણાય વાસુદેવાય દેવકીનન્દનાય ચ*
*નન્દગોપકુમારાય ગોવિન્દાય નમો નમઃ ।।*

મા કુંતીની આ સ્તુતિ સાંભળી પ્રભુથી કૃષ્ણ પ્રસન્ન થયા. કરુણાવરુણાલયશ્રી કૃષ્ણ કુંતીના હૃદય ભાવ અનુભવતાં શ્રી કૃષ્ણ બોલી ઊઠ્યા - ''ફઈબાજી! આપ આજ્ઞા કરો. બોલો હું આપનું શું પ્રિય કાર્ય

કરું?"

ભક્ત-વાંચ્યું-કલ્પતરું ભગવાન શ્યામસુંદર ના આ ઉદ્‌ગારથી બ્રહ્માદિ દેવતા સ્તબ્ધ થયા. તેઓ વિચારવા લાગ્યા કે જેણે કદાચ બ્રહ્મલોક, ઈન્દ્રલોક એવા કોઈપણ લોકની કામના કરશે તો આપને ભોગ-સ્થાન ભાન થઈશું તે મુંઝાવા લાગ્યા ત્યારે કુંતીની માગણીથી આશ્ચર્યમાં પડ્યા.

*વિપદઃ સન્તનાઃ શશ્યતત્રા તત્ર જગદ્‌ગુરો ।*

*ભવતો દર્શનં યત્સ્યદં પુનર્ભવ દર્શન ॥*

કુંતીના પતિ પાંડુ રાજા હતા. તે ધર્માત્મા હતા. ભૂલથી મૃગનું રૂપ ધારણ કરેલા કિન્દપમુનિની હત્યા થઈ ગઈ હતી. તે વિષાદમાં સર્વસ્વ છોડી વનમાં ચાલ્યા ગયા. દેવકુન્તી પતિભક્તા હતાં તે પણ તેમની સાથે વનમાં જ રહેવા લાગ્યાં. પતિનું મૃત્યુ થતાં. પુત્રોને માદ્રીને સોંપી સતી થવા નિર્ણય કર્યો. પરંતુ માદ્રીએ કહ્યું કે મારા કારણે જ મહારાજનો સ્વર્ગવાસ થયો હોવાથી હું સતી થઈશ, તમે મારા બાળકો સંભાળજો. જીવનભર પોતાના પુત્રોની સાથે માદ્રીના પુત્રો સહદેવ-નકુલને પોતાના માન્યા. કોઈ જ ભેદ ના રાખ્યો.

સહદેવ નકુલનો જન્મ દુર્વાસા કૃત મંત્રોથી થયો હતો. જે મંત્ર તેમને માદ્રીને આપીને તેની ઈચ્છાપૂર્ણ કરી હતી.

મા કુન્તા દુર્યોધનના અત્યાચાર ચૂપચાપ સહન કરતાં. પોતાના કષ્ટને સહેતાં પણ બીજાના કષ્ટને ક્યારેય સહન કરી શકતાં નહિં, માતાએ ક્યારેય સુખચેન ભોગવ્યાં નથી. પાંડુરાજ સાથે લગ્ન થયાં તો વિપત્તિઓનો



સામનો કરવાનો સમય આવ્યો. પતિ રોગી હતી તેથી વનમાં રહેવું પડ્યું. ત્યાંજ પુત્રોનો જન્મ થયો. પુત્ર કોની દેખભાળ કરવી. થોડો સમય હસ્તીનાપુર રહ્યાં ત્યાં બીજાના આશ્રિત બનીને જ લાક્ષાગૃહમાં ફસાયાં. ભીક્ષા માંગી રાંધી જીવન ચલાવ્યું. યુધિષ્ઠિર જુગારમાં હાર્યા વનવાસી બન્યાં. વિદુરને ઘેર જેમ-તેમ જીવન વિતાવ્યું. યુધ્ધમાં પરિવાર સંહાર થયો. રાજ્ય સુખ વખતે ભોગ છોડી જીવનભર દુઃખ મળ્યું. જેઠ-જેઠાણીના દુઃખમાં ભાગીદાર બનવા વનવાસ કર્યો. જંગલમાં આગ લાગતાં પ્રાણ છોડ્યા.

વિપ્રતિ વિપત્તિ નથી, સંપત્તિ પણ સંપત્તિ નથી શ્રી હરિનું સ્મરણ સંપત્તિ છે તેમનું વિસ્મરણ વિપત્તિ છે. તેમને શ્રીહરિનું વિસ્મરણ ક્યારેય થયું નથી. વાસ્તવિક સ્થિતિમાં સદા સુખી જ છે. અંતમાં કુંતીની અભિલાષ અદ્‌ભૂત હતી. સ્વકર્મફળ નિર્દિષ્ટાં યાં યાં યોનિં પ્રજામ્યહમ્ ।
તસ્યાં તસ્યાં હ્રષીકેશ ત્વયિ ભક્તિ રઢાસ્તું મે ॥

મારા કર્મફળને કારણે જે જે યોનિમાં હું જન્મધારણ કરું તે તે યોનિમાં હે ! હ્રષીકેશ! તમારા વિષે મને દઢ ભક્તિ થાઓ.

# ભક્ત અજામિલજી

યોગભ્રષ્ટ અજામિલજી કનોજના બ્રાહ્મણને ત્યાં જન્મધારણ કર્યો હતો. તેઓ પુરાણ, વેદશાસ્ત્રના વિદ્વાન હતા. તેઓ શીલ, સદાચાર અને સદ્‌ગુણોનો ભંડાર હતા. તેઓ બ્રહ્મવાદી, વિદ્વાન, જિતેન્દ્રીય, સત્યનિષ્ઠ અને મંત્રવેત્તા હતા. તેમને ગુરૂ, અગ્નિ, અતિથિ અને વૃધ્ધોની સેવા ખૂબ કરી હતી. ક્યારેય કોઈનો દોષ જોતા નહીં જીવમાત્રનું હિત ઈચ્છતા હતા. અજામિલનાં લગ્ન બ્રાહ્મણ કુળમાં થયાં હતાં. એક સમયે પિતાની આજ્ઞા પ્રમાણે વનમાં ફૂલ, ફળ, લક્ષધિ અને દર્ભ લઈને આવતા હતા, ત્યારે અત્યંત કાળી, નિર્લજ્જ પતિત સુરાપાન કરેલો શુદ્ર દારૂપીને વેશ્યા સાથે અશ્લીલ ચેષ્ટ કરતો હતો. બંન્ને નશામાં હતાં. જેથી સુધ-બુધ ગુમાવી ચૂક્યાં હતાં. અતિકામોપોક ચેષ્ટા કરતાં જોઈને અજામિલ મોહિત અને કામવશ થયા. માયા બળવાન છે જેથી અજામિલ જેવા વિદ્વાન, સદ્‌ગુણી બ્રાહ્મણના સર્વને તિલાંજલી આપી વિષયવશ થયા. જેના



સ્મરણથી સંતાપ અને દેખવાથી ઉન્માદ વધારે છે. સ્પર્શથી ચેષ્ટા નષ્ટ થઈ ગઈ હતી. તેમણે અતિસુંદર વસ્ત્રાભૂષણ લાવવા પિતાની બધી સંપત્તિ ખર્ચી નાંખી. અજામિલ એટલે અજામાયા - માયાને મેળવેલો યથાર્થ થયું.

અજામિલને તિરછી નજરનાં બાણ મારનાર વેશ્યાએ એવા મોહપાશમાં બાંધ્યા કે તેમણે તેમની પત્નીનો પણ ત્યાગ કર્યો. બ્રાહ્મણ માટે મદિરાપાન નિષેધ છે તે પણ પીવા લાગ્યા.

યૌવન, મદિરાપાન, તરુણ સ્ત્રીના અહમને પ્રાપ્ત થવાથી એક પણ પાપથી ના બચ્યા.

અજામિલમાં, દારૂ, વેશ્યા સંગ, અભક્ષ્ય, ભક્ષણ, ચોરી વગેરે પ્રવેશ્યાં.

એક દિવસ સંતોની જમાત તેમના ગામમાં આવી. તેમાં મુનિ પરાશરજી હતા. તેમને સંતસેવી ભક્તનું ઘર શોધવા લાગ્યા. જેથી શ્રીઠાકુરજી સેવા, પૂજા, વિશ્રામ અને પ્રસાદની અનુકુળતા રહે.

એક દુષ્ટે મજાકમાં કહ્યું - ''હા! અહીં અજામિલનામે મહાન સાધુ છે. સંતસેવી છે ત્યાં જાઓ. અજામિલને ઘેર મુનિ પરાશરજી ગયા. તેમનાં દર્શન માત્રથી વેશ્યા અને અજામિલની બુદ્ધિ સાત્ત્વિક થઈ.

અજામિલને ઘેર સંતો ગયા તો અજામિલ બહાર ગયા હતા. તે વેશ્યા શૃંગાર કરતી હતી. તેના હાવ-ભાવ રંગ ઢંગ જોતાં જ ખબર પડી કે વેશ્યા છે. તો તેઓ પાછા જવા લાગ્યા. સંતદર્શન પ્રભાવથી વેશ્યા આગળ આવી ભાવ-ભક્તિ પૂર્વક વિનંતી કરવા લાગી. અને સંતોની

રોકી દીધા. વેશ્યામાં ભાવભક્તિથી સંતો રોકાઈ ગયા. પૂર્વજન્મના ઋષિ અજામિલ ઘેર આવ્યા ત્યારે ભાવભક્તિથી પૂર્વક પધારેલા સંતદર્શન થતાં ભક્ત બન્યા. સત્યવતી સાથે પરાશરના સમાગમ બારામાં ઋષિએ મશ્કરી કરેલી જેથી પરાશરના શાપથી ઋષિ અજમીલનો જન્મધારણ કરી વેશ્યાસંગમાં જીવન વિતાવતા હતા. સાધુ અજામિલની ઘરે આવવાની સંતો રાહ જોતા હતા. વેશ્યા સમજી ગઈ કે કોઈકે સાધુઓની મજાક કરી છે. જે સત્ય માની બેઠા. ઘેર આવીને સંતો જોતાં જ અજામિલે ઉતારાની વ્યવસ્થા કરી. બજારમાં જઈ સુંદર કંઠી માલા શિક્ષક પીતામ્બર ધોતી લઈને સંતો તેમના આવવાના માર્ગમાં ઊભા રહ્યા. વેશ્યાને ચિંતા થઈ કે દરરોજ મૃતક થશું. પક્ષી લઈને ઘેર આવતા બિહામણા રૂપવાળા અજામિલને સંતો જોશે તો? શું થશે? તેમ થશે તો ઉધ્ધાર થવો અસંભવ બનશે. મૃતક પશુ પક્ષીની સાથે લોહીથી ખરડાયેલા અજામિલ દારૂના નશામાં આવ્યા. તે બોલી - આ બધું ફેંકી દો. ઘેર સંતો સાધુ આવ્યા છે ત્યાં અજામિલે કહ્યું - સાધુ પાસે માલમત્તા છે? કે પછી લંગોટિયા?

વેશ્યાએ અજામિલને સ્નાન કરાવ્યું. વૈષ્ણવવેશ બનાવ્યો. કંઠી, માળા, તિલક, પિતાંબરથી સુસજ્જ કર્યા. મૌન રહી નમસ્કાર કરવા કહ્યું - વેશ્યામાં આશક્ત અજામિલે બધી વાત માની. સંતોને જોઈ મૌન ભાવે નમસ્કાર કર્યા. સંતોથી અજામિલ અને વેશ્યાની વાસ્તવિક સ્થિતિ છૂપી ના રહી.

બંન્નેએ પોતાની આપવીતી સંભળાવી. સંતોએ કહ્યું - તારે ત્યાં



પૂત્ર જન્મ થશે તેનું નામ નારાયણ પાડજે. વેશ્યામાં આશક્ત અજામિલ પૂત્રના નામના સ્મરણથી નારાયણ સ્મરણ કરશે જ. સંસાર બંધનથી મૂક્તિ માટે 'નારાયણ' સ્મરણથી બીજું શું હોય? ભગવાનથી અતિરિક્ત બીજો કોઈ પ્રાયશ્ચિતનો માર્ગ નથી. ગીતામાં કહ્યું છે જે આશ્ચર્યથી, ભયથી, શોકથી, ચોરથી પણ જે શ્રીહરિનું નામ લે છે. તે સ્મરણ કરે છે તેને પરમ્ગતિ મળે છે.

પૂત્ર મોહમાં આશક્ત અજામિલ અને સ્ત્રી ઉંમર એક્યાસી વર્ષની થઈ છે. મૃત્યુ નજીક છે. યમદૂતોની આકૃતિઓ દેખાઈ રહી છે. તે તેમના પૂત્ર નારાયણને કરુણ સ્વરે પોકારવા લાગ્યા. નારાયણ ! નારાયણ! તે નામ સાંભળતાં શ્રી વિષ્ણુના પાર્ષદ દોડી આવ્યા. થયેલાં ઘેલી અજામિલની ફાંસી તોડી. તેનું કારણ જણાવતાં યમદૂતોને પાર્ષદોએ કહ્યું ધર્મનું રહસ્ય પામી અજામિલને લઈ જવા ઈચ્છતા યમદૂતો સામે પાર્ષદોએ સંઘર્ષ કર્યો. યમદૂતો ભાગ્યા. ધર્મરાજને ફરિયાદ કરી. ધર્મરાજા ગુસ્સે થયાને કહ્યું. તમારા ઉપર વીજળી પડી. હવેથી સાવધાન થવાનું ગમે તે પ્રકારે ગમે ત્યાં ભગવાનનું સ્મરણ થતું હોય તો તમારે ત્યાં નહીં જવાનું. તમે તમારા કલ્યાણ માટે શ્રી હરિ નામ અને યશનું ગાન કરો. અજામિલને દશ પૂત્રો હતા. અજામિલે પાર્ષદોના દર્શન કર્યા. તેમના મૂખે દિવ્ય ભાગવત ધર્મ-સત્સંગ સાંભળ્યો. ત્યાં જ અજામિલમાં ભાગવત્ ભક્તિનો ઉદય થયો. તેને કરેલા પાપોથી ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો બાકીનું જીવન હરદ્વારમાં ભજન-પરાયણમાં પસાર કરવાનું નક્કિ કર્યું. ભક્તિમય ભજન પરાયણમાં

પસાર કરવાનું નક્કિ કર્યું. ભક્તિમય ભજન પરાયણમાં જીવન વિતાવતા અજામિલને લેવા માટે વિમાન આવ્યું તેવો વૈકુંઠમાં ગયા.

કહેવાય છે કે શ્રી હરિદ્વારથી અજામિલ વ્રજધામ આવ્યા. ત્યાં ઘેર ઘેર ટૂકડો શેરી માંગી ખાઈને શ્રીકૃષ્ણ પ્રેમમાં ઝૂમી ઝૂમી આનંદ મસ્તીમાં ભક્તિનું આસ્વાદન કરતા હતા.



# ભક્ત રૈદાસજી

સંત-શિરોમણીની વાણી સદાચાર (સ્મૃતિ) ને વેદશાસ્ત્રોને અનુકૂળ છે.

નીર-ક્ષીર, સત્-અસત્નું વિવેચન-વિવરણ છે. તેમણે પરમ્હંસોનો ભાવ હૃદયમાં ધારણ કર્યો છે.

ભક્ત રૈદાસ ચમાર જ્ઞાતિના હતા. તેમણે મર્ત્ય શરીરથી ભગવાનની કૃપા અને પરમશ્રેષ્ઠ ગતિ ધારણ કરી.

રાજસિંહાસન ઉપર બેસી પોતાની સોનાની જનોઈ બતાવીને પૂર્વજન્મમાં બ્રાહ્મણ જાતિના હતા તે બતાવ્યું.

મહાન પુરુષોએ પોતાના ઉચ્ચ વર્ણ અને આશ્રમના અભિમાનને છોડી જેની ચરણધૂળની વંદના કરી. શંકાઓનું ખંડન કર્યું. તેઓ અતિ ચતુર હતા. રૈદાસજી જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનું રહસ્ય જાણતા હતા. તેઓ પરમતત્ત્વના જ્ઞાતા હતા.

શૂદ્ર શરીરમાં આપનો પ્રભાવ એવો હતો કે આ સાક્ષાત ધર્મનો અવતાર હતા.

તેઓ આચાર્ય રામાનંદજીના શિષ્ય હતા. ઠાકોરજીને ભોગ લગાવા બ્રાહ્મણો ના ઘેરથી ચપટી ચપટી લોટ માંગી લાવતા. સાધુ સેવા કરતા હતા. માર્ગમાં વાણિયાની દુકાન આવતી તે વણિક કહેતો. મારું સીધું સ્વીકાર કરો. આમ દશ-વીસ વાર કહ્યું. નિયમ વિરુદ્ધ તેમણે તે ના સ્વીકાર્યું. એક દિવસ અતિવર્ષા થઈ. ચપટી માંગી લાવવું અસંભવ હતું. જેથી તે વણિક પાસે જરૂર જેટલી આવશ્યક વસ્તુ લીધી. આચાર્યશ્રી રામાનંદજીએ ઠાકોરજીને થાળ ધરાવ્યો. ભોગ આરોગતાં શ્રી ઠાકોરજી ધ્યાનમાં આવ્યા જેથી રામાનંદજીએ પૂછ્યું આ ભિક્ષા ક્યાંથી લાવ્યા?

ઉત્તરમાં રૈદાસજીએ કહ્યું-વણિક પાસેથી. તેની અંગત વિગત જાણવા કહ્યું.

તો ખબર પડી કે ચમારની પ્રેરણાથી આવ્યા હતા. તેથી ભગવાન જમતા નથી.

આચાર્ય રામાનંદજીએ શાપ આપ્યો કે મારી વાત માની નહીં તેથી તારો જન્મ ચમારને ત્યાં થશે. તે બ્રહ્મચારીનો બીજો જન્મ ચમાર જાતિમાં થયો તે જ આપણા ભક્ત રૈદાસજી.

વૈષ્ણવ ભક્તની ભિક્ષા સાત્ત્વિક હોય છે જ્યારે વણિક ભિક્ષા કામનાવાળી હતી. જે ભિક્ષા વણિકની હતી તે વણિક દ્વારા કાશીના ચમારે પૂત્રેચ્છા માટે વણિક મારફતે મોકલી હતી તેને પરમ્ ભાગવત્



પૂત્ર પ્રાપ્તિ થઈ.

માતાની ઈચ્છા રૈદાસજીને દૂધ પીવડાવવાની હતી. રૈદાસજી દૂધ પીતા ન હતા. બાળક રૈદાસજીને દૂધને અડકવાનું પણ ગમતું નહી. ગુરુદેવની ઉત્તમસેવા કૃપાને કારણે પૂર્વજન્મની બધી વાતો જાણતા હતા તે યાદ હતી. ભક્તિ તો જન્મો જન્મ તેમને છોડતી ન હતી. જડભરત નારદજી જેમ તેની સ્થૂળ કાયમ હતી.

રૈદાસજીનો જન્મ કાશીમાં વિ.સં. ૧૩૦૧માં પૂનમે થયો. પિતાનું નામ રઘુ હતું. માતાનું નામ ઘુરનિયાં હતું. તેમને એવું હતું કે એક વાર ચમારના ઘરનું અન્ન ખાવાથી આ ગતિ થઈ તો દૂધ પીવાથી શું થાય? કયો દંડ મળે?

એકવાર આકાશવાણી થઈ કે શાપને કારણે તમારો જન્મ રઘુને ત્યાં થયો છે.

એકવાર સ્વામી રામાનંદજી તેમને ત્યાં આવ્યાં. ચમાર રઘુ અને ઘુરનિયા તેમના ચરણમાં પડ્યાં. તેમણે પ્રાર્થના કરી કે પૂત્ર દૂધ પીતો નથી. કૃપા કરોતો બાળકનો ક્ષોભ જાણી તેને દીક્ષા આપી. દૂધ પીવાનું કહેતાં તે દૂધ પીવા લાગ્યા.

રૈદાસજી સંત હતા તે ભગવાન ભક્તોને પ્રેમ કરતા. સંત સેવામાં ધનનો ઉપયોગ કરતા. જેથી પિતા રઘુએ તેમને કાઢી મૂકી ઘર પછવાડે જમીન રહેવા આપી. પિતા રઘુ પાસે ઘણું રાચ-રચીલું હતું તેમાંનું તેને કંઈ ના આપ્યું. તેમની પત્નીને તો ઘણું સુખ થયું. તે ભજન તો છોડતા

નથી.

રૈદાસજીનો પિતાનો ધંધો જ કરતા પાકું ચામડું લાવીને જોડા બનાવતાં હતા. સાધુ-સંતો પહેરાવતા. પોતાની સેવા ક્યારેય પ્રગટ ન કરતા. ગુપ્ત રાખતા. તેમણે બનાવેલ છાપરામાં સંતો-સાધુ રહેતા. અને પોતે ઘર બહાર મેદાનમાં રહેતા. મજુરીના ધનથી અબલાસેવા કરતા.

અમૃતપળ અન્નના ભોજન-પ્રસાદ ગ્રહણ કરીને સનાતન બ્રહ્મ પામ્યા. ખુલ્લામાં રહેવાથી શરદી, ગરમી, વરસાદના કષ્ટો સહ્યા. પણ હૃદય સુખ હતું તે તો પ્રેમ રંગમાં રંગાયેલા હતા.

એક દિવસ ભગવાન ભક્તનો વેશ લઈ પધાર્યા. રૈદાસજીએ તો ખૂબ સ્વાગત કર્યુ. સત્કાર કર્યો. ખાન-પાન થી પ્રસન્ન થઈને સાધુરૂપી ભગવાને પારસમણિ આપ્યો. અને કહ્યું આને સાચવીને રાખજો.

મારું ધન તો શ્રીરામજી છે. ''આ પથ્થરથી મારુ કામ ના ચાલે'' હું તો સંત-ભગવંત સેવામાં મારું શરીર અર્પણ કરી દઉ.

પારસમણિનો અર્થ 'રાંપી'ને અડકાડી કર્યા તો તે રાંપી સોનાની થઈ. 'આપ રાખી લો જરૂર પડે ઉપયોગ કરજો.' સંત (ભગવાને) કહ્યું.

તમે હઠ કરો છો તો ઠાકોરજીના મંદિરમાં મૂકો. ઈચ્છા થાય ત્યારે કાઢીને લઈ જાજો.

સંત વેશ ધારી ભગવાનને આવેલા જાણી તે નાચવા લાગ્યા. પ્રેમભાવ જાણી ભગવાને જાતિ-બુદ્ધિ ન જાણી. તેમણે ભક્ત-ભગવાનની જાતિ એક જણાવી.



સાધુવેશ ધારી ભગવાન તેર માસે પછી પાછા રૈદાસજીને ત્યાં આવ્યા. ખૂબ પ્રેમથી બોલ્યા - ''કહો રૈદાસજી! પારસનો પ્રયોગ કરી શી શી સેવા કરી?''

રૈદાસે કહ્યું - આપ જ્યાં મૂકી ગયા છો ત્યાંથી લઈ લો. તેનાથી કામ લેવાનું મન નથી. મને તો ધનમાં વિશ્વાસ જ નથી. સોનાથી ડર લાગે છે.

રૈદાસની આવી વાત સાંભળી તે પારસ લઈ ચાલી ગયા.

ભગવાને પાછી નવી લીલા કરી. સવારે રૈદાસજી ઠાકોરજીની સેવામાં જતા હતા તો ત્યાં નિત્ય પાંચ મહોર મળતી. તે ચીપીયાથી પકડી ગંગામાં નાંખી દેતા. રૈદાસજીને તો ઠાકોરજીની સેવાનો ડર લાગવા લાગ્યો.

સ્વપ્નમાં ઠાકોરજીએ કહ્યું - તમે હઠ મૂકી દો. મારી જીત થવા દો. હું ઈચ્છું તેમ કરો.

અંતે રૈદાસજીએ ભગવાનની વાત માની. નિત્ય પ્રાપ્ત મહોરથી નવી ભૂમિ લીધી. વિશાળ સંત નિવાસ અને નૂતન મંદિર બનાવ્યુ. નિત્ય ભજન કિર્તન સેવા થી એવું જણાય કે ભક્તિ દેવી અહીં રોકાયાં છે. રોજ અનેક પ્રકારના વિભિન્ન ભોગ-રાગ થવા લાગ્યા. તે બ્રાહ્મણની ઈર્ષાનો ભોગ બન્યા. તેમના શરીરે દાહ થવા લાગ્યો. બિચારા રૈદાસ છાપરામાં રહેવા લાગ્યા. તેમણે મહેલ-માળિયા બનાવી ઐશ્વર્ય આવ્યું. તેને બ્રાહ્મણોને શીખવ્યું કે વિરોધ કરો.

બ્રાહ્મણો એ ભેગા મળી રાજાને કહ્યું. ફરિયાદ કરી. તે શુદ્ર છે. તે પૂજા કરે છે. આ અન્યાય છે. રોકો નહિતર રાજ્ય નષ્ટ થશે. રાજાએ રૈદાસને બોલાવ્યા. તેમનો ચમત્કાર જોઈ ન્યાય કર્યો.

તેમણે કહ્યું, ''તમે વેદ વિરુદ્ધ વર્તો છો.''

રૈદાસે કહ્યું, ''તે વિરુદ્ધ કે વર્તાય હું''

રાજાએ કહ્યું - ''શી ખાતરી?''

પરીક્ષા રૂપે બ્રાહ્મણ અને રૈદાસ વચ્ચે ભાગવત્ પધરાવ્યું. રાજાએ કહ્યું - 'જે પક્ષે પ્રભુ જાય તે પક્ષ સાચો' બન્યું એવું કે બ્રાહ્મણોએ વેદ સ્તુતિ કરી. રૈદાસે પ્રેમભર પદ ગાયું.

સિંહાસન સાથે ભગવાન રૈદાસને ગળે વળગ્યા. બ્રાહ્મણો લજ્જિત થયા.

ચિત્તોડનાં ઝાલારાણીએ કોઈગુરૂ પાસે મંત્ર ન લીધો હતો. તે કાશી આવીને રૈદાસનાં શિષ્યા થયાં. બ્રાહ્મણોએ રાજાને ફરિયાદ કરી કે ઝાલા રાણીએ ચમાર રૈદાસ પાસે મંત્ર દીક્ષા લીધી. તેને અધિકાર નથી.

રાજાએ પણ રૈદાસને બોલાવી મૂર્તિને સિંહાસનમાં બેસાડી કહ્યું કે જેનો મંત્ર દીક્ષાનો અધિકાર હશે તેની પાસે ભગવાન જશે. ત્યારે પણ ભગવાન સિંહાસન સાથે રૈદાસ પાસે ગયા.

સુનહુ રામકર સહજ સુન્નાઉ।<br>
જન અભિમાન ન રાખે કાઉં॥

ઝાલા રાણી કાશીથી ચિત્તોડ આવ્યાં ત્યારે ઘણા દિવસો પછી



રૈદાસજીને પ્રાર્થના કરી બોલાવવા માટે માણસ મોકલ્યો. સંદેશ કહેવડાવ્યો કે - ''પ્રભુ! આપે જે રીતે કાશીમાં મંત્ર પ્રદાન કરી મારું પ્રતિપાદન કર્યું. તે રીતે ચિત્તોડમાં પધારી કૃપા કરશો.''

રાણીનો સંદેશ મળતાં જ રૈદાસ ચિત્તોડમાં પધાર્યા. સંતો-માટે એક મોટા ભોજન સમારંભ રાખ્યો. તેમનું સ્વાગત કર્યું. ઘણાં બધાં વસ્ત્ર અને ધન આપ્યું. સો ભંડારામાં ઘણા બધા બ્રાહ્મણોએ ભંગરાનું ભોજન ન સ્વીકાર્યું. તેમને સીધાં-સામાન અપાયાં. બ્રાહ્મણો રસોઈ બનાવી ભોજન કરવા બેઠા. તો તેમને પંગતમાં બે બે બ્રાહ્મણ વચ્ચે રૈદાસ બેઠેલા જણાયા. તે ચમત્કાર જોઈ બ્રાહ્મણોની આંખો ખૂલી. કાશીના બ્રાહ્મણો તો આવો ચમત્કાર ગણી વાર જોઈ ચૂક્યા હતા. ચિત્તોડના બ્રાહ્મણો અપરિચિત હોવાથી તેમણે જમવાનો ઈન્કાર કર્યો. અહીં શૂદ્ર મુખ્યતા હતા. તેમનું સીધું અલગ અપાયું. ભોજન કરી લીધા બાદ આવો ચમત્કાર બન્યો. બધા દીનહિન વાણીમાં અપરાધ ક્ષમા કરવાની પ્રાર્થના કરવા લાગ્યા. સંતે રેદાસજીએ શરીરની ત્વચા ચીરી બધાને સોનાની જનોઈ બતાવી. તે દિવ્યપુરુષ છે.

એક દિવસ કાશીરાજે આવીને પ્રણામ કર્યા તો ચામડાં પલાળવાની કુંડીમાંથી ચરણામૃત કરીને જળ આપ્યું. રાજાએ કોટની બાંય ઉતારી જળ પીધું નહીં. પાણીનો ડાઘ કાઢવા ધોબીથી ડાઘ ચૂસ્યો તો પ્રભુમય સંસ્કાર સ્મરણ થયું. પ્રભુ પ્રતિતિ થઈ બીજી વાર રાજા ચરણામૃત આપવા રૈદાસને કહ્યું તો કહ્યું આજે તો કુંડીનું પાણી જ છે તે દિવસે ચરણામૃત હતું.

ગુરુ ગોરખનાથની મૂલાકાત રૈદાસ સાથે થઈ. તે તરસ્યા હતા. રૈદાસે કથરોટ-ચામડા પલાળવાની કુંડીનું જળ પાયું. તો તે ના પીધું. કમંડળમાં રાખ્યું. તે પછી ગોરખનાથ કબીરજીને ત્યાં ગયા. કબીરપૂત્રી કમાલીએ તે જળ પીધું. તેને દિવ્ય જ્ઞાન થયું. કમાલીનાં લગ્ન મૂલતાનમાં થયા. ફરતા ફરતા ગોરખનાથ કમાલીને ત્યાં મૂલતાન ગયા. તે કહેવા લાગ્યા કે કોઈ મારા ખપ્પરને ભરી આપે. ત્યાં ભોજન કરીશ. કમાલીનો પતિ સજ્જન હતો. તે તેની પત્ની પ્રેરણાથી ગોરખનાથજીને ઘેર લાવ્યો. ગોરખનાથજી કમાલીને ઓળખી ગયા. કમાલીએ એક ચમચો ભાત નાંખી ખપ્પર ભરી દીધું. ગોરખનાથ આ ચમત્કાર જોઈ દંગ થઈ ગયા. તેમણે કહ્યું 'કમાલી આ કમાલ કેવી રીતે શીખી?'

તો કમાલીએ કહ્યું - ''ખપ્પરમાં આપેલા રૈદાસ જળનો પ્રભાવ છે.''

ગોરખનાથ પાછા કાશીમાં રૈદાસજીને ત્યાં ગયા તેમણે કઠૌત-કુંડીના જળને પીવાની ઈચ્છા કરી. રૈદાસજીએ કહ્યું -

'પ્યાતે થે તબ પિયા નહીં જિન પિયા પિયા કી જાન લિયા ।
ભૂલા જોગી ફિરૈ દિવાના વહ પાની સુલ્તાન ગયા ।।'

એક પ્રસંગમાં ગંગાજીને ભેટ ધરવા એક બ્રાહ્મણે એ કેળાં મોકલ્યાં. રૈદાસજીએ ગંગાજીને ભેટ આપ્યાં તો ગંગાજીએ એક દિવ્યકંકણ રૈદાસજીને આપ્યાં. તે બ્રાહ્મણને કંકણ મોહ હતો તે જાણીને તે કંકણ બ્રાહ્મણને આપ્યાં. તે કંકણ બ્રાહ્મણે સોનીને વેચ્યું. સોની પાસેથી નગરશેઠે લીધુ. તે શેઠાણીને



રાણી બહેનપણી તેથી રાણીએ રાજાને કહ્યું - આવુ બીજુ કંકણ કરાવી આપો તો સોનીએ આવું નહીં બને તેમ કહ્યું. માહિતી મલી કે આ કંકણ તો રૈદાસજીએ બ્રાહ્મણને આપ્યું હતું. રાજાએ રૈદાસ પાસે કંકણ માગ્યું, અતિઆગ્રહવશ રૈદાસજીએ ગંગાજીને પ્રાર્થના કરતાં કુંડીમાં જ દિવ્ય હાથ પ્રગટ થયો. એવું કંકણ આપી હાથ અદશ્ય થયો. રૈદાસજીનો ચમત્કાર જોઈ બધા અને રાજા આશ્ચર્યમાં પડ્યા. આ પ્રભાવ ક્યાંથી આવ્યો તો ખબર પડી કે રૈદાસે જવાબ - આ મારી આજ્ઞાકારી પત્નીનો ચમત્કાર છે. તમે ઘરે જઈને કહો - ઘરમાં પડેલું પાંચ શેર ઘીપાત્ર સાથે નાંખી દે.

બ્રાહ્મણે ઘેર જઈ તેમજ કર્યું કે તમારા પતિએ કહ્યું છે 'ઘી ફેંકી દો.'

તો પત્નીએ તેમજ કર્યું.

જ્યારે બ્રાહ્મણે ઘરે જઈ ઘી ફેંકવા કહ્યું તો પત્ની ગુસ્સે થઈ બસ તે બ્રાહ્મણને વૈરાગ્ય થયો અને રૈદાસજીના સત્સંગમાં આવવા લાગ્યો. તે રામનામ રટવા લાગ્યો.

રૈદાસજીની ભક્તિભાવથી ચિત્તોડગઢમાં ઝાલારાણીએ શિષ્ય બન્યા પછી મીરાંબાઈ એ પણ ઉપદેશ ગ્રહણ કર્યો. તેમને ગુરુ કર્યા.

મીરાં મેરે સંત હૈ, મૈં સન્તન કી દાસ ।
ચેનન સંતા સેન થે દીસત ગુરુ રૈદાસ ।।

# ભક્તિ શિરોમણીશ્રી કબીરજી

ભક્ત કબીરજી ભક્તિ વગરના ષડ્દર્શન, વર્ણાશ્રમ ધર્મને માન્યતા આપતા નથી. તેવો ભક્તિથી વિરુધ્ધ ધર્મને અધર્મ કહેતા. ભજન વગરના યોગ, યજ્ઞ, વ્રત અને દાનને વ્યર્થ ગણ્યા છે. તેમણે તેમની સાખીમાં મત વિશેષનો પક્ષપાત નથી કર્યો. સર્વ કલ્યાણ માટે ઉપદેશ આપ્યો. તેઓ જ્ઞાન-પરાભક્તિની આનંદમયી અવસ્થામાં સ્થીર જ રહેતા. જગતના પ્રપંચથી દૂર રહેતા.

ભક્ત કબીરનો જન્મ વિ.સં. ૧૪૫૫માં જેઠ માસની પૂનમે થયો હતો. એક સમયે ક બ્રાહ્મણ કન્યા શ્રી રામાનંદચાર્યને ચરણ સ્પર્શ કરતી હતી તે સમયે તે કન્યાને 'પૂત્રવતી ભવ' આશીર્વાદ આપ્યા.

કન્યાએ કહ્યું - ''હું હજી કુંવારી છું''

તે શરમાઈ ગઈ. તે સમયે લક્ષ્મીજી કાશીમાં ફરતાં ફરતાં આવ્યાં હતાં. તે સમયે રામાનંદચાર્ય વિચારમાં હતા કે બ્રાહ્મણ કન્યાનો સંકોચ



કબીર દૂર કરશે. તે જ સમયે તે કન્યાના પાલવમાં પૂત્ર નાંખી કહ્યું 'સ્વામીજીના આશીર્વાદ અમોઘ છે. તારું કન્યાત્વ રક્ષીત રહેશે. રસ્તામાં ઘેર જતાં જતાં પાલવમાં જોયું તો ફૂલને બદલે બાળક હતું. લોકલાજવશ તે કન્યાએ એ બાળકને તળાવકાંઠે મૂક્યું. તે સમયે દૈવયોગે નીરુ-નામા વણકર દંપતી નીકળેલાં નામાએ આ બાળકને વાત્સલ્યભાવે ઉપાડી લીધું. તેથી તે બાળકના પાલક મા-પિતા નીરુ-નામા થયાં તે આપણા ભક્ત કબીરજી.'

સરળ હૃદયના કબીરને સમજ્યા વગર લોકો નિર્ગુણી શુષ્ક જ્ઞાની કહેતા. કબીરજી તો રામાનંદચાર્યજીના ભક્તિપર્વતક શિષ્ય હતાં.

હરિરામે એક વખત કબીરને ''જ્ઞાની છે તે નીકુંજલીલા શું જાણે?'' કહ્યું તો સ્વપ્નમાં હંમેશ શ્યામસુંદર ધ્યાનમાં આવતાં તે ન આવ્યાં. તો ચિંતામાં પડ્યા તે હરિવંશ પાસે દોડ્યા. તેમણે કહ્યું - તમારાથી કોઈ ભક્ત અપરાધ થયો છે. કબીર વિશે વાત કરી. હરિરામે જમુના કાંઠે કબીરજીની માફી માંગી. હરિરામે ગાયું.

ક્લી મેં સાચો ભક્ત કબીર ।

જલતે હરિચરનન રતિઉપજી તબતે સુન્યો નસીર ।

પદ પૂરુ થતાં યમુનાજીમાં કબીરજી પ્રગટ થયાં. વ્યાસજીએ દંડવત્ પ્રણામ કર્યા. તેમની ભક્તિમાં બધા રસોનું પ્રતિપાદન છે. શાની રસ, દાસ્યરસ, સખ્યરસ, વાત્સલ્યરસ, શૃંગારરસ. આપ ભક્તિના બધા રસના મર્મરી છો.

કબીરજીની ભક્તિના પ્રભાવે તેમની પાછળ પાછળ શ્યામસુંદર ડોલે છે.
કબીરજીની બુધ્ધિ અતિગંભીર હતી.
તેમની પ્રેમરસભીની ઉક્તિ અદ્‌ભૂત હતી.

*રંકબિરા કબિરા ક્યૂં કહૈ, જા જમુનાકે તીર ।*
*એક ગોપી કે પ્રેમમેં બાહિ ગયે કોટિ કબીર ॥*

પ્રેમ ભક્તિથી ભરપૂર હૃદયી કબીરજી જાતિ-યોનિના વિવાદમાં પડ્યા વગર ત્યાગ કરી ચૂક્યા. તે દિવસે આકાશવાણી થઈ “હે કબીરજી ! આપ પોતાના શરીર ઉપર તિલક કરો અને રામાનંદજીને ગુરૂ બનાવો. ગળામાં તુલસીમાળા ધારણ કરો.” તે સાંભળતાં જ કબીરે કહ્યું ‘હું તેમની પાસે મંત્ર દીક્ષા લઈ કઈ રીતે લઉં.’

તો આકાશવાણી થઈ “જ્યારે ગંગાસ્નાન માટે જાય તે વખતે રસ્તામાં જાતને તેમના ચરણમાં નાંખી દેજો.” સ્વામી રામાનંદજીતો બ્રહ્મમૂહુર્તમાં ભાવાવેશમાં ધ્યાનમગ્ન અવસ્થામાં ગંગાસ્નાન કરવા જતા હતા. કબીરજી તો ગંગા ઘાટની પગથી ઉપર સૂઈ ગયા. સ્વામીજી આવ્યા. તેમનો શ્રીચરણ મસ્તક ઉપર પડ્યો. અચાનક નીકળી પડ્યું ‘રામ-રામ કહો!’ કબીરજીએ રામનામને મંત્ર દીક્ષા ગ્રહણ કરી.

રાત દિવસ રામનામ જપતા જોઈને માતાજીને ઘણો ઉત્પાત થયો. માતાજી કકળાટ કરવા લાગ્યા કે મારા પૂત્રને કોઈએ હિન્દુનો મહારાવ બનાવવો. રામાનંદજીએ જાણ્યું રામાનંદજીને માતાએ કહ્યું. તેનો કોઈ પૂછે છે કે તમે કોના શિષ્ય છો તો કહે છે રામાનંદજીના.



બજારમાં જતા ને કોઈ કહેતા આ શું છે તો કહેતા ‘ગુરૂભાઈ છે. હું ૧૦૦૮ શ્રી રામાનંદજીનો કૃપાપાત્ર છું.’

સ્વામીજીને કહેવાથી તેને પકડી લવાયા. પડદા પાછળ રહી સ્વામીજીએ કહ્યું - અમે તમને ક્યારે શિષ્ય બનાવ્યા? તો કબીરજીએ ગંગાધરની પગથી વાળી વાત કરી. શ્રીરામનામ મહામંત્ર છે. તંત્રવિદ્યામાં પણ આજ લખ્યું છે.

કબીરજી જીવન નિર્વાહ માટે કાપડ વણતા તેમનું હૃદય તો રામનામના જપથી પુંજ્યા કરતું. રામજી તેના હૃદયમાં લીલા કરતા, તેમની ઉપાસનાનું વર્ણન કરવું. વાણીથી કરવું તે તો અશક્ય છે. અનુભવથી જ થાય. કપડાં પરિવારના નિર્વાહ પૂરતાં જ વણતા. માત્ર ભક્તિ જ તેમને પ્રિય લાગી.

એક દિવસ બજારમાં કપડાં વેચવા ઊભા હતા તો કોઈ સાધુએ આવી કાપડ માંગ્યું. કહ્યું મારી શરીર ઊગાડું છે.

કબીરજી અડધો તાકો ફાડી આપવા લાગ્યા. તો તે સાધુએ કહ્યું - અડધાથી નહી ચાલે.

કબીરજીએ કહ્યું - “તમે પૂરો તાકો લેવાનો નિશ્ચય કર્યો છે તો પૂરો તાકો લઈ લો.”

કબીરજીના ઘરમાં ભોજન ચીજનો અભાવ હતો. પત્ની, મા, પુત્ર વગેરે રાહ જોતાં કહેતાં કે કબીરજી આવીને કાપડ વેચી ચીજવસ્તુ લાવશે. બધાં ભૂખ્યાં હતાં. કબીરજી કાપડ વેચી સૂતર લાવતા અને

બાકીની રકમમાંથી ઘરનિર્વાહ કરતા હતા. કબીરજી વિચારમાં પડ્યા ઘેર જઈ શું કરવું. બધા ભૂખ્યા હશે. તેઓ બજારમાં ક્યાંક સંતાઈ ગયા. ત્યારે યુક્તિ પૂર્વક તાકો તો સાધુને આપ્યો. કરુણાનિધાન ભગવાને કબીરની સાચી ભક્તિ જાણી. શ્યામસુંદર શ્રીરામને ચિંતા થઈ. ત્રણ દિવસ ગયા. કબીરજી ઘેર ના આવ્યા ભગવાન વેપારી બન્યા. બળદ ઉપર ઘણો સામાન ભરી લાવ્યા. તેમણે કબીરજીના ઘરમાં મૂકી દીધો. કહ્યું - આ ચીજવસ્તુ સગવડ માટે છે. તમે તેનો ઉપયોગ કરો. આરામથી નિર્વાહ કરીને ભૂખ્યા પરિવારના ભરણપોષણની ચિંતા થઈ. વેપારી બની શ્રી રામ પગ બળદની પોતે ભરી ને ઘર નિર્વાહનો સામાન લાવ્યા હતા. છાપરું ફાટી જાય તેટલું બધું આપ્યું. નામ પૂછ્યુ તો કહ્યું - ‘‘કેશો વણજારો.’’ વણજારાનું રૂપનું શું કહેવું? વાત ના પૂછો. અતિતમ્ સુંદર રૂપ. જોતા જ રહી જઈએ. કાશીના બજારમાં કોઈ પૂછે કે આટલો બધો સામાન કોનો છે તો ગર્જીને કહેતા - કબીરસાહેબનો માલ છે. લોકોને આશ્ચર્ય થતું હતું. હાકિમ આ સામાન જોશે તો કહેશે ચોર હશે. તો પકડીને જેલમાં પૂરશે. અહીં તમે લઈ જાવો તેટલું કબીરજીની માતા-પત્નીએ કહ્યું - આ દાળ, ચોખા, ઘી, સાકર, કાજુ, ક્રિસમિસ, ચારોળી, બદામ, પિસ્તા, અંજીર અખરોટ અને અને રોકડા રૂપિયાની પાંચ પાંચ મણની ગુણો.

આખરે બે ચાર ભાઈઓ કબીરજીને શોધવા નિકળ્યા. ઘેર આવીને કબીરજીએ ઘણી વાત સાંભળી. વેપારી સામાન નાખી ગયો છે. કબીરજી સમજી ગયા કે ભગવાન પોતાના કષ્ટથી કષ્ટ થવું છે. કબીરજી એ તો



ભક્તોને બોલાવી બધો સામાન આપી દીધો. તેમણે તો કપડાં વાસણ બધુંય છોડી દીધું. હૃદયમાં ઘોડાપૂર ઊકળ્યું ગુસ્સે થયેલા બ્રાહ્મણો ત્યાં આવ્યા. તે ઝઘડવા લાગ્યા. અરે જુલાહા ! તે આટલું ધન મેળવી બધાને આપી દીધું અમને કઈ જ ના આપ્યુ. તમે તો ગધેડાને ઘરો ખવડાવી. તું જતો રહે.

‘હું કેમ બીજે જાઉં હું કંઈ બીજે ચોરી કરવા જાઉ? મેં કાંઈ ચોરી નથી કરી. કબીરજી શ્રીરામના શરણાગત્ હતા. તેથી તે નિર્ભય હતા. કબીરજીએ મહામુશ્કેલીએ બ્રાહ્મણોનો છેડો છોડ્યો. કબીરજી તો પાછા બજારમાં જઈને સંતાઈ ગયા.’

બ્રાહ્મણો સત્કારવા યોગ્ય છે જાણી પ્રભુએ કબીરનું રૂપ લીધું. ભગવાને સમાધાન કર્યું. તેમને ધન આપી સન્માન કર્યુ. ભક્તની કીર્તિ પ્રકાશીત કરી.

ભગવાન ગાંસડી બાંધી ગંગાકિનારે સંતાયેલા કબીરજી પાસે ઝાળીએ આવી ઊભા. કબીરજી ગભવારા કે બ્રાહ્મણો ને યજમાનની ગંધ આવી હોય તેવું લાગે છે. કબીરજીને જોઈને કહ્યું - તું અહીં પડ્યો પડ્યો સંતાઈ કેમ ભૂખે મરે છે જા કબીરજી ને ઘેર બધાને અઢીશેર અન્ન આપે છે. કબીરજી ઘેર ગયા સમાચાર જાણ્યા તો પ્રેમાનંદમાં મગ્ન થઈ ગયા. પોતાની વધતી જતી પ્રતિષ્ઠાથી કંટાળીને તેમણે કૌતુક કર્યા.

એક દિવસ કબીરજીએ વેશ્યાને સાથે રાખી તો લોકોને લાગ્યું કે ભજન ભાવ છોડીને કબીરજી વેશ્યાસંગે ચઢ્યા. વારમુખી વેશ્યાને નાણાં

આપી જોડે રાખી હાથમાં ગંગાજળની બાટલીમાં દારૂ જેવો રંગની બાટલી લીધી. એક બાટલી વેશ્યાને આપી. બંન્ને પીવે એકબીજાને આપે પડે. બજારમાં ફરવા લાગ્યા. કબીરજી એતો પોતાની પાસે કોઈને કોઈ ઈચ્છાથી આવતા ભીડથી બચવા આવું કર્યું હતું. કબીરજીના દુષ્ટો ખુશ થઈ ગયા.

તે કહેવા લાગ્યા કે કબીરજી ઢોંગી છે. ગુરુજીની બનામી કરે છે.

સંતો અને ભક્તોની પ્રતિષ્ઠા વધારવા રાજાના દરબારમાં ગયા. રાજા શિષ્ય હતા. છતાં તેમનું સન્માન થયુ કેમકે તેઓ વેશ્યાને પાસે રાખીને આવ્યા હતા. તેમનું અપમાન થયું છતાં ત્યાં બેઠા થોડીવાર પછી અદ્ભૂત લીલા બતાવી. તે ઊભા થયા અને જળભરેલા પાત્રને ઢોળી નાંખ્યું. રાજાને ચિંતા થઈ. તેમણે પૂછ્યું - "આમ કેમ કર્યું? રાજસભામાં પાથરણા ઉપર જળ શા માટે ઢોળ્યું?"

તો કબીરજીએ કહ્યું - "જગન્નાથપુરીમાં રસોયાનો પગ દાઝી જાય તેમ હતું તેથી આગ બુઝાવી તેની રક્ષા કરી છે."

રાજાએ આ બાબતની તપાસ કરાવી તો સમાચાર મળ્યા કે ત્યાંના પંડ્યાઓ કહેતા હતા કે જો આ સમયે કબીરજીએ પાણીથી આગના બુઝાવી હોત તો રસોયાનો પગ દાઝી જાત અને થાળી પડી જતી. કબીરજીની વાત સત્ય છે.

થોડા સમય પછી વેશ્યાને દૂર કરી. રાજાએ રાણીને કહ્યું કે કબીરજીની પેલી વાત સાચી નીકળી. રાજસભામાં આવ્યા અને મેં તેમનું અપમાન કર્યું. તે અપરાધનું મને દુઃખ છે. તો ઉપાય બતાવો.



રાણીએ કહ્યું - 'તેમના શરણમાં જાઓ'

રાજાએ ઘાસનો ભારે ભારો માથે લીધો. ગળામાં કુંવાડી બાંધી.

ભાવાવેશમાં રાજા રાણી સાથે કબીરની પાસે ગયા. તેમણે લોકલાજ પણ છોડી દીધી. બજાર વચ્ચે નીકળ્યા. રાજા-રાણીને આવતા જોઈ કબીરજી ઊઠીને રાજા પાસે આવ્યા. ઘાસનો ભારો ઉતાર્યો. ગળામાં બાંધેલી કુંવાડી કાઢી નાંખી. કબીરજી રાજા-રાણીના ભાવથી સંતુષ્ટ થયા.

બાદશાહ સિકન્દ લોદી કાશીમાં આવ્યો ત્યારે ઈર્ષાળું બ્રાહ્મણોએ કબીરજીની માતાને ફોસલાવી પક્ષમાં લઈ લોદીના દરબારમાં ગયા. ફરિયાદ કરી - "કબીર ગામને દુઃખી કરે છે. તે મુસલમાન છે છતાં હિન્દુ સાધુ બન્યો છે. તે ઢાંગ ફેલાવે છે."

બાદશાહ લોહીએ કબીરને પકડી મંગાવ્યા.

કાજીએ કબીરજી આવતાં કહ્યું - બાદશાહ સલામત છે તેમને સલામ કર.

કબીરજીએ કહ્યું - અમે તો શ્રીરામ સિવાય કોઈને સલામ કરતા નથી. અમે માત્ર તેમને જ ઓળખીએ છીએ.

કબીરજીની વાતથી બાદશાહને થયું કે આ ઘમંડી છે. બાદશાહે કબીરજીને લોઢાની સાંકળીથી બાંધી ગંગામાં ડુબાડ્યા. તો પણ કબીરજી જીવતા રહ્યા. લોઢાની સાંકળતો ક્યાં જતી રહી કબીરજી ગંગાકિનારે ઊભા હતા. લોકો કહેતા હતા કે કબીરજી તંત્ર-મંત્ર જાણે છે. તેથી ડૂબતો નથી. બાદશાહે કબીરજીને સળગાવા કબીરજીને લાકડાંની રાખી

સળગાવ્યા. લાકડાં સળગી રાખ થયાં કબીરજીનું શરીર એવું જ ચમકતું રહ્યું. સોનાની ચમક જેવું.

લોદી બાદશાહે તોફાની હાથી લાવીને કબીરજી ઉપર ઝપટાવ્યો. લાખો પ્રયત્ન છતાં હાથી કબીરજી પાસે આવ્યો જ નહીં. મહાવતો પણ હારી ગયા. કહેવાય છે કે શ્રીરામ સિંહનું રૂપ લઈ કબીર આગળ બેઠા હતા તેથી હાથી ભાગી ગયો.

એક પ્રસંગે કબીરજી અને તેમનાં માતા વનમાં જતાં હતાં. માર્ગમાં એક ધનની થેલી પડેલી જોઈ તો માતા થેલી લેવા ગયાં કબીરજીએ તે લેવાની ના પાડી. અને બન્ને દૂર ઊભા રહી જોવા લાગ્યાં તો ચાર સિપાઈ ત્યાં આવ્યા. તે થેલી તેમણે લીધી. બે સિપાઈ તે થેલી લઈ બેસી રહ્યા. બીજા બે જણા મિઠાઈ લેવા ગયા. મિઠાઈ લઈ ને આવ્યા. તો તેમણે બેસી રહેલા સિપાઈને મિઠાઈ ખાવા આપી. તે મરી ગયા બાકીના બે જણ ધન માટે લડવા લાગ્યા. તે પણ મરી ગયા.

કબીરજીએ ભંડારો કર્યો. બધા સંતો સાધુ બ્રાહ્મણો નગરજનો જમવા આવ્યા. બ્રાહ્મણોએ સાધુ સંતો કબીરને શાપ આપે તે હેતુથી શિષ્ય બની ટેકો કરાવી ભંડારો કરાવવો. કંઈ રાંધ્યાં નહીં ભોજન વ્યવસ્થા કોઈ નહીં. હજારો સંતો-સાધુ આવવા લાગ્યા. સાધુ-સંતો કબીરજીને ઘેર આવી કહેવા લાગ્યા ક્યાં છે. ભંડારો જમવાની કેટલીવાર છે. કબીરજીએ બાદશાહને જીત્યો તેણે ખૂબ ભેટો આપી છે. તેથી ભંડારો કબીરજીનો કંઈ જાણે ના કોઈ જ વ્યવસ્થા ન હતી. એ તો ગુસ્સે થવા કબીરજી કેમ



મશ્કરી કરો છો?

કબીરજી સમજી ગયા કે આ બ્રાહ્મણોનું કપટ છે. તેમણે સંતોને કહ્યું, ''બધું તૈયાર છે. રાયતામાં થોડું દહીં વધારે જોઈએ તેથી લેવા જાઉ છું.''

કબીરજી તો આ વાત જાણી ક્યાંક સંતાઈ ગયા હતા. કબીરજીનું રૂપ લઈ ભગવાન રાયતાનું દહીં લેવા નીકળ્યા હતા. અનેક મહાન સંતો આવીને પડાવ નાંખ્યો હતો પણ ક્યાંય રસોઈ કરવાનો ધુમાડો કે કોઈ વાનગીની સુગંધ આવતી ન હતી. ભગવાન પણ સમજી ગયા કે બ્રાહ્મણોએ ભારે ચાલાકી અને કપટ કર્યુ છે. ભગવાને તો અનેક વાનગીના પહાડ ઊભા કર્યા. કબીરજીનાં અનેક રૂપો ધારણ કરી આમતેમ કામ માટે દોડવા લાગ્યા. કામ કરવા લાગ્યા. પંગતો બેસી ગઈ જમણવાર શરૂ થયો. કબીરજીને મનમાં થયું કે ભગવાન ''મારું રૂપ કેવુ ધારણ કરતા હશે લાવને જોવા દેને.''

કબીરજી પંગતમાં જ્યાં કબીરજી રૂપધારી ભગવાન બેઠા હતા ત્યાં તેમની પાસે જ કબીરજી બેસી ગયા. ભગવાન ચાલાકી કરી જ્યાં કબીરજી બેઠા હતા ત્યાં આવ્યા. કબીરજી સંકોચમાં પડ્યા. કેમ? પહેલા તો ભાગી ગયા અને હવે ખાવા માટે પહેલા બેસી ગયા. આ પ્રસંગ તો તમારો છે. તમારે તો બધાને જમાડીને જમવાનું હોય. કબીરજી પોતાના રૂપમાં ભગવાન જોઈ કૃતાર્થ થયા. દર્શન કર્યા. અને સંકોચવશ તેમનું માથુ નમી ગયું. ભગવાન બીજી પંગત તરફ ચાલ્યા ગયા. હવે સાચા

કબીરજી પણ આવીને પંગતમાં મળી ગયા.

ભગવાને કબીરજીને ખવડાવી - પિવડાવીને દાન-સન્માનથી બધા સાધુ સંતોની સાથે સાચા કબીરજીને પણ દાન-દક્ષિણા આપી પ્રસન્ન કર્યા.

કબીરજીના અંત સમયમાં મહાપ્રયાણ પ્રસંગે કબીરજીએ પ્રેમી હિન્દુ, કાશી નરેશ, મગધ નરેશ, મુસલમાનોને બોલાવ્યા. ભક્તો શિષ્યો આવ્યા. તેમણે કહ્યું - "હું હવે ધામમાં જાઉં છું. ત્યારે શંખ ધ્વનિ થાય ત્યારે માનજો કે હું ભાગવત ધામમાં છું. હિન્દુ મુસલમાન ભક્તોના પૂષ્પો માં કબીરજી પોઢ્યા. સદેહે પ્રભુ ધામ ગયા. શંખ ધ્વનિ થયો. સુઈ રહેલા કબીરજીના શરીર ઉપરની ચાદર ભક્તોએ કાઢી તો પુષ્પો સિવાય કંઈ જ ન હતું."

હિન્દૂ-મુસલમાનો વહેંચીને તે પૂષ્પો લઈ ગયા. પોત પોતાના ધર્મ મુજબ પૂષ્પની પ્રતિષ્ઠા કરી.

ફકીર શેખે ગંગામાં ત્રિવેણી સંગમમાં એક બાળકને વહેતું જોયું. બાળકના મૃત શરીરને જોઈ ફકીર શેખે કબીરજીને સુંદર બાળક જીવીત કરવાનું કહેતાં. કબીરજીએ કહ્યું - 'એ બાળક તું ક્યાં જાય છે? મારી પાસે આવ.' આટલું જ કહેતાં તે શબ જીવતું થયું. તે બાળક ચરણવંદના કરી. આ જોઈને બાદશાહ ફકીરના મોઢામાંથી શબ્દો નીકળ્યા - 'અરે! આ તો કમાલી કરી!' તેથી તે બાળકનું નામ કમાલ પડ્યું. પૂત્ર જેમ તેનું પાલન કર્યુ. કમાલજી ગ્વાલિયર ગયા તેમણે ધન આપ્યું. જો તેના પ્રાણ કબીરજીએ તેમ કમાલે પાઘડીમાં હીરો સંતાડ્યો તે હીરોની ચમક



કબીરજીએ જોઈ તો કમાલને ધમકાવતાં કહ્યું.

*'બૂડા વંશ કબીરકા ઉપજી પૂત કમાલ ।*
*હરિ કા સુમિરન છોડ કે ઘર લે આયા માલ ॥'*

રાજાની પૂત્રીનો પ્રસંગ આવો જ છે. રાજાની પૂત્રી મરણ પામી. તેને જીવીત કરવા રાજાએ કબીરજીને બોલાવ્યા..

કબીરજીએ કહ્યું - 'બેટી! તમારા પિતા-રાજા બોલાવે છે ઊઠો.'

તો પૂત્રી ના ઊઠી - જીવિત ના થઈ ત્યારે કબીરજીએ કહ્યું - "બેટા! તમારા પિતા કબીર બોલાવે છે" તો તુર્રત પૂત્રી ઊઠી જીવીત થઈ.

રાજા-રાણી પૂત્રીને ઘેર લઈ જવા લાગ્યાં તો પૂત્રીએ જવાની ના પાડી. તેણે કહ્યું "મને જેણે જીવીત કરી છે તેની સાથે જઈશ." માતા-પિતાએ કબીરજીને સોંપી દીધી. કબીરજીએ તેનું નામ 'કમાલી' પાડ્યુ. કમાલી સિધ્ધ હતી. કમાલી ગોરખનાથ સાથે રૈદાસજીનો પ્રસંગ જાણીતો છે. કમાલી ત્યાં ગોરખનાથજી ભીક્ષા માંગવા ગયા. અને ભીક્ષા માંગતાં કહ્યું આ મારું ખપ્પર કોણ ભરી દેશે?

કમાલીએ માત્ર એક ચમચો ભાત નાંખ્યો અને ખપ્પર ભરાઈ ગયું હતું.

# મહર્ષિ શ્રી અગસ્ત્યજી

મિત્રાવરુણ ઋષિ ઉર્વશીને જોઈ મોહિત થયા. તેમનું શુકપાત થયું. તે શુક્રને એક ઘડામાં રાખવામાં આવ્યું. આ શુક્રને ઘડામાં રાખવાથી અગત્સ્ત્યજીનો જન્મ થયો. જેથી તેમનું નામ 'કુંભજ' પણ કહેવાય છે.

ઋષિને અગસ્ત્યજીનાં લગ્ન વિદર્ભ રાજાની પૂત્રી લોપામુદ્રા સાથે થયાં.

વાનપ્રસ્થ જીવનમાં મલયપર્વત ઉપર અતિ દુષ્કર-કઠિન તપસ્યા કરી.

વિશોષિણી વિદ્યાથી સમુદ્રપાન કરવાની શક્તિ કેળવી. દૈત્યો દિવસ સમયે સમુદ્રના તળીયે રહેતા. રાત્રે બહાર આવી મનુષ્યોનો આહાર કરતા. ઋષિઓનો નાશ કરતા હતા. માનવીય જીવ કરુણા વશ તેમનો વિશોષિણી વિદ્યા પ્રાપ્ત કરી સમુદ્રનું પાન કરી દૈત્યોનો નાશ કર્યો. તે પછી લઘુશંકા જવા માટે સમુદ્રને પૂર્ણ કર્યો તો સાગર ખારો થઈ ગયો.



એક વખત ભ્રમણ સમયે એક માનવને ઝાડ ઉપર ઊંધો લટકેલો જોયો પાસમાં કૂવાનો કાંઠો હતો. તપાસ કરતાં જણાયું કે તે પોતાના પિતૃઓ છે. આ દશામાંથી મૂક્તિ કરવા અગસ્ત્યજીએ સંતાન પ્રાપ્તિ માટે લોપામુદ્રા સાથે લગ્ન કર્યા. પિતૃઓનો ઉચ્ચાર કર્યો. આ સમયે ઈલ્વલ અને વાતાપી દૈત્યોનો ભયાનક ઉપદ્રવ હતો. ઋષિનો વેશ ધરી ઋષિઓને ભોજન માટે આમંત્રણતા અને પછી તેમને ખાઈ જતા ઋષિઓના જમ્યા પછી તેમને ખાઈ જતા ઋષિઓના જમ્યા પછી બીજો દૈત્ય ઈલ્વલ વાતાપીને બોલાવીને બ્રાહ્મણ ઋષિઓના પેટ ચીરી બહાર આવતો હતો. આ રીતના બ્રાહ્મણ ઋષિસંહાર અગત્સ્ત્યજીનો ક્રોધ વધાર્યો.

એક વખત તે અતિથિ રૂપે ગયા. તેમણે ભોજન કરી વાતાપી દૈત્યને કાયમ માટે પેટમાં પચાવ્યો.

વિંધ્યાચલ પર્વત ગગન પથગામી સૂર્યદેવનાં માર્ગ અવરોધ્યો. પર્વતે ખૂબ ઊંચાઈ વધારી સૂર્યની ગતિમાર્ગ બંધ થયો. સૂર્યદેવ મહર્ષિ અગત્સ્ત્યજીના શરણે ગયા તેમણે શાંતા આપી વિંધ્ય પાસે ગયા. પર્વતરાજે શ્રધ્ધાથી ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. મહર્ષિએ દક્ષિણની તીર્થયાત્રાએ જવાની ઈચ્છા કરી. કહ્યું તમારી ઊંચાઈ ઓળંગવી કઠિન છે તે વાત સાંભળી વિંધ્યે મહર્ષિના ચરણે પડ્યો. નમન કર્યા.

સરળતાથી જતા મહર્ષિએ કહ્યું - 'હું પાછો ના આવું ત્યાં સુધી આ રીતે રહેજો.' વિંધ્યએ ખૂબ નમ્રતાથી આજ્ઞાનું પાલન કર્યું. મહર્ષિ પાછા આવ્યા જ નહીં.

ઉજ્જૈનમાં અગત્સ્ત્યજીની આરાધનાથી શિવજી પ્રસન્ન થયા. ત્યાં ભગવાન શિવજી અગસ્ત્યેશ્વરજી તરીકે ઓળખાયા.

શ્રીરામના વનગમન સમયે ઋષિ અગત્સ્ત્યજીના આશ્રમે રામ આવ્યા તો ઘણી જ શ્રધ્ધા-ભક્તિથી સત્કાર કર્યો. તેમનાં દર્શનથી ઋષિ જીવન સફળ થયું. શ્રીરામને શસ્ત્રાસ્ટ આપ્યાં અને સૂર્યોપસ્થાન વિધિ દર્શાવી.

મહર્ષિ અગસ્ત્યજીનું અસ્તિત્વ લોકકલ્યાણ માટે છે. જે જીવ એક નિમેષ કે અર્ધ નિમેષ જેટલો સમય પ્રાણીઓ વિષ્ણુ ભગવાનનું ચિંતન કરે છે તે સ્થળો કુરુક્ષેત્ર, પ્રયાગ, ઉમિનૈમિષારણ્ય છે. આ સ્થળોએ શિવજી અને અનલદિ મહર્ષિઓ પણ સત્સંગ સુખ માટે પ્રભુસ્મરણ કરતા મહર્ષિ અગસ્ત્યજીએ અગસ્ત્યસંહિતા રચી.



# મહર્ષિ અત્રિજી

બ્રહ્માજીના નેત્રથી અત્રિજીનો જન્મ થયો. અત્રિજી અને અનસૂયાજીએ પ્રભુપ્રાપ્તિ માટે ચિંતાવશ કરી કઠન તપ કર્યું. અત્રિજીના મનની અભિષ્પા હતી કે ઈશ્વર સમાન પૂત્ર જન્મે. પરિણામ રૂપે ત્રિદેવ અત્રિજીના આશ્રમે પધાર્યા. મુનિએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. જિજ્ઞાસા કરી કે મેં તો જગદીશ્વર પ્રભુનું ચિંતન કર્યું છે. તેમ છતાં આપ ત્રણેય કેમ પધાર્યા? મેં જેને બોલાવેલછે તેનાં આપ કોણ છો?

આવું સરળવચન જાણી ત્રિદેવ હસી પડ્યા. અને કહ્યું - પ્રિય મહર્ષે ! તમે જે જગદીશનું ધ્યાન કરો છો તે અમે ત્રણેય છીએ. અમારા અંશથીજ જગવિખ્યાત જગતકલ્યાણકારી પૂત્ર થશે.

બ્રહ્માજીના અંશથી ચંદ્રમા, વિષ્ણુજીના અંશથી યોગવેત્તા દત્તાત્રેયજી અને શિવજીના અંશથી દુર્વાસાનું એમ અત્રિજીના ત્રણ પૂત્રોનો જન્મ થયો.

દેવાસૂર સંગ્રામમાં રાહુએ સૂર્ય-ચંદ્રને ઘાયલ કર્યા તો બધે જ અંધકાર છવાયો. દેવનાં અને ઋષિની પ્રાર્થનાથી અત્રિજીએ પોતાની તપસ્યાના પ્રભાવે સૂર્ય બની દિવસ બનાવ્યો. ચંદ્ર બની રાત્રિ પ્રકાશ પાથર્યો. સૂર્યચંદ્રને પોતાનું તેજ આપ્યું.

શ્રીરામ વનવાસ સમયે અત્રિજીના આશ્રમે આવ્યા તો તે સમયે પ્રેમ અદ્‌ભૂત હતો.

*દેખી રામ છબિ નયન જુડાન ।*
*સાદર નિજ આશ્રમ તબ આને ॥*
*કરી પૂજા કહિ બચન સુહાયે ।*
*દિયે મૂલ ફલ પ્રભુ મન ભાવે ।*
*પ્રભુ આસન ભરિ લોચન શોભા નિરખિ ॥*

મુનિવર પરમ પ્રાચીન જોરિ પાનિ અસ્તુતિ કરતા મૂનિને અતિ આનંદ થયો. માતા અનસૂયાજીએ જાનકીને આશીર્વાદ આપ્યા અને દિવ્ય વસ્ત્રાભૂષણ આપ્યાં. પતિવ્રત ધર્મની શિક્ષા આપી. વિદાય વસમી બની મુનિ દંપતીનું હૈયુભરાયું. ગદ્‌ગદીત થવાથી શ્રીરામ ખૂબ પ્રસન્ન થયા. ભક્ત ઋષિ દંપતિને સંસાર સુખની કામના નથી રહી. સૃષ્ટિ કાર્ય-પૂર્તિરૂપ આજ્ઞાની પૂર્તિ માટે બીજુ વરદાન માંગતાં. પ્રભુને જે પૂત્રરૂપે માંગ્યા. ભક્તિવશ પ્રભુએ સ્વીકાર કર્યો. જે ચરણરજ સેવા માંગી મૂનિ લાલાધિન રહે છે તે ત્રણેય દેવો ભક્તના આંગણામાં રમે છે. આ ભાવ ખૂબ પ્રસંશનીય છે.



*નમામિ ભક્ત વત્સલં । કૃપાલુ શી-કોમલં।*
*ભજામિ તે પદાંભૂજં । અકામિનાં સ્વાધાપદં ॥*

# ગોસ્વામી શ્રી તુલસીદાસજી

*કબિ કુટિલ જીવ નિસ્તાર હિન વાલ્મિકી કી તુલસી ભવૌ ।*
*ત્રૈતાકાવ્ય નિબન્ધ કિયૌ શતકોટિ રામાયન ॥*

ભક્ત ગોસ્વામી શ્રી તુલસીદાસજીએ જન્મ બાંદા જિલ્લાના રાજાપુર ગામે પારાઘાટ ગોત્રના સચ્ચુપારીખ બ્રાહ્મણ પિતા આત્મારાદુબેના ત્યાં થયો. તેમની માતાનું નામ હુલસીદેવી હતું. હુલસીદેવી કૂખે બાર મહિના ગર્ભવાસ કરી. તેમનો જન્મ સં. ૧૫૫૪ના શ્રાવણ શુકલ સપ્તમી શનિવારે સાંજે અભિજિત નક્ષત્રમાં થયો.

*સંવત પન્દ્રહસો ચૌપન વિષે કાલિન્દી કે તીર ।*
*શ્રાવણ શુકલા સપ્તમી, તુલસી ધર્યો શરીર ॥*

તેમના જન્મ સમયે પાંચવર્ષના બાળક જેવું મોટું શરીર શ્રીરામનામનું ઉચ્ચાર થવું અને નાલછેદન સમયે શંખધ્વનિ થવો જેવા મંગલમયી પ્રસંગ બન્યા. તેમને બત્રીસ દાંત હતા. પરિવારે તેમને



અમંગલમયી માની ભાંગવાનો વિચાર કર્યો. જેથી માએ બાળકને દાસી મુનીપાસે સોંપ્યો. મુનિમા તેમને લઈ આસરે હરિપુર જતી રહી. માતા હુલસીએ તે જ દિવસે દેહ છોડ્યો. પાંચ વર્ષનો બાળક છતાં પાલક માતા મુનિયાને સર્પદંશ થતાં જ દેહ છોડ્યો.

જન્મથી 'રામનામ' ઉચ્ચારતા કરવાવાળા બાળકને 'રામબોલા' લોકો કહેતા. અનાથ બાળકને જાણી તેના પિતા આત્મારામને બાળક રાખવા કહ્યું. પિતા આત્મારામે બાળક સાથે તેને કોઈ જ સંબંધ નથી તેમ જણાવ્યું. રામબોલા નિરાધાર ફરતો જ રહ્યો.

મને ભૂખ્યાને બે ચણા આપશે તો પણ હું તેનું ફળ ધર્મ કામ અને મોક્ષ માનીશ. ઘરે ઘરે ભીખ માંગતા બાળકની દયા પાર્વતીજીને આવતાં વૃધ્ધ બ્રાહ્મણીને રૂપમાં બાળકને ખાન-પાન આપી. સેવા કરી ભગવાન શંકરે રામ બોલાને મંત્ર આપ્યો. કે રામકથા સંભળાવશે.

વિ.સં. ૧૫૬૧માં માઘ માસની શુકલ પંચમી શુક્રવારે સવારે સાત વર્ષના રામબોલા અવધ આવ્યા. સરયુ કાંઠે ગાયત્રી મંત્રની દીક્ષા લીધી તેમનુ નામ 'તુલસીદાસ' પડ્યું.

તેમણે હનુમાળ ટોળામાં રહી વ્યાકરણનો અભ્યાસ કર્યો. પછી સરયુ અને ઘાઘરા સંગમ વચ્ચે અષ્ટક્ષેત્રમાં પોષ મહિનામાં કલ્પવાસ કર્યો. પાંચ વર્ષ ત્યાં રહી શ્રી ગુરૂદેવ પાસે રામકથા સાંભળી. ગુરૂદેવે કાશીમાં શ્રી શેષ સનાતનજીને ત્યાં શ્રીતુલસીદાસને વેદ-પુરાણ-શાસ્ત્રાદિના અધ્યયનાર્થે મૂક્યા. ગુરૂદેવ ચિત્રકુટ અધ્યયનાર્થે મૂક્યા. ગુરૂદેવ ચિત્રકૂટ

પાછા આવ્યા. શેષ શનાતનની કુટીર પાસે પીશાચ રહેતો હતો. લોકો ખૂબ હેરાન હતા. વિદ્યાર્થીજીવનમાં જ સિધ્ધસ્રોતો શ્રી હનુમાન ચાલીસા ની રચના કરી. તે પાઠથી પ્રેત દૂર થયું.

શેષ સનાતનના સમાચાર મળતાં જ દુઃખદ સ્થિતિમાં ચિત્રકૂટ જવા નીકળ્યા. માર્ગમાં બાજુમાં જન્મભૂમિ રાજાપુરા જવા નીકળ્યા. ગામમાં પ્રવેશતાં જ મારો ત્યાગ કરનાર પિતાનું અવસાન થયું છે તે જાણ્યું કે દશ વર્ષમાં સંપૂર્ણ કુળ નાશ થયું છે કેમકે ભક્ત બાળકનો તે પરિવાર ત્યાગ કર્યો હતો. તેમણે શ્રાધ્ધ-તર્પણ કર્યું. ગ્રામજનતા આગ્રહથી ત્યાં રહી સત્સંગ કરવા લાગ્યા.

યમુનાકાંઠે ‘તારપિતા’ ગામના ભારદ્વાજ ગોત્રના બ્રાહ્મણને ત્યાં સુશીલ સુંદર કન્યા રત્નાવલી સાથે લગ્ન થયાં. માતા-પિતાએ પાર્વતીજીની આજ્ઞા માની લગ્ન કરાવ્યાં. તે લગ્ન સં. ૧૫૮૩માં જેઠ સુદ તેરસ ગુરૂવારે રત્નાવલી સાથે થયાં. રત્નાવલીમાં આશક્ત તુલસીદાસ તો પાંચ વર્ષનો સમય થઈ જેમ જતો રહ્યો.

લગ્ન પછી પહેલીવાર પિયર ચાલી ગયેલી રત્નાવલીને ઘેર આવી ભક્તને એ વિરહ દર્દથી પીડાયા. તેમને ભાન ના રહ્યું. ઉતાવળે દોડતા સાસરે ગયા. પત્ની અતિશય લજ્જીત થઈ ગઈ. તે ક્રોધમાં બોલી - મારુ શરીર માંસ, ચામડા હાડકાનું છે તે તો નાશ પામશે તેની પ્રીતિ કરવી યોગ્ય નથી. સદા પ્રીતિ રહેતી નથી. રામના દિવ્યરૂપમાં જ નિત્યપ્રેમ રહી શકે. આ શબ્દ સાંભળતાં જ તેમનો રત્નાવલી મોહ દૂર થયો.



જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થયો. તે નીકળી પડ્યા. તેમને પસ્તાવો થયો. બધુ છોડી કાશીપુરીમાં આવ્યા. ત્યાં નિવાસ કર્યો. સીતારામની સેવા પૂજા કરવા લાગ્યા. તેમનામાં ભગવાન રામ દર્શન માટે નેત્ર વ્યાકુળ હતાં. ગૃહત્યાગ કરવાથી પત્ની રત્નાવલીએ વિરહમાં દેહત્યાગ કર્યો. રત્નાવલીનું મૃત્યુ સં. ૧૫૮૯માં અષાઢી કૃષ્ણપક્ષની દશમે બુધવારે થયુ. તુલસીદાસે પ્રયાગમાં વિરક્ત વેશગ્રહ્યો. અયોધ્યા ગયા. ચતુર્માસ કર્યા. જગન્નાથ પુરી ગયા. માર્ગમાં દુબૌલી ગામમાં વિપ્રકુમાર હરિરામને શાપ આપ્યો કેમ કે તે તુલસીભજન કરતા હતા ત્યારે વિપ્ર હરિરામ પથ્થર ફેંકતો હતો. એકુલ ગામમાં તુલસીદાસજી ગયા ત્યાં ચાર કુંવરી નામની વિધવા ગરીબ સ્ત્રીની સેવાથી પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે ‘તું જે વસ્તુ ઉપર હાથ રાખીશ તે અક્ષય થઈ જશે.’

તુલસીદાસજીએ પગે ચાલીને જગન્નાથજી ભગવાનનાં દર્શન કરી રામેશ્વર, દ્વારીકા, બદ્રી, કેદાર, માનસરોવર, સુમેરુગિરિ, નીલાયક્ષ કૈલાસ વગેરે યાત્રા કરી. ચૌદ વર્ષ દશ માસ અને સત્તર દિવસનો સમય ગયો હતો. તીર્થાટન પછી કાશીપુરીમાં નિવાસ કર્યો અત જ્યાં આજે પણ તુલસીદાસજીનું ઘર છે. તે સ્થળની તુલસીદાસ ઘાટ (ગંગાનો ઘાટ) તરીકે ગંગાકિનારે કાશીમાં પ્રવેશતાં જ છે.

કાશીના નિવાસ કાળ દરમ્યાન એક અત્યંત આશ્ચર્ય જનક ઘટના બની.

ગોસ્વામી તુલસીદાસજી નિત્યક્રમ પ્રમાણે કાશીનિવાસ દરમ્યાન

ગંગાને સામે કાંઠે શૌચક્રિયા માટે જતા હતા. શૌચ દરમ્યાન થયેલા પાણીને રસ્તામાં બોરડીના ઝાડને રેડતા હતા. તે બોરડીમાં રહેતો બ્રહ્મરાક્ષસ જે તુલસીદાસજીના શાપને કારણે દુલૌલીમાં વિપ્ર હરિરામ ને શાપ આપ્યો હતો તે જળ પી જતો હતો.

તુલસીદાસજીએ તે બ્રહ્મરાક્ષસને શ્રીરામદર્શન કરાવા કહ્યું. તે કાર્યમાં તે રાક્ષસ અસમર્થ હતો. તેથી તેણે શ્રી હનુમાનજીને મળવાનો ઉપાય દર્શાવ્યો. 'એક સપને રામાયણ કથા થાય છે ત્યાં હનુમાનજી તે મધુર કથા સાંભળવા હંમેશા સૌપ્રથમ આવે છે અને અંત કથાપૂર્ણ થયા પછી જ જાય છે. હનુમાનજીનું સ્વરૂપ વિચિત્ર તિરસ્કૃત હોય છે. તે જાણી તુલસીદાસજીએ તે પ્રેક્ષનો ઉધ્ધાર શ્રીરામનામથી કર્યો.'

ગોસ્વામીજી તે સ્થળે ગયા. ભક્ત હનુમાનજીને ઓળખ્યા. કથાપૂર્ણ થતાં રામભક્તશ્રી હનુમાનજી જવા લાગ્યા તો હનુમાની જતી કહ્યા કે આ ભક્ત તેમનો ચેડો મૂકવાનો નથી. નિર્જન વનમાં ગયા તો ત્યાં એકાંત જોઈને તુલસીદાસજી તેમના ચરણે વળગી પડ્યા. તે સમયે હનુમાનજી તિરસ્કાર કરતા ગુસ્સે થતા ધમકાવતા તુલસીજીને હડેસલવા લાગ્યાં. ગોસ્વામીજી કરગરી પડ્યા - હવે તો આપ મને આપનાં શ્રીચરણથી દૂર નહીં કરી શકો. હું તમને જાણી ગયો છું. આપ તો શ્રી રામ પ્રેમનું મૂર્તિમાન સ્વરૂપ છો. તુલસીજીની દઢ પ્રેમભાવના જોઈ સુંદર સ્વરૂપે પ્રગટ થયા. તે સ્વરૂપનું વર્ણન રામાયણ અને અન્ય ગ્રંથોમાં છે.

હનુમાનજીએ તેમને વરદાન માંગવા કહ્યું તો તુલસીજીએ રાજા



શ્રીરામચંદ્રજીનું સુંદર સ્વરૂપ દર્શન કરાવા કહ્યું. તે દર્શન માટે મારાં નેત્ર લાલાચિત છે. હનુમાનજીએ ચિત્રકૂટ જવાનો ઈશારો કર્યો. તે જાણી શ્રીરામદર્શનનો વિરહ તત્ક્ષણ વેધક બન્યો. તેમની અભિપ્ષા વધુ ઉત્કૃષ્ટ થઈ ઊઠી. સાવધાન ચિત્તે તે ચિત્રકુટ ગયા. તે શુભસમયની રાહ જોવા લાગ્યા. નેત્ર વ્યાકુળ બની ઊઠ્યાં. એક દિવસ કામદગિરિની પરિક્રમા કરતી વખતે પ્રભુ શ્રી રાઘવેન્દ્ર સરકાર અને શ્રીલક્ષ્મણજી ઘોડેસવારી કરતા તેમની સામે આવી ઊભા. તે સમયે શ્રીરામ લક્ષ્મણનો પોશાક મૃગયા વિહારનો હતો. તે લીલા રંગનો હતો. તુલસીદાસજી એ અન્ય કોઈ શિકારી રાજકુમાર જાણી દષ્ટિ ફેરવી શ્રીહનુમાનજીને ક્ષણ પછી પ્રગટ થયા. તેમણે ઉત્તર કર્યો - 'આપે પ્રાણ પ્યારા શ્રીરામજીનાં દર્શન કર્યા. વ્યાકુળ તુલસીજી બોલી ઊઠ્યા - મેં તો તેમને ધ્યાનપૂર્વક જોયા પણ નથી.'

શ્રીહનુમાનજી બોલ્યો - ચિંતા ના કરો ફરીવાર દર્શન કરાવીશ. આ પ્રસંગ સંવત ૧૬૦૭નો છે. જે ચિત્રકુટના રામઘાટે તુલસીજી ચંદન ઘસી રહ્યા હતા અને શ્રીરામ-લક્ષ્મણ કિશોરરૂપે ચંદન માંગી રહ્યા હતા. શ્રીહનુમાનજીએ શ્રીરામચંદ્રજી અને લક્ષ્મણજીનો પરિચય પોપટના રૂપમાં તુલસીજીને કરાવ્યો.

*'ચિત્રકુટ કે ઘાટ મેં ભઈ સન્તન કી ભીર ।*
*તુલસીદાસ ચન્દન ઘિસૈ તિલક દૈત રઘુવીર ।।'*

શ્રીરામદર્શન કરતાં જ તુલસીજી બેભાન થઈ ગયા. શ્રીરામે તેમના

હાથે તુલસીજીને તિલક કર્યું. અને તુલસીજીના મસ્તકે ચંદન કરી દીધું. શ્રીરામજી અંતર્ધ્યાન થઈ ગયા. રાત્રિ થઈ ત્યારે શ્રી હનુમાનજીએ આવીને તુલસીજીને ભાનમાં લાવ્યા. હનુમાનજીએ કહ્યું - તમને તો નિત્ય ભગવત્લીલા વિહારનાં દર્શન થતાં હશે.

એક દિવસ રાત્રિમાં શ્રીકામદગિરીની પરિક્રમા કરવાનું વિચારતા હતા કે મને હજી રાજારામચંદ્રનાં દર્શન ના થયાં. ભગવાન શ્રીરામે કૃપા કરી અને દર્શન ઝાંખી કરાવી. રામલીલા થઈ રહી છે. તેમાં રાજગાદીપ્રસંગ છે. તુલસીજી પ્રસન્ન થયા. અને રાજાશ્રીરામચંદ્રજી શ્રી છબી હૃદયમાં વસાવી ચાલી ગયા. લોકોને કહેવા લાગ્યા 'જમ્યો શ્રીરામચંદ્રની રામલીલા થઈ રહી છે.' લોકોએ જઈને જોયું તો ત્યાં કંઈ નથી. લોકોએ સવારે કહ્યું - ત્યાં તો કોઈ નથી તમને લીલાભિનયના દર્શન થયાં તુલસીજીતો ગદ્ગદિત થઈ ગયા.

એક દિવસે કામદગિરિનાં પરિક્રમા કરતાં તેમને લક્ષ્મણ પહાડી ઉપર સફેદ સર્પ જોવામાં આવ્યો. તુલસીજીની કૃપા દૃષ્ટિથી તેનાં બધાં પાપ દૂર થયાં. તે બોલીઊઠ્યો મને સ્પર્શ કરી મારો ઉધ્ધાર કરો. તેને સ્પર્શ કરતાં જ તે મહાત્માના રૂપમાં પરિવર્તિત થયો ને બોલ્યો - 'હું પોત્ર મુનિ છું. સંતની ભગવાનની સેવા માટે મેળવેલ ધનનો દુરુપયોગ કરવાથી આ અધમ સર્પયોનિ મળી છે. આપની કૃપાથી ઉધ્ધાર થયો.'

આ વાત દર્શનથીઓ જાણી ગયા. તેમની કીર્તિ સમગ્ર પંથકમાં ફેલાઈ ગઈ. તુલસીદાસજી દર્શનાર્થીઓની ભીડથી બચવા ગુફામાં સંતાઈ



ગયા. સ્વામી દરિયાનંદજીએ આવી પ્રાર્થના કરી કે તમે દર્શન આપતા રહો. તે પ્રેમભર્યા આગ્રહ ને કારણે દરરોજ તુલસીદાસજીની 'રામકથા' કીર્તન ચિત્રકૂટમાં - કામદગિરિમાં થવા લાગ્યાં. જનતાને અલૌકિક આનંદ મળવા લાગ્યો. તુલસીદાસજીએ રામાયણ લખ્યું. થોડા વર્ષો પછી તુલસીદાસજી કાશી ગયા. ત્યાં તેમણે રામાવતારે અંતિમ ભાગ પંક્તિઓ પૂર્ણ કરી. આસમય ગળામાં એક હત્યારો બ્રાહ્મણ વિવચન પ્રાયશ્ચિત કરવા તીર્થોમાં ફરી કાશીતીર્થ આવ્યો તે મોટે મોટેથી પોકાર કરી કહેતો હતો. 'રામ-રામ! હું હત્યારો છું. મને ભિક્ષા આપશો.'

તુલસીજી વિપ્રચન્દના કરુણ પોકારથી દ્રવિત થયાં. તેમણે તેને નિવાસે બોલાવી પોતાની પંક્તિમાં ન જમાડ્યો. કાશીના બ્રાહ્મણોની આ વાત જાણીને તેમણે જણાવ્યું કે તમે હત્યારાના બાહર મૂકેલા પાપીને સાથે રાખી જમાડી તેની સાથે કીર્તન કર્યું. તમને કેમ નાત બહાર મૂકવા નહી. તેનું પ્રાયશ્ચિત પૂર્ણ થયા વિના પાપ દૂર કેમ કરી થાય? તમોને તુલસીજીએ ધર્મગ્રંથો અને શાસ્ત્રોમાં વચન જણાવ્યાં વાસ્તવિક રહસ્ય તો જાણતા નથી.

કાશીના પંડીતો ક્રોધિત થયા. રામનામનો વાંચી જણાવશે અનેક હતું. હત્યા કરવાવાળા હત્યાના પાપથી મુક્ત થયો છે તેનું પ્રમાણ કર્યું. તમે તે પાપીના હાથે શિવજીનો નંદી જમે તો અમે જાણીએ કે તે પાપમુક્ત બન્યો છે. તે હત્યારાને એક થાળમાંભોજન પીરસી પ્રસાદ આપ્યાં. બધા લોકો કાશીમાં જ્ઞાન-વાપી નજીક નંદીશ્વરની પાસે ગયા. તુલસીજીએ

કહ્યું - હે નંદીશ્વર ! આપની બુધ્ધિ શ્રીરામનામના પ્રતાપથી હંમેશ અંદર હોય છે. તમે જે રામનામ મહિમાને જાણો છો તેટલો હું પણ જાણતો નથી. જો આ પ્રિય રામનામ પ્રતાપથી પવિત્ર થયો હોય તો તેના હાથે પ્રસાદીને ગ્રહણ કરો. તે સાંભળી નંદીશ્વર પ્રસાદી ખાવા લાગ્યો. કાશીનગરના લોકોએ શ્રીરામચંદ્રનો જયજયકાર કર્યો. 'શ્રીરામચંદ્ર ભગવાનનો જય.'

*શ્રી રામેતિ પરં ભવ્યં તારકં બ્રહ્મ-સંરીકમ ।*

*બ્રહ્મહત્યાદિ પાપદનમિતિ વેદવિદો વિદુઃ ॥*

એક રાત્રિએ ચોર તુલસીજીનો ઘરમાં પુસ્તકોની ચોરી કરવા આવ્યા. ચોરોએ જોયું કે મેઘવર્ણવાળો શ્યામવર્ણવાળો - શામળો સિપાઈ ધનુષ્ય પર બાણ ચઢાવી પહેરો ભરી રહ્યો હતો. જ્યારે જ્યારે ચોરી કરવાની નજર કરતા તો તે સિપાઈ ત્યાં જ દેખાય તે ડરાવતો હતો. ચોર કંટાળી ભાગી ગયા. સવારે તે ચોરોએ તુલસીદાસજીને કહ્યું તમે ઘરની ચોકી કરવા માટે જે સિપાઈ રાખ્યો છે. શામળો સિપાઈ કોણ છે? તે ક્યાં છે? તુલસીજીતો અવાક થઈ ગયાં. તે દંગ થતાં મૂંગા મૂંગા રડવા લાગ્યા. તે બોલ્યા ત્યારે તેટલું બોલ્યા - "મારા તુચ્છ ધનની રક્ષા કરવા રામરાજાધિરાજ શ્રી રામચંદ્રજી પહેરો ભરે. તે દિવસે બધુ જ ધન, સામા લોકોને આપી દીધો. ધન પણ આપી દીધું. શ્રીરામચંદ્રજી પહેરો ભરતા હતા. તે જાણી ચોરો પણ તુલસીજીના ચરણોમાં પડી શરણે આવ્યા. આ મુખ્ય ધન હતું. 'રામચરિત માનસ' જે ચોરવા ચોર આવ્યા હતા.



તુલસીદાસજી કાશીમાં રહી રામાયણ સંસ્કૃતમાં લખતા હતા તે શિવજી આવી સાત દિવસ સુધી ચોરી જતા હતા. આખરે શિવજી એ પ્રગટ થઈ કહ્યું - તમે લોક ભાષામાં રામચરિત માનસની રચના કરો.

શિવજીના આશીર્વાદથી તુલસીદાસજી અવધ-અયોધ્યા આવીને પરમસિધ્ધ સ્થળમાં બેસી સં. ૧૬૩૧માં ચૈત્ર શુકલ રામનવમીએ મંગળવારે શ્રી હનુમાનજીની આજ્ઞા મેળવી શ્રીરામચરિત માનસની રચના કરી. આ કામ કરવામાં બે વર્ષ, સાત મહિના, છવ્વીસ દિવસ લાગ્યા. વિ. સં. ૧૬૩૩માં અષાઢી સુદી પાંચમ ને મંગળવારે શ્રીરામવિવાહના દિવસો ગ્રંથરચના પૂર્ણ થઈ. આ સાંભળી અવધના લોકો પ્રસન્ન થયા. ગ્રંથ જોઈ તુલસીને વંદન કર્યા.

મિથિલાપુરીના (જનકપુર) સંત શ્રી રૂપારૂણજી શ્રીજાનકીજી ઉપર પુત્રીભાવ રાખતા હતા. તેથી તે શ્રી તુલસીજીનાં દર્શને અવધ આવ્યા. તેમનો શ્રી રામચરિત માનસનું પારાયણ સાંભળ્યું. ખંડીલાના સ્વામી નંદલાલના શિષ્ય શ્રી દયાલજી એ રામચરિત માનસની પ્રતિ લીપી કરી લખી. તે પછી અનેક સંતો મહંતોએ 'શ્રીરામચરિત માનસ'નો પ્રચાર-પ્રસાર કર્યો.

અવધથી કાશી આવેલા તુલસીજીએ શિવજીની સંમતિ જાણવા માનસને મંદિરમાં રાખ્યું. સવારે તે મંદિરમાં મૂકેલા ગ્રંથ ઉપર 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્' લખેલું જોયું. કાશીજનો ખૂબ ખુશ થયા. પાખંડીઓએ નિધુલા અને સિખઆને ચોરી કરી ગ્રંથ લાવવા કહ્યું. તે નિષ્ફળતા મળતાં

તુલસીજીએ આ 'રામચરિત માનસ' ગ્રંથ પોતાના નિકટના મિત્ર ટોડરમલજી ને ત્યાં રાખ્યો. તુલસીજી તેમને કહ્યું આ ગ્રંથ બહાર કાઢશો તો તે અંતર્ધ્યાન થશે. બાદશાહ અકબરના મહેસુલમંત્રી ટોડરમલજીને ત્યાં ઘણી પેઢી સુધી રહ્યો.

તેમની એક કન્યાના દહેજ પેટે આ ગ્રંથ તેની પેટીમાં આપવામાં આવ્યો. તે ગ્રંથ તેને સાસરે ગયો. પેટી ખોલી તો આ ગ્રંથ 'રામચરિત માનસ' ન હતો. તે ગ્રંથ અંતર્ધ્યાન થતાં જ તેના વિયોગમાં તે કન્યાએ દેહ છોડ્યો.

એક બ્રાહ્મણ મરણ પાયો. ડાઘુઓ સ્મશાને લઈ ગયા. તેની પાચળ સતી થવા જતી તેની પત્નીએ આશ્રમમાં બહાર પાટ ઉપર ભજન કરતા તુલસીદાસજીને નમન કર્યા. તુલસીદાસે 'અખંડસૌભાગ્યવતી ભવ' આશીર્વાદ આપ્યા. બ્રાહ્મણી બોલી 'હું સતી થવા જાઉ છું ને તમે સૌભાગ્યવતી ભવ, ના મને આશીર્વાદ આપો છો.'

તુલસીજીએ વિધવા સ્ત્રીને કહ્યું, જો તમે આવી નારાયણ કાશીજનો માટે મારે ત્યાં ભજન કરશો તો મૃતક પતિને જીવીત કરી આપું. તે ડાઘુઓ અને વિધવાએ તેમ કર્યું. શ્રીરામકીર્તન થવા લાગ્યું. બધા ભગવદ્ ભક્ત થયાં. આ વાત કાશીમાં ઠેરઠેર ફેલાઈ ગઈ. કાશીબહાર પહોંચેલી વાત દિલ્હીમાં બાદશાહ અકબરના કાને ગઈ. તેમણે તુલસીજીને દર્શન માટે બોલાવ્યા. તુલસીજી બાદશાહ અકબર પાસે ખૂબ દબદબાપૂર્વક લાવવામાં આવ્યા. ખૂબ પ્રેમપૂર્વક સ્વાગત થયું. તુલસીજીને ઊંચા



સિંહાસને બેસાડ્યા. ઘણી મધુર વાણીથી વિનંતી કરતાં બાદશાહે કહ્યું - આપના ચમત્કારનો સુયશ સંસારમાં ફેલાઈ ગયો છે. ભક્તો આપના ઉપદેશ અને પ્રેમમાં ઉન્મત્ત છે. મને પણ કંઈક ચમત્કાર કરી બતાવશો.

તુલસીજી બોલ્યા - આ તો જૂઠ્ઠી વાતો છે. મને કોઈ ચમત્કાર કરતાં આવડતું નથી. હું તો શ્રીરામજીને માત્ર જાણું છું. માનું છું ભજન કરું છું.

માર્ગમાં ચાલતા દિલ્હી આવતા તુલસીજીને મેવાડના મહારાણા પ્રતાપે હિન્દુત્વની રક્ષા કરવા વિનંતી કરતાં કહ્યું હતું કે રાજા માનસિંહને સમજાવે. તે સમયે જ દિલ્હીના આમંત્રણથી તરત દિલ્હી જવા નીકળ્યા હતા. નૌકામાર્ગ યમુના પ્રદેશમાં આવ્યા તો ત્યાંના રાજાએ ટેક્ષ માંગ્યો કે અને ગામેગામ તુલસીજીનું સ્વાગત કરાવ્યું. સત્કાર કર્યો.

યમુનાપ્રદેશથી આગળ વધતાં ઓચ્છાપ્રેત કેશવદાસ મળ્યા. જેમણે બ્રહ્મરાક્ષસ સાધ્યો કહીને કથા કેશવદાસને તેમને યોગમાં પ્રાકૃતકવિ કહ્યા. ભૂત સિધ્ધ કવિ કેશવે રાત્રિમાં ઉપાસક કવિ કેશવને એક વેશ્યામાં વાસના હતી તેથી તે તુરંત સળગી ગયા. કવિ કેશવનો ઉધ્ધાર કર્યો.

વિંધ્યાચલ પર્વત પ્રદેશમાં એ રાજા મિત્ર હતા. તેમણે એકબીજાના સંતાનોને પરણાવાનો નિર્ણય કર્યો. સંજોગવત બંન્નેને ત્યાં પૂત્રી જન્મી. પરંતુ એક રાજાએ તુલસીજીને વિનંતી કરતાં તુલસીજીએ રાજાની પૂત્રીને પુરુષમાં પરિવર્તિત કરી તેને પુરુષત્વ પણ આપ્યું. આમ બંન્ને મિત્રોનો સંતાનનાં લગ્ન થયાં. આવી ઠગાઈની દહેજ લેવા માંગતા રાજાની

વાતજાણી બીજા રાજાએ દુશ્મની થઈ પરંતુ બંન્ને વચ્ચે તુલસીજીએ મિત્રતાને ગાઢ બનાવી.

'રામ નામ ભજન' જ તુલસીજી કરે છે તે જાણી બાદશાહે તુલસીને તેમનો રામ બતાવવા કહ્યું. જો તેમ નહીં કરે તો કારાગાર (જેલ)માં પૂરશે. અને જેલમાં પૂર્યા. શ્રી તુલસીજીએ તે સમયે શ્રીહનુમાનજીનું ધ્યાન કર્યું. પ્રાર્થના કરી. દિલ્હીમાં હાહાકાર થયો. વાંનરો માણસોને મારવા લાગ્યા. બેગમનાં વસ્ત્રો ફાડી નાંખ્યાં. પથ્થરો મારવા લાગ્યા. લોકો સમજી ગયા કે પ્રલય આવ્યો. તો બાદશાહે ખબર પડી કે તુલસીજીને કેદ કરવાથી જ આમ બન્યું છે. તેમણે તુલસીજીને વિનંતી કરી આપને ખૂબ ધન-માલ આપું.

તો તુલસીએ કહ્યું - આપ થોડો ચમત્કારતો જુઓ. તુલસીની વાત સાંભળી બાદશાહ લજ્જિત થયો. તેણે ક્ષમા માંગી. હવે તો આ કિલ્લો ભગવાન શ્રીરામનો થયો. તેનો છોડી દો.

તુલસીજીની વાણી સાંભળી બાદશાહે કિલ્લો છોડ્યો. બીજો નવો કિલ્લો બનાવી રહેવા લાગ્યા. તે નવી દિલ્હી.

જુના કિલ્લામાં કોઈ રહેતું નથી જે રહે છે તેમનાં શરીર રોગથી ક્ષીણ થાય છે. ગોસ્વામીજી દિલ્હીથી વૃંદાવન આવ્યા. શ્રીનાથજીએ મિલન થયું. વૃંદાવનમાં મદનગોપાલનાં દર્શન કર્યા. તે સમયે શ્રી કૃષ્ણ તુલસીજીને શ્રીરામ સ્વરૂપે દર્શન આપ્યાં.

વૃંદાવનમાં યમુનાકાંઠે ઉદયપ્રકાશ નામે બ્રાહ્મણે બાલસ્વરૂપ વિગ્રહ



શ્રીરામદર્શનકરાવ્યાં. ત્યારથી તે બાલવિગ્રહ રૂપનું નામ કૌશલ્યનંદન તુલસીજીએ આપ્યું.

એક દિવસ શ્રીહિતહરિવંશચંદ્ર કે જે મહાપ્રભુજીના પુત્રએ ગોપીનાથજીના શ્રીઠાકોરજીને પ્રસાદ ભોગે માટે બજારની સામગ્રી તેમણે ભોગ ન લગાવી પરત મોકલી ત્યારે તુલસી નામે સખરા-ભોગ લગાવ્યો. પરત મોકલ્યો. તેમણે કારણ જણાવ્યું કે વૃંદાવનમાં દુકાનો - ઘેર ઘેર બાલકૃષ્ણ જમી રહ્યા છે. વૃંદાવનમાં કોઈ જ વસ્તુ સમનીયો નથી. ગોકુળમાંથી જઈ તુલસીજીએ ગોકુલનાથજીનાં દર્શન કર્યા. વિઠ્ઠલનાથજીને મળી શ્યામસુંદરનાં દર્શન કર્યા.

વૃંદાવનથી તુલસીજી ચિત્રકુટ આવ્યા. સત્યકામ વૈરાગ્ય થતાં તો તુલસીજી પાસે દીક્ષા લેવા આવ્યો. હઠ કરી રાત્રિ ત્યાં જ પડી રહ્યાં.

રાત્રિ સમયે રાણી કદમ્બલતાજી તુલસીજીનાં દર્શન કરવા આવ્યાં. તેમને જોઈ બ્રાહ્મણ સત્યકામ મોહિત થયો. તેને સમજાવ્યો કે તે લાયક નથી. ઘેર જવા કહ્યું તો સત્યકામે તુલસીજીને જણાવું તે તે તેના હૃદયના વિકારને કાઢવા સમર્થ નથી. કૃપા કરીને તુલસીએ તેને સાધુ બનાવ્યો.

એક દરિદ્ર વૃધ્ધ મંદાકિનીજીમાં ડૂબી આત્મહત્યા કરતો હતો. તેના ઉપર દયા કરી. તેને મંદાકિનીમાંથી દરિદ્રતા દૂર કરતી શીલા આવી દરિદ્ર દૂર કર્યા.

સંવત ૧૬૧૩માં સુરદાસજી સાથે ચિત્રકૂટમાં તુલસીજીનું મિલન થયું. સંગસાના સંત સ્વામી નંદલાલ પાસે છ માસ રોકાયા ત્યાં રક્ષાસ્ત્રોત

ભણ્યા. ત્યાંથી જતાં તેમણે શ્રીરામકવચ શાલિગ્રામ ભગવાન સુંદર કામળી નંદલાલ સ્વામીને આપ્યાં. મહાત્મા યાદવાચાર્ય, વેણીમાધવજી અનન્ય માધવ, શ્રી ચિત્સુખજી, કરુણેજી, સદાનંદજી મુરારિદાસજી, નાગાબાવાજી, વિરહી ભગવનીય શ્રી વિભવાનંદજી, દેવજી, દિનેશજી, પિલ્લેસ્વામી સત્સંગમાં આવતા.

તીર્થરાજ પ્રયાગમાં અક્ષયવટમાં સાક્ષાત યાજ્ઞવલ્કયજી ભારદ્વારજીનાં દર્શન થયાં. કાશી જવા નીકળ્યા તો દિગપુર પાસે વાઉપુર ગામ વચ્ચે સીતા-મઢી સ્થાને પ્રેમસમાધિ લાગી. ત્યાં વાલ્મીકીજીનાં દર્શન થયાં. તેજે મુનિદ્ર આ મિથિલાપુરીથી કાશી આવીને તેમણે સં. ૧૬૪૦ માં દોહાવલીની રચના કરી. સં. ૧૬૪૧માં વાલ્મીકિ રામાયણની પ્રતિબીથી લખી. સં. ૧૬૪૨માં 'સતસાઈ' લખવાનો આરંભ કર્યો. તેમણે હનુમાન બાહુક, વૈરાગ્ય સંદીપની અને શ્રીરામાજ્ઞા પ્રશ્નાવલીની રચના કરી. કાશીમા હનુમાનજીનું સંકટમોચન મંદિર બનાવ્યું.

બાદશાહ જહાંગીર ૧૬૭૦માં તુલસીદાસજીનાં દર્શન આવ્યા. ભેટ સ્વરૂપમાં ધરતી અને ધન આપવા ઈચ્છા કરી. તો તે ન સ્વીકારતાં કહ્યું શરીર નાશવંત છું.

*અરબ ખરબ લૌ દ્રવ્ય હૈ, ઉદય અસ્ત લૌંરાજ।*
*તુલસી જો નિજ મટન હૈ આવૈ કૌને કાજ॥*

અયોધ્યાના દર્શને આવેલ ભંગીને રામસ્વરૂપ સમજી ભેટી પડ્યા. તુલસીજીની ધામ અને ધામવાસીની નિષ્ઠા જોઈ લોકો મુગ્ધ થયા.



એકવાર ગિરનાર સોરઠ, જુનાગઢ સૌરાષ્ટ્રના સિધ્ધ યોગીઓ આપનાં દર્શને આકાશમાર્ગે આવ્યા. ચંદ્રમણિ ભટ્ટને કાશીવાસ માટે વ્યવસ્થા કરી આપી. કમલભવનને ભગવત દર્શન માટે ભજન કરવા કહ્યું. ઔદાસ બ્રાહ્મણે હઠ કરી તો કહ્યું વૃક્ષ નીચે ત્રિશુળ ઊભું ઘોચો (રોપા) અને ત્રિશૂળ ઉપર કૂદી પડો. તે બાબતે પૂછતાં કહ્યું મારા વચન ઉપર વિશ્વાસુ ક્ષત્રિય જ ઉપરથી કૂદી શકે. તો તે ક્ષત્રિય કૂદતાં રામે તેને ઝીલી લીધો. તુલસીજીના વચનમાં વિશ્વાસ રાખે તેને શ્રીરામ દર્શન થાય.

એકવાર એણે તે પ્રસાદ જમાડતી વખતે પ્રેમાવેશમાં છતઉપરથી પડી ગયા તો ભગવાને તેમને બચાવ્યા.

મહાપ્રયાણની અંતિમ ઘડી આવી પહોંચી.

*'રામચન્દ્ર યશ બરનિ કૈં ભયો ચહત અલમૌન।*
*તુલસી મુખ દીજિયે, અબહી તુલસી સોન॥'*

કાશીપુરીમાં જ

*સંવત સોલહ સૌ અસી, અસી ગંગ કે તીર।*
*શ્રાવણ શ્યામા તીજ શનિ તુલસી તજ્યો શરીર॥*

# ભક્તવર શ્રીરામરાયજી

શ્રીરામરાયજીનો જન્મ વિ.સં. ૧૫૪૦ માં વૈશાખ શુકલ એકાદશીના રોજ મધ્યાહ્નકાળે પંજાબમાં રાવી નદીને કિનારે આવેલ લાહોરમાં થયો. તેમના પિતાનું નામ ગુરુગોપાલજી અને માતાનું નામ યશોમતી હતું. આપના ઘરમાં પરંપરાગત શ્રીગીતગોવિંદ કર્તા શ્રી જયદેવજી ઠાકુર અને શ્રીરાધામાધવજી બિરાજતા હતા. શ્રીરામરાયજીના પિતા ગુરુગોપાલને તેમની ઈચ્છા મુજબ સ્વપ્નમાં શ્રીરાધામાધવજીએ કહ્યું કે પ્રભુનું ચરણામૃત પોતાની ધર્મપત્ની યશોદાને પાયું. ફળરૂપે આપને ભક્તપ્રથર પૂત્ર રામરાયજીનો જન્મ થયો.

રામરાયજી ૧૧મા વર્ષે યજ્ઞોપવિત સંસ્કાર આપ્યા. પિતાએ ગાયત્રી મંત્ર આપી શ્રી રાધા ગોપાલ મંત્ર આપ્યો. આ જ મંત્ર શ્રી જયદેવજીને યમુના તટે મળ્યો હતો.

શ્યામસુંદર - દસ મંત્ર હતો. આપે કહેલા વિશાળ ભોજ-ભંડારામાં



હજારો બ્રાહ્મણો જમ્યા રામરાયજીની ખ્યાતિ સર્વત્ર ફેલાઈ ગઈ.

એક સમયે શ્રી રાધામાધવે આજ્ઞા કરી કે ‘તમે વૃંદાવન જાઓ’ અને હું પાછળથી તમારા નાનાભાઈ ચંદ્રગોપાલ કે જે ચિત્રાસખીનો અવતાર છે તેમને વૃંદાવન લઈ આવીશ.

આપ યોગબળે હરિદ્વાર પહોંચી ગયા. ત્યાં રામરાયજીના નાનાભાઈ આસુધીરજી મળ્યા. બન્ને ભાઈ વૃંદાવન જવા નીકળી ગયા. માર્ગમાં સંતપ્રેમપ્રસાદીનો પ્રેમ જોઈ રામરાયજી અલીગઢ રોકાયા. ત્યાં તેમની દીનતા જોઈ આશીર્વાદ આપ્યા. તે કંગાલમાંથી શ્રીમંત બની ગયો. તે રાધામાધવની સેવા પૂજા કરવા લાગ્યા. રામરાયજીએ આસુધરજીને સંપૂર્ણ વ્રજયાત્રા કરાવી. રામરાયજી વ્રજવાસી અને બ્રાહ્મણોની સેવા કરતા. જનતા રામરાયજીને પ્રભુ કહેતા.

રામરાયજીને વૃંદાવનમાં રહેવાની ઈચ્છા થઈ. પરિકરોએ તેમને સમજાવ્યા કે હિંસક જાનવરો રહે છે જ્યારે સમગ્ર પરિવાર તો તે સમયે રામરાયજી ઘરેથી નીકળી વૃંદાવન પહોંચી ગયા. યમુનાકાંઠે રાધામાધવનું ચિંતન કરવા લાગ્યા. શ્રી રાધામાધવજીએ તેમને દર્શન આપ્યાં અને કહ્યું - પ્રથમ તમે તીર્થાટન કરો. ત્યારપછી અહીં રહો. રામરાયજી તીર્થાટન કરતા કાશી ગયા. તેમની ભક્તિથી પ્રભાવથી વિદ્વાનોએ શોભાયાત્રા કાઢી. તે શોભાયાત્રામાં શ્રી માધવેન્દ્રપુરી, રામેશ્વર તીર્થ, પ્રકાશાનંદ સરસ્વતી, શ્રી વલ્લભાચાર્ય, શ્રી ગોકુલાનંદ વિદ્યાસાગર ગોવિંદ કવિ રંગનાથ, વિશ્વનાથ જેવા મહાપુરુષ હતા. વિરોધી ઈર્ષાળુ લોકો સામે

શાસ્ત્રાર્થ કર્યો. તેમને પરાજિત કરી ભક્તિમય બનાવ્યા. રામરાયજીએ કાશીમાં ભંડારો કર્યો. હજારોને પ્રસાદ ભોજનથી સંતુષ્ટ કર્યા. સ્વામી નિત્યાનંદજી મહાપ્રભુ પ્રસન્ન થઈ તેમના તરફ તેમને આકર્ષાયા. રામરાયજીને માધવેન્દ્રપુરીજીએ સંકર્ષણ ભગવાન કહ્યા. તેમને દીક્ષા લેવાનું કહી ગુરુત્વ સ્વીકારવા કહ્યું. આચાર્ય હોવા છતાં તે વાત સ્વીકારી. તેમની દીનતા જાણી શ્રી વલ્લભાચાર્યજી પ્રસન્ન થયા.

શ્રીરામરાયજીએ અષ્ટપદી ચૈતન્ય મહાપ્રભુને સંભળાવી. તો ચૈતન્ય મહાપ્રભુજીએ રામરાયજીને 'સાક્ષાત શ્રી રામભદ્ર છો' તેમ કહ્યું. તેમણે વૃંદાવન મળવાનું કહ્યું.તેમણે તેમની સાથે ભુગર્ભ અને લોકનાથને લઈ જવા કહ્યું.

રામરાયજી જગન્નાથજાં દર્શન કરી વૃંદાવન આવ્યા. રામરાયજીએ માધવેન્દ્રપુરી ને શ્રીનાથજીની સેવા આપી. ત્યાં રામરાયજી ઉત્સવો કરવા લાગ્યા. બે બંગાળી વૈષ્ણવો ને શ્રીનાથજીની સેવા આપી. આ સમયે રામરાયજીનો વિરહ-વિયોગ થતાં તેમના પિતા ગુરુગોપાલજી અને માતા યશોમતીએ દેહ છોડ્યા. તે સમયે સિધ્ધ સર્વત શ્રી રામરાયજીએ નાનાભાઈ ચંદ્રગોપાલને સ્વપ્રમાં કહ્યું "તમે પતિપત્ની શ્રી રાધામાધવ વિગ્રહને લઈને વૃંદાવન આવો. ચંદ્રગોપાલ વૃંદાવન આવીને વંશીવરમાં રોકાયા.

રામરાયજી વંશીવર ગયા તો રાધામાધવજી ભગવાને છાતીસરસા ચાંપ્યા.



# ભક્ત જયમલજી

રાજસ્થાનના મેડતા નગરના ભક્તરાજા જયમલજી રાજ કરતા હતા. શ્રી ભક્ત જયમલજી શ્રી હિતહરિવંશજીના વૃંદાવનમાં શિષ્ય હતા.

રાજા જયમલજી શ્રી ઠાકોરજીની સેવાપૂજામાં વ્યસ્ત રહેતા. તેમને ઠાકોરજીમાં અતિ અભિપ્સિત પ્રેમ હતા. સેવા પૂજાનો અવરોધ સહેજ પણ ગમતો નહીં. જયમલજી પોતાના ઠાકોરજીના મંદિરમાં ચાર-ચાર કલાક સેવા કરતા. સેવા સમયે જે કોઈ સમાચાર આવે તેને સાંભળતાં જ નહીં. જે સમાચાર આપે તેને મરાવી નાંખે. રાજા જયમલજી નો ભાઈ મંડોવરનો રાજા હતો. જે તેમનો દુશ્મન હતો. તેમણે જયમલજીનો ભક્તિ સમય જાણ્યો તેણે પૂંજાના સમયે જ નગર મેડતાન ઘેરી લીધું. જયમલજીને કોઈ જ સૈનિક કે વ્યક્તિએ આ સમાચાર રાજા જયમલજીને આપવાની હિંમત ના કરી. અંતે આ યુધ્ધના સમાચાર જયમલજીની માતાએ આપ્યા. મંત્રીઓએ રાજમાતાને રાજા પાસે મોકલવાનો નિર્ણય કર્યો હતો. રાજા

જયમલજીએ માત્ર એટલું જ કહ્યું - 'ભગવાન બધુ સારું કરશે જ.' ભક્ત જયમલજીતો સેવા-પૂંજા કરતા જ રહ્યા. ભક્તવત્સલ ભગવાન યોગક્ષેમ વહ્યા કરે છે. ભક્તના સંકટ દૂર કરવા સ્વયંમ્ ભગવાન આવ્યા. ઘોડેસવાર થઈને ભગવાન રણભૂમિમાં ગયા. એકલા ભગવાને જ શત્રુસેનાને મારી ભગાડી. અંતર્ધ્યાન થયા. શત્રુપરાજયની સર્વેજન ચર્ચા કરવા લાગ્યા. સેવાપૂજા પૂર્ણ કરી યુધ્ધ ભુમિમાં જવા નિકળ્યા. તેમણે અશ્વપાલ પાસે ઘોડો મંગાવ્યો. અશ્વપાસે ઘોડાને હાંફતો જોયો. તે પ્રશ્વેદથી રેબઝેબ હતો. જાણે કોઈ કુશળ સવારે સવારી કરી છે. આ વિશે પૂછતાં તમામ ચૂપ રહ્યા. તેમણે તે વાત જાણી લીધી. યુધ્ધ સ્થળે સેના ઘાયલ બની પડી છે. વેરી પણ પડ્યો છે. વેરી ભાઈએ પ્રસન્ન થઈ પૂછ્યં - ''તમારી સેનાનો પેલો કાળો સુંદર સીવાઈ કોણ છે?'' જયમલજીએ પૂછ્યુ તમને કોણે ઘાયલ કર્યો.

વેરીભાઈએ ઉત્તર આપ્યો - અમને તમારી સેનાએ નહીં પણ પેલા શ્યામલ સિપાઈની સૂરત ઘાયલ કર્યો. તેણે જ મારી સેના મારી ભગાડી.

તેની સુંદર આકૃતિએ જ મન હરી લીધું.

*એક મનકે સિવા કુછ ઓર ન થવા વો મન ભી તુમ્હારા કર બેઠે.*
*એ શ્યામ તેરી બંસી કી કસમ હમ તુમસે મહોબત કર બૈઠે.*

આવું સાંભળતાં જ ભક્ત જયમલજી ભાવવિભોર થઈ બોલ્યા. 'તમને તો તેમનાં દર્શન થયાં પણ મારાં નેત્રતો તડપી રહ્યાં છે.



*ઐરે વ્રજચન્દ્ર તેરે સુખ કી સકોરી હું મૈં*
*ઔરે ઘનશ્યામ તેરે રૂપ કી હનૈં આતકત ॥*
*મેરી મતિ બાવરી હવૈ જાય જાનરાય પ્યારે સવરે*
*સુભાય કે રસીલે ગુને ગાય ગાય ॥*

ઘાયલ વેરી રાજા સમજી ગયા કે તે જ શ્યામસુંદર છે. જેમણે ભક્તની રક્ષા કરી. જયમલજીને કુશળ પૂછીને તેમણે ઘેર પહોંચાડ્યા. તેમણે નિત્ય ભગવાનની સેવા કરવાનો નિર્ણય કર્યો. શત્રુને વેદના થઈ કે મેં ભક્તનું બુરું કર્યું. દગો કર્યો. આ ભક્તવાણીને ભક્ત સત્ય કરી. જયજયકાર કર્યો.

રાજા જયમલને જે દુઃખ કે મેં માતાને એમ કહેલું કહે 'હરિ ભલી કરેં' આ બુરું કર્યું કારણ કે મારું આમ કહેવું થયું. ભગવાનને કષ્ટ ઉઠાવવું પડ્યું.

# ભક્તના સાક્ષી ગોપાલજી

ગૌંડદેશ (ઓરિસ્સા)માં કુળ અને આયુમાં મોટો અને નાનો એમ બેમાં ભાઈ મોટો હતો. બીજો નાની ઊંમર અને સામાન્ય કુળનો હતો. તીર્થાટન માટે બંન્ને નીકળ્યા. બંન્ને તીર્થ દર્શન કરતા વૃંદાવન આવ્યા. તેઓ ઉત્તરાખંડમાં વૃંદાવનથી આવ્યા. પાછા તે વૃંદાવન આવ્યા. તેમને વૃંદાવનનું આકર્ષણ થયુ હતું. દેવસંજોગે મોટોભાઈ વધુ વૃધ્ધ હશે. તે વૃધ્ધ બ્રાહ્મણ બીમાર પડ્યો. નાના ભાઈ ખૂબ સેવા કરી. મોટોભાઈ કુશળ થયો તો નાનાભાઈની પ્રસંસા કરી તેને કહ્યું - મેં મારી પૂત્રી તને આપી દીધી. તે વૃધ્ધે નમ્રતાથી કહ્યું હું આગ્રહપૂર્વક મંદિરમાં બીરાજમાન ગોપાલજીની સાક્ષીમાં રાખીને કન્યા આપવાની પ્રતીક્ષા કરી. તે અતિ આગ્રહથી તે વૃધ્ધની વાતનો સ્વીકાર કર્યો.

બંન્ને વૃંદાવનમાં ચાલી ઘેર આવ્યા. ભાઈ તે યુવાને કહ્યું - તમે તમારી પ્રતિજ્ઞાનું પાલન કરો. તમારી પૂત્રીના વિવાહ મારી સાથે કરો.



વૃધ્ધે કહ્યું- સ્ત્રી કુટુંબીની સંમતિના મળતાં તે વૃધ્ધ પ્રતિજ્ઞાથી ડગી ગયો.

થોડા દિવસ પછી યુવકે ફરી વૃધ્ધને કહ્યું “આપ હવે જલ્દીથી જપતિની કન્યા મને આપો. જે વાત તમે વૃંદાવનમાં ગોપાલજીના મંદિરમાં કહી હતી.” તે વૃધ્ધની સ્ત્રી અને પુત્રોએ જાણી તો કહ્યું - મારી કન્યાથી તે હીનકુળમાં આપવી યોગ્ય છે? અમે વિવાહ નહીં કરાયો. વૃધ્ધે કહ્યું મેં તો કન્યા આપવાની પ્રતિજ્ઞા કરી છે તે ના કઈ રીતે પાડું? લોકોને સલાહ આપી તમે કહો કે હું હોશમાં ન હતો. બીમાર હતો. બીમારીના કષ્ટથી મેં કહ્યું હતું. યુવકે પંચાયત ભેગી કરી. પંચે કહ્યું - ‘કોઈ સ્ત્રી-પુરુષ તમારી વાતનો સાક્ષી છે?’

યુવકે ગોપાલજીને સાક્ષી બતાવ્યા. ઘટના વૃંદાવનમાં ગોપાલજીના મંદિરમાં બની હતી. તે યુવકને તુચ્છ સાક્ષી નથી. પંચે તેનો આવેશ માન્યો. ભગવાન થોડા સાક્ષી આપશે? તેમણે લખાવ્યું કે ગોપાલજી સાક્ષી આપશે તો કન્યાનાં લગ્ન કરાવી આપીશું.

યુવક ચાલતો પ્રભુ શ્રીહરિ વિશ્વાસે વૃંદાવન આવ્યો. ગોપાલજીને પ્રાર્થના કરી કહેવા લાગ્યો - તમે મારી સાથે ગામમાં આવો અને સાક્ષી આપો. મેં તો લખાણ કરાવ્યું છે તે પ્રભુ શ્રી શ્યામસુંદરની રાહમાં ગોપાલજી સામે બેઠો. ત્રણ પહોરનો સમય વિત્યો. અન્ન, જળ ત્યાગ કર્યો. ભગવાન શ્યામસુંદર પ્રસન્ન થયા બોલ્યા. “અરે નૈયા ! પ્રતીમા ચાલે નહીં.”

યુવકે કહ્યું ‘તો બોલે કઈ રીતે?’

જો પ્રેમ મળી બોલે તો ચાલે પણ ખરી - યુવકે કહ્યું.

આ ભાવપૂર્ણ ઉત્તર સાંભળી ગોપાલજી ચાલવા લાગ્યા. તેમની આગળ યુવક ચાલવા લાગ્યો. ગોપાલજીએ કહ્યું - "હું તમારી સાથે ચાલુ છું મને બે શેર ભોગ આપવો પડશે અમે બેઉ અડધો અડધો જમીશું. પ્રેમી ભક્તનું ભોજન સામે માંગે છે. પાછા તેનો સાક્ષી છે."

સાક્ષીની સરભરા જમાઈ જેમ કરવી પડે. બ્રાહ્મયુવાને કહ્યું- ચિંતા ના કરો ગોપાલજી, મારી પાસે ઘણા રૂપિયા છે.

શ્યામસુંદર હસી પડ્યા - 'હું સામાન્ય ચીજ નથી ખાતો. હું તો માલા માલ ખાઉ છું.'

શ્યામ સુંદરે કહ્યું - થોડા ભોજનનો ભોગ નહીં પૂરા બે બે શેરનો ભોગ લગાવો.

યુવકે પ્રેમથી કહ્યું - અરે ! મારા શ્યામસુંદર તમે નકામી ચિંતા કરો છો. બેના બદલે ચાર શેરનો ભોગ જમજો બસ.

તેમણે યુવકને હસતાં કહ્યું - તમારી પાછળ મારા પગનાં ઝાંઝર વગાડતો ચાલીશ જે તમને સંભળાશે. તમારે વિશ્વાસ રાખવાનો કે હું તમારી પાછળ ચાલું છું. હા જો તમે પાછુ વળી જોશો તો તું ત્યાં જ રોકાઈ જઈશ.

આગળ ભક્ત પાછળ પાછળ શ્યામસુંદર ચાલવા લાગ્યા. ઝાંઝર ઝણકાવતા ચાલતા શ્યામસુંદરનો સ્વરૂપને જોવાની તીવ્ર ઈચ્છાથી જેવું યુવક ભક્તે પાછળ જોયું તો શ્યામસુંદર મલક મલક હસતા ત્યાં જ ઊભા



રહી ગયા.

ભક્ત યુવકે કહ્યું 'કેમ થાકી ગયા?'

શ્યામસુંદરે મલકાતાં કહ્યું - ના રે ના મેં તો પહેલેથી કહ્યું હતું કે પાછુ વળી જોશે તો શરતમુજબ ત્યાં જ ઊભો રહીશ આગળ નહીં આવું.

યુવક વિપ્ર પોતાના ગામથી થોડે દૂર ઊભા રહેલા પ્રભુ શ્યામસુંદર ગોપાલજીને રોકીને દોડતો ગયો ગામ તરફ તે દોડતો જતો કહેતો હતો 'ચાલો ચાલો ગોપાલજી આવી ગયા.' લોકો આશ્ચર્યચકિત થયા. લોકો દોડતા આવ્યા. પંચો સમક્ષ ગોપાલજીએ સાક્ષી આપી. દરેકને શ્રીહરિ દર્શન થયાં. આ જોતાં પ્રતિષ્ઠિત બ્રાહ્મણે યુવક સાથે કન્યા વિવાહમાટે ઉત્કૃષ્ટ બન્યા.

અંતે વૃધ્ધે કહ્યું - 'જેના માટે શ્યામસુંદર સાક્ષી દેવા આવ્યા તેને જ હું કન્યા પરણાવીશ. ભક્તની અભિલાષા પૂર્ણ થઈ. પ્રેમભાવ રંગ લોક હૃદયમાં ભરાઈ ગયો. શ્રીગોપાલજીનો વિગ્રહ પાછો વાળી વૃંદાવન ન ગયો. લોકોએ વિનયથી ઘેરી લીધા, ત્યાં જ રાખ્યા. રાજાએ ગોપાલજીની સેવા માટે સુખ-સુપહ અર્પણ કર્યું. ભોગ-રાગ પ્રબંધ કર્યો. આજે પણ ઓરિસ્સામાં ગોપાલજી બિરાજી ગયા છે.'

જગન્નાથપુરીની મહારાણીએ કન્હૈયાને નાસામણ પહેરાવાની અભિલાષા કરી તો સાક્ષીગોપાલના પૂંજારીએ નાસામાં છેદ નથી કહી ઉદાસ કર્યા. તો સ્વપ્નમાં ગોપાલજીએ કહ્યું - અરે રાણીજી ! મારી યશોદામૈયા છે. નાનપણમાં મારાં નાક-કાન વિંધાવ્યા છે. મને નાસામાની

પહેરાવો. પૂંજારીએ જોયું તો નાક કાન વિંધાયેલા હતાં.

રાણીજી જાણી ગયાં - આતો યશોદાનો લાલો છે. ઉત્સવ કર્યો.

સાક્ષી ગોપાલજીને રાધા વિના ના ગમે રાધાને કાન વિના. તેથી તો વિશ્વેશ્વરના પૂંજારીને ત્યાં પૂત્રીરૂપે રાધીકા પ્રગટ્યાં. બાલિકા લક્ષ્મી મોટી થઈ તો તે રસમાધુર્યથી ઓતપ્રોત વિનોદલીલા કરતી. લક્ષ્મીની મૂર્તિ રાધા ભાવના આરોપે બનાવી સાક્ષી ગોપાલજીની ડાબી બાજુ પ્રતિષ્ઠિત છે. તે લક્ષ્મીએ દેહ છોડતાં રાધાવિગ્રહમાં પ્રતિષ્ઠિત થઈ.



# ભક્ત વિજયસિંહ (રામદાસજી) બોડાણો

દ્વારિકાનગરીથી થોડે દૂર ચારુતર પ્રદેશમાં મહિસાગર પાસેના ડંકપુરમાં - ડાકોરમાં વિજયસિંહ (રામદાસજી) ભક્ત રહેતા હતા. તેમનો જન્મ સં. ૧૧૨૯માં થયો અને મૃત્યુ ૧૨૧૨માં થયું હતો. ભક્ત વિજયસિંહને ભક્તિ અત્યંત પ્રિય હતી. તેઓ પ્રત્યેક એકાદશી એ દ્વારિકા જઈને જાગરણ કીર્તન કરી મંદિરમાં ભક્તિ કરતા હતા. શ્રીહરિ ભક્તિ વિલાસ માં એકાદશી અને પૂર્ણિમા મહાત્મય વર્ણવેલ છે.

એકાદશીના દિવસે જે વ્યક્તિ રાત્રિ જાગરણ કરે ભગવાનની ભક્તિ કીર્તન કરે છે. જાગરણ માં નૃત્ય કરે છે તેને ભગવાન વશ હોય છે.

ભક્ત વિજયસિંહ બોડાણો વૃધ્ધ થયો. ભક્તને રણછોડરાયે કહ્યું - હવે એકાદશી જાગરણ માટે આવવું નહીં. ઘેર જાગરણ કરજો. શ્રીઠાકોરજી, દ્વારિકાધીશની ભક્ત રામસિંહ (વિજયસિંહ) વાત નામની

ભક્તને ભગવાનનો દબાવ હતો તો વખતે 'હા' કહી પણ પ્રેમવશ દ્વારિકા તો આવવાનું ચાલુ જ રાખ્યું. ભક્તિનો પ્રેમ દઢનિયમ જોઈ ભાવમાં આપી ભગવાને કહ્યું 'હવે તો હું જ તમારે ઘેર આવીશ.' આટલો બધો પ્રેમ છે. વૃધ્ધ શરીર ચાલતું નથી. આ કષ્ટ મારાથી લઈને જ આવજો. પાછળની ખડકી તરફ ગાડું રાખજો હું બારી ખોલી દઈશ.

રામદાસ - વિજય બોડાણે કહ્યું - પ્રભુ દ્વારે તો રક્ષકો સાવધાનીથી રક્ષા કરે છે તો કેવી રીતે નીકળીશું.

દ્વારિકાધીશે કહ્યું - ચિંતા ના કરો. એ વિધાતો મને આવડે છે. હું રુકમણીજીનું હરણ કરવા ગયો તો બીજો રસ્તો ના જડતાં બારી ના રસ્તેથી જ નીકળ્યો.

રામસિંહ હસી પડ્યો - ચોરીનો અભ્યાસ તો જન્મથી જ છે. હસે મને, તે વૃધ્ધને જ શીખવો છો. સારું જેવી આજ્ઞા.

મને તેડી ઉપાડજે. ગાડામાં પધરાવીને જલદી ચાલ્યો જજે - પ્રભુએ કહ્યું.

ભક્ત વિજયસિંહ બોડાણો જાગરણ કરવા ગાડામાં બેસીને આવ્યા. આ ૬૨ મી યાત્રા હતી. સંવત ૧૨૧૨ની સાલ હતી. બજારના લોકોએ જોયું ભક્ત વૃધ્ધ થયા એટલે ગાડું લઈને આવ્યા. એકાદશીનું જાગરણ કરી બારસની અડધી રાતે મંદિરમાં આવ્યા. તેમણે જોયું ભગવાન પોતાની બહુમૂલ્યપેટી ખોલવા વસ્ત્રાભૂષણ પહેરી નખશિખ શૃંગાર કરે છે. રામસિંહ-વિજયસિંહને જોતાં નારાજ થયા. ક્યારનો રાહ જોવું છું. તે



ઘણી વાર કરી ઠીક હવે ઉતાવળ કર, લોકો હજુ સુવે છે. શ્યામસુંદર કહીને રૂમઝુમ રૂમઝુમ ચાલવા લાગ્યા.

વિજયસિંહે કહ્યું - મને આભૂષણનો લોભ નથી. તે ઉતારી નાંખો.

ઠાકુરજીએ ના કહી.

વિજયસિંહ કહ્યું - 'આપના આવવાથી પૂંજારી નારાજ થશે પણ દાગીના સાથે જવાથી દુઃખ થશે. માટે આભૂષણ ઉતારી નાંખો. ઠાકોરજીના તન-મનમાં ઉત્સાહ હતો. ઠાકોરજી શ્રીવિગ્રહથી આભૂષણો ઉતારી મંદિરમાં રાખ્યાં. વિજયસિંહનો પ્રેમનો ઠાકોરજી પ્રત્યે હતો ને રણછોડજીને ગાડામાં પધરાવી વિજયસિંહ ચાલી નીકળ્યો.'

સવારે પૂંજારીએ મંદિર ખાલી જોયું. મંદિર શ્રીજી વગર સુનુ લાગતું હતું. લોકો સમજી ગયા રામસિંહ-વિજયસિંહ આવ્યો હતો તે પ્રભુને લઈ ગયો. દ્વારિકામાં હાહાકાર થયો. પૂજારીએ પીછો કર્યો. પાછળ સૈનિકો - રાજા આવવા લાગ્યા. વિજયસિંહે કહ્યું - 'હવે શું કરવું?'

પ્રભુએ કહ્યું - 'મને વાવમાં પધરાવી દો.'

એમ થયું ભક્તે એમ જ કર્યું. અને ગાડું હંકાર્યું.

પૂંજારીએ રામદાસ-વિજયને ડાકોરમાં પ્રવેશતાં જ પકડ્યો. ખૂબ માર્યો. ગાડામાં શોધખોળ કરી ભગવાન કે કંઈ જ ના મળ્યું. લોકોએ વાવમાં જોયુ વાવનું પાણી લોહીવાળું હતું. બધા આશ્ચર્યમાં પડ્યા.

પૂજારીઓને પ્રભુ શ્રીજીએ કહ્યું - મારા અંગને હાથ નાલગાવતા. પ્રભુ દુઃખી કણસતા હતા. તેમણે કહ્યું - તમે મારા ભક્તને માર્યો તેના ઘા

મને થયા. તેનું લોહી છે. 'મારે તો હવે રામસિંહ-વિજયસિંહને ઘેર જ જવું છે. જનારને કોણ રોકે છે?' પ્રભુજીએ કહ્યું.

પ્રભુ તમે નહિં આવો તો ઉપવાસ કરીશું

ભગવાને પંડ્યાને ખૂબ ધમકાવ્યાં, બ્રાહ્મણોએ ઉપવાસ કરવાનું કહ્યું અને બ્રહ્મહત્યા આપવાનું કહ્યું.

ભગવાન હસી પડ્યા અને બોલ્યા - અમે પ્રલય કરીએ છીએ ત્યારે કેટલાય બ્રાહ્મણો મરે છે. છતાં મને કોઈ હત્યા લાગી નથી. ભલે મરો હું હવે પાછો વળવાનો નથી. ધનલોભી બ્રાહ્મણોને બીજીમૂર્તિ બતાવી. જે દ્વારકાની સાવિત્રીવાવમાંથી નીકળી. તે ધનલોભી પૂંજારીને બ્રાહ્મણો એ હઠ કરી તો ઠાકોરજી બોલ્યા - તૂલા કરો. તૂલામાં મારા વજન જેટલું સોનું લઈ જાવો તે મંદિરમાં પધરાવજો. આજિવિકા માટે મારા વજન જેટલું સોનું લઈ જાઓ. ગોમતીને કિનારે તુલા લાવી. ગુગળીઓ ધનલોભવશ રાજીનારો થઈ ગયા. રામદાસ વિજયસિંહને ઘેર આવી ગંગાબાઈને કહ્યું - 'ચિંતા ના કરો તારા નાકની વાળી તુલસી પાન મૂકીને તુલામાં મૂકજે.'

ગંગાબાઈએ તુલાની પૂંજા કરી. તુલસીપત્ર સાથે નાકની વાળી મૂકી આશ્ચર્ય પલ્લુ નમી ગયું. ભગવાન રણછોડ- દ્વારકેશ ગંગાબાઈની વાળી એ તોલાયા. લજ્જિત પૂંજારીઓ કહેવા લાગ્યા. દ્વારકામાં તો રણછોડજી રાણીવાસના સંપૂર્ણ રાણીઓનાં આભૂષણોથી જ તોલાયા અને અહીં એક વાળીથી તોલાયા કંગાળ બોડાણાના ઘરમાં શું છે? કે સુખ



મળવાનું? શું કરવું? રણછોડજી રામદાસના ઘરમાં બિરાજ્યા વિજયસિંહ-રામદાસજીતો વાળીએ ભગવાન તોળાય અને બોડાણા ઘરમાં બિરાજે તે પહેલાં દ્વારકાના રાજાના લશ્કર સામે પ્રેમમયી ચહેરે કહેવા ગયા કે રણછોડજીતો એમની મેળે મારી સાથે આવ્યા છે તે પહેલાં જ એક સિપાઈએ જનોઈ પર તલવારનો ઘા કર્યો. બોડાણાની હત્યા થઈ. રાધાકુંડ પાસે તેમના અગ્નિસંસ્કાર થયા. આ ઘટના દીપાવલીના દિવસે જ વિ.સં. ૧૨૧૨માં ઘટી. તે સમયે બોડાણાની વય ૮૩ વર્ષની હતી. ભક્તના શરીર ઉપરના ઘા ભગવાને ખમ્યા તેથી તેઓ આયુધન છત બન્યા જ્યારે ભગવાને બલિને બાંધ્યો ત્યારે 'બલિબંધ' નામ પડ્યું. પ્રેશ્વા સરકારે ડાકોરનો વેરો મંદિર નીભાવણીમાં વાપરવા જણાવ્યું. ભગવાનની પૂંજા-સેવા અર્ચના થાય. રામસિંહ બોડાણાએ લક્ષ્મીજી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી. સંવત ૧૪૨૪માં ડાકોરના મંદિરમાં રામસિંહ બોડાણાએ પ્રભુને સ્થાપિત કર્યા. ડાકોરમાં શ્રીરણછોડરાયજીનું મંદિરનું નિર્માણ પેશ્વા સરકારે કર્યું. જેના વહીવટદાર શ્રી તાંબેડકર રહ્યા. આજે પણ તે પરિવારનું નિવાસ સ્થાન નજદીક છે. વિ.સં. ૧૨૧૨માં દિવાળીના દિવસે પ્રભુજી વ્હાલ શ્રીરણછોડરાય પધાર્યા તે સમયથી મંદિરમાં સં. ૧૮૨૮ સ્થાપીત થયા તે સમયનો ૨૦૦ વર્ષ સુધીનો સમયમાં શ્રી રસભીના રાયરણછોડ બોડાણાજી પરિવાર ના હૃદયમાં સેવા-પૂંજા અર્ચના કિર્તન અને ભક્તિ પામતા રહ્યા. ભક્તોના હૃદયમાં બિરાજેલા રાયરણછોડ હજારો ભક્તો ના હૃદયમાં બિરાજેલા જ છે. દર માસની પૂર્ણિમાએ ભક્તોની વિશાળ

સમુદાય દર્શનાર્થે પદયાત્રીરૂપે કે વહાનમાં પધારી દર્શનસુખ ભોગવે છે. ભગવાન ભક્તિના - ભાવનાના ભૂખ્યા છે. ભક્ત ભગવાન રણછોડજીની કૃપા દૃષ્ટિની માત્ર એક ક્ષણ માટે ઉત્કૃષ્ટ હોય છે.



# શ્રીધર સ્વામીજી

શ્રીમદભાગવત્ મહાપુરાણ ભાગવત્ સ્વરૂપ છે. ભગવાનને ભક્તિ પ્રિય છે. જેથી પ્રભુ સુલભ છે. બિંદુમાધવજીએ પોતાના કરકમળથી શ્રીધરસ્વામીજી લખેલ ટીકાના મુક્યપૃષ્ટ ઉપર શ્લોક લખ્યો છે.

*વ્યાસો વેત્તિ શુકો વેતિ રાજા વેતિ ન વેતિવા ।*

*શ્રીધરઃ સકલં વેતિ શ્રીનૃસિંહ - પ્રસાદત ॥*

એક વખત કાશીમાં બધા પંડિતોની સભા મળી આ ટીકાકારો હતા. જેમણે શ્રીમદ્‌ભાગવત્ ઉપર ટીકા લખી હતી. બધા વિદ્વાનોએ નિર્ણય કર્યો કે સર્વોત્તમ ટીકા કઈ? જેથી બિંદુ માધવજીએ ભગવાનને પ્રમાણ માની ભગવાનના મંદિરમા બધી ટીકા મૂકી. મંદિરના દ્વાર બંધ કરવામાં આવ્યા. જ્યારે મંદિરનાં દ્વાર ખોલ્યાં તો શ્રી શ્રીધરસ્વામીકૃત ‘‘ભાવાર્થ દીપિકા’’ ગ્રંથ ઉપર પોતાના હસ્તકમળથી લખીને તે સર્વોપરી છે તેમ દર્શાવ્યું હતું. તે જાણી વિદ્વાનોએ તેનું અધ્યય શરૂ કર્યું. જેનો પ્રથમ

શ્લોક ટીકાના મુખ્ય પૃષ્ટ ઉપર મળે છે.

આવા આપણા શ્રીધરસ્વામીજીનો જન્મ દક્ષિણ ભારતમાં થયો. બાલ્યકાળમાં જ માતાનો સ્વર્ગવાસ થયો હતો. શ્રીધરજીના પિતાએ સંન્યાસ લીધો હતો. માતા પિતાના વિનાના નિરાધાર શ્રીધરજીના શિક્ષણ માટે કોઈ વ્યવસ્થા ન હતી. તેઓશ્રી અશિક્ષિત રહ્યા. ગોવાળ બની ગાય-ભેંસ ચરાવતા હતા.

એક દિવસ સન્યાસી પરમાનંદજી તેમના ગામમાં પધાર્યા. હિરાપારખુ પરમાનંદજીએ જાણ્યું કે આ બાળક ભવિષ્યમાં મહાપુરુષ બનશે. તેમણે શ્રીધરજીને કહ્યું તમને શું પ્રિય છે? "તો ઉત્તર મળ્યો કે મને ભેંસ પ્રિય છે."

સન્યાસીએ કહ્યું - સારુ તમને તેની સેવાથી ભગવાન દર્શન થશે.

રાજયના રાજા-મંત્રી ચર્ચા કરતા હતા કે સર્વે સિધ્ધિ ભગવત્ કૃપાથી જ છે. તે કૃપથી મનુષ્ય ધનવાન, બલવાન, મહા વિદ્વાન બને છે. તે જ સમયે તૂટેલા પાત્રમાંથી તેલ ભરીને શ્રીધર દુકાનેથી આવતો હતો. રાજા-મંત્રીએ તેને જાણી.

મંત્રીએ તેને મૂર્ખ ગણી લાયક શ્રીધરને કહ્યું "શું ભગવાનકૃપાથી બાળક વિદ્વાન થાય?"

મંત્રીએ કહ્યું - "ચોક્કસ તેમાં શંકા નથી? રાજાએ માહિતી મેળવી. નિરાધાર બાળકને વિદ્વાન બ્રાહ્મણ પાસે શ્રીનૃસિંહની મંત્રની દીક્ષા અપાવી. સરળ શુધ્ધ હૃદયી બાળકે ગુરૂની દર્શાવેલ વિધિ મુજબ ઉપાસના કરવા



લાગ્યો. શ્રીનૃસિંહ ભગવાન પ્રસન્ન થયા. તેમણે તેને વેદ-વેદાંત શાસ્ત્રપુરાણમાં પારંગત બનવાનું અવિરલ અવિચલ પ્રેમલક્ષણા ભક્તિનું વરદાન આપ્યું. શ્રીધરજીએ શ્રીમદ ભાગવતની ટીકા 'ભાવાર્થ દીપિકા' ટીકા લખીને પ્રકાંડ પાંડિત્ય પ્રસિધ્ધ કર્યું.

આશક્તિ વગરના શ્રીધરજીને વિદ્વાન બ્રાહ્મણે સુશીલ કન્યાનાં તેમની સાથે લગ્ન કર્યા. તેમને સન્યાસની જ ઈચ્છા હતી.

સમય ગયો. એક સમયે પૂત્ર જન્મ પ્રસંગમાં પત્ની સ્વર્ગસ્થ થતાં તેમને વૈરાગ્ય જન્મ્યો, નવજાત બાળકેને કોને આપવું? તેજ મુંઝવણ સતાવા લાગી. તે જ સમયે ઘટના બની કે માળામાંથી એક ઈંડુ નીચે પડ્યું. તે ફૂટી ગયું. પક્ષીનું બચ્ચું બહાર નીકળ્યું. તે ચાંચ ખોલવા લાગ્યું. ડોક ફેરવવા લાગ્યું. તેમને અનુમાન કર્યું કે બચ્ચું ભૂખ્યું છે. એક માખી ઈંડાના ચીકણા પદાર્થ પર આવી બેસી બચ્ચાએ તેનું ભક્ષણ કર્યુ.શ્રીધરજીને સમજાયું કે ચરાચર જગતનું પાલન-પોષણ વિશ્વંભર કરે છે. બાળકની ચિંતા કરવી વ્યર્થ છે. ભગવાન શ્રીહરિના શરણે બાળકને મૂકી ચાલી નીકળ્યા. તેઓ કાશી આવ્યા. ત્યાં પરમાનંદ સરસ્વતીજીએ દીક્ષા લીધી. તે જ સમયે શ્રીધરજીના પિતાશ્રી પણ કાશીમાં મુમુક્ષોને વેદાંતનું જ્ઞાન આપતા હતા. શ્રીધરજી ત્યાં ગયા. પિતાને ઓળખ્યા. પૂર્વ સ્મરણ થતાં જ જીજ્ઞાસા વસ કોઈને ન સમજાયું કે ગુરુજી આમ કેમ કહે છે. તેમણે શ્રીધરજીને ઘરની વિગત પૂછી. શ્રીધરજીએ હકીકત જણાવી. પૂત્રના નિર્ણયથી પ્રસન્ન શ્રીધરજી કાશીમાં જ રહ્યા.

એક સમયે શ્રીધરજી રોગી-દુઃખી બન્યા. તેમની સાથે રહેતો માધવનામે સેવક હતો. માધવના પિતા બિમાર પડ્યા. ઘેરથી માણસ બોલાવા આવ્યો. માધવ સેવા મૂકી જવા માંગતો ન હતો. સ્વામીજી આજ્ઞા માની તે વિવષતા પૂર્વક જવા નીકળ્યો. તે ઘેર ગયો તે કાળ દરમ્યાન શ્રીધરજીને ખૂબ ભૂખ લાગી તેથી અચાનક આવેશથી પોકારવા લાગ્યા. "માધવ! બેટા માધવ! થોડું ભોજન બનાવ. મને ખૂબ ભૂખ લાગી છે. ભગવાન બિંદુ-માધવ ભક્તશ્રીધરજીની ભક્તિ ઉપર પ્રસન્ન થયા. રિઝી ગયા. પ્રભુ વિદ્યાર્થી માધવનું રૂપ લઈ આવી પહોંચ્યા. ખીચડી બનાવી રહ્યા હતા. સ્વામીજીને પ્રણામ કર્યા. સેવક માધવ પાછો પિતાજી પાસેથી ગુરૂજી શ્રીધરજી પાસે આવ્યો. તેણે જોયું કે ચૂલો સળગતો હતો. ખીચડી બનતી હતી. તેણે સ્વામી શ્રીધરજી પાસે જઈ પ્રણામ કર્યા. આવા સમાચાર પૂછ્યા, માધવે કહ્યું, ગુરુજી મારી ગેરહાજરીમાં આપની સેવા કોણ કરે છે? આ ચુલો કોણે સળગાવ્યો." આ સાંભળતાં જ શ્રીધરસ્વામી વિસ્મિત થયા તેમણે કહ્યું - 'તમે તો સેવા કરો છો અને તમે જ પૂછો છો?' જયારે સેવક માધવે તેની વાત સ્પષ્ટ કરી કે 'હું તો ઘણા દિવસે આજે જ આવું છું.'

શ્રીધરજી જાણી ગયા કે આ ભક્તવત્સલ ભગવાનશ્રી હરિની વત્સલતા છે. તેઓ પ્રભુકૃપાથી ગદ્‌ગદીત થઈ ગયા. માધવમાં પણ ભાવ ભક્તિ દૃઢ થઈ ગઈ. મારું રૂપ લઈ ભગવાન શ્રીહરિએ સ્વામીજીની સાર-સંભાળ કરી છે.



શ્રીધરજી કાશીથી વૃંદાવન ગયા ધીર-સમીર ઘાટ ઉપર રોકાયા. તેમના સંન્યાસની વાત સાંભળી પ્રેમ-પંડીતો વિદ્યાર્થીઓ ગ્રામજનો તેમને શોધતા વૃંદાવન આવ્યા. તેમને આનંદ થયો. વિદ્યાર્થીઓને વિયોગ-દુઃખ થયું. અનેક બાબત કહીને શ્રીધરજી નકારમય જવાબ આપવા લાગ્યા.

બપોર થઈ તો તેઓ યમુનાજી ગયા. તેમને ચિંતા થવા લાગી કે આટલા બધા ભક્તો ગ્રામજનો સન્યાસીઓની ભોજન વ્યવસ્થા કેવી રીતે કરવી. ભક્તની ચિંતા ભગવાને હરી લીધી. શ્રી વ્રજેન્દ્રનંદન શ્યામસુંદર મદનમોહન આનન્દ મય શ્રી કૃષ્ણચંદ્રજીએ ગોવાળનું રૂપ લઈ બાળક રૂપે તોડવા પીવા ખાશે. ભોજનની સામગ્રી લઈ આવી ગયા. તેમણે તે કુટિરમાં મૂકી કહ્યું - ''સ્વામીજી ક્યાં છે?'' લોકોએ કહ્યું સ્નાન કરવા ગયા છે.

ગ્વાલે કહ્યું મારા દંડવત્ પ્રણામ કહેજો આ સંદેશો આપજો કે આ સામગ્રી, ભોજન પદાર્થો સાધુ સેવા માટે છે. બધાને ભોજન કરાવજો અને કહેજો ચિંતા કરવી હતી તો ઘર કેમ છોડ્યું?

ભગવાનનો ભાવાર્થ હતો કે 'મારા શરણમાં આવીને ફરી ચિંતા? યોગક્ષેમની ચિંતા હું સ્વયમ્ રાખું છું.' જયારે સ્વામીએ જાણ્યું તો તેઓ રડવા લાગ્યા ગ્રામજનો-સ્વજનોએ તેમને ઘેર લઈ જવાનો આગ્રહ છોડી દીધો.

શ્રીધરજી સંન્યાસી બન્યા તે પૂર્વ તેઓ ગૃહસ્થી હતા. તે સમયનો એક બનાવ છે. તેઓ યથાર્થ વ્યવહાર કરતા હતા. એક સમયે વનમાર્ગમાં ડાકુઓ મળ્યા. ડાકુઓએ કહ્યું - 'તમારી સાથે બીજું કોઈ છે?'

ત્યારે શ્રીધરજીએ કહ્યું - 'હા, મારા પ્રાણના આધાર શ્રી રઘુનાથજી.'

તો ગુંડાઓ ચાલવા લાગ્યા. તેમણે ક્યાંય કોઈ બીજાને ના જોયા. તો તેમણે માન્યું કે શ્રીધરજી એકલા જ છે ત્યારે તેમને મારવા લુંટવા ડાકુઓ આવી પ્રયત્ન કરવા લાગ્યા. ઠગોએ જોયું કે ધનુષ્ય-બાણ ધારણ કરેલા પરમ સુકુમારો શ્રીધરજીની સાથે વચમાં ચાલતા હતા. ક્યારેક ક્યારેક વચામાં ઠગને પ્રભુ-સુકુમારો ના દેખાતા તો ઠગો શ્રીધરને લૂંટવા-મારવા પ્રયાસ કરતા પાછા ત્યાં જ તે સુકુમારને દેખતા - તે ડરાવતા હતા.

જ્યારે શ્રીધરજી ઘેર આવ્યા ત્યાં સુધી ક્યાંય ના દેખાયા. તેથી તે ઠગો-ચોરોએ પૂછ્યું. ''પેલા સાંવરા ધનુષ્ય-બાણ ધારી તમારી સાથે જ હતા તે ક્યાં ગયા?''

શ્રીસ્વામીજી સમજી ગયા કે શ્રીરઘુનાથજી તેમની સાથે વનમાંથી ઘેર સુધી ચાલતા હતા. તે જાણીને જ ગૃહસ્થાશ્રમનો ભારને જ ક્ષણે ફેંકી દીધો.

ભગવાન તો પ્રેમીભક્તની હરક્ષણે સંભાળ રાખે છે ભક્ત સાથે રહેવામાં જ સુખી થાય છે. તે ભક્તની રજમાં જ અભિષિક્ત થવા ઈચ્છે છે. ભક્તદર્શન- સંપર્કથી થોડાં ડગલાં ચાલવાથી પણ પાવન થવા ય.

ચોરોને શ્રીધરજીએ કરેલા બધા વિશ્વાસથી કહેલું કે મારી સાથે શ્રી રઘુનાથજી છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુજીએ તેમની પ્રશંસા કરી છે.



# શ્રી જસુસ્વામી

ભગવાન શ્રી કૃષ્ણની મધુર લીલાને જોઈને શ્રી બ્રહ્માજીને મોહ થયો. તેમજ વાછરડાં અને બાળકોનું વ્રજમાંથી અપહરણ કર્યું. એક વર્ષ પછી બ્રહ્માજી નો મોહ ઓછો થયો. તેઓ પાછા વ્રજમાં વાછરડાં અને બાળકો આપી આવ્યા. તેવો જ અનાથ કળયુગમાં બન્યો.

ગંગા-યમુના વચ્ચેના પ્રદેશમાં શ્રીજસુસ્વામી નામના ભક્ત રહેતા હતા. આ પ્રદેશની ભૂમિ સમસ્ત પાપોને હરનારી છે. સંપૂર્ણ પુષ્પોને આપવાવાળી છે. જસુસ્વામી પ્રેમપૂર્વક હંમેશાં સાધુ સેવા કરતા. ખેતી કરી અન્ન ઉપજાવતા હતા. અને ભક્તોસંતોને અન્નભોજન કરાવતા.

એક દિવસ ચોરોએ તેમના બળદ ચોરી લીધા. આ ચોરીની વાતની જસુસ્વામીને ખબર ના પડી. ભક્તવત્સલ શ્યામસુંદરે તેજ પ્રકારના બળદ જસુસ્વામીને આપ્યા. આ બળદો પહેલાંના બળદ કરતાં ખેતી કામમાં ખૂબ સરસ ચાલતા. આ દિવ્ય બળદ હતા. તેથી સ્વામીજીને ખૂબ વ્હાલા

લાગતા હતા. આ બળદનું સ્વરૂપ શ્યામસુંદરે લીધુ હતું. એક વર્ષ પછી વ્રજવાસી ચોરો તેમને ત્યાં આવ્યા. ને આશ્રમની નજીકથી જોયું તો તેમણે જે બળદ ચોરી ગયા હતા તેવા જ આ બળદ હતા. તેમને થયું કે તેમના જ આ બળદો અહીં કોણ લાવ્યું? તે ઘેર ગયા તો તેમના ચોરેલા બળદો તો ત્યાં જ હતા. તો અહીં આશ્રમમાં પણ તે જ બળદો હતા. આમ ચાર પાંચ વાર આવ્યા ને અવલોકન કર્યું. થાકીને સ્વામીજીને પૂછ્યું તો જાણવા મળ્યું કે ચોરો જે બળદો લઈ ગયેલા તે બળદો જેવા જ બળદો ત્યાં નિરંતર કામ કરતા હતા.

આખરે ચોરો પોતે ચોરેલા બળદ લઈ આવ્યા અને આશ્રમમાં આવ્યા. ત્યાં જ આશ્રમમાં દિવ્ય બળદો અન્તર્ધાન થઈ ગયા. ચોરોએ જસુસ્વામીનો પ્રભાવ જાણીને પૂર્વવત્ બળદો આપીને ભગવાને તેના અંત-સેવા, પરિવાર-ભરણ-પોષણની ચિંતાથી બચાવ્યા. ચોરોને હૃદયમાં સ્વામીજી તરફ પ્રેમભાવ થયો. તેઓ તેમને ચરણે પડ્યા. સુધ્ધ હૃદયથી અભિલાષા જોઈ સ્વામીજી દ્રવિત થયા. સ્વામીજી જાતે જ દયાના સાગર હતા. આ બધાને મંત્ર આપ્યો. તેને શિષ્ય બનાવ્યા. સેવા-ભજનની નવી રીત સ્વીકારી સંતમાર્ગ ઉપર ચાલવા લાગ્યા. સાધુ સેવા માટે અન્ન પહોંચાડવા લાગ્યા. દૂધ-દહીંની સેવા કરી સાધુઓનો સ્નેહ કરવા લાગ્યા. સંતો અનંત સુખના સુખદુઃખસૂખપૂર્વક સંતોની સેવા કરી કૃતાર્થ થયા.

*બરછ હરન પાછૈં બિદિત સુની સંત અચરજ ભયો ।*
*જસુસ્વામી કે વૃષભ ચોરિ વ્રજવાસી લાયે ॥*



# શ્રી પદ્મનાભજી

*કબીર કૃપા તે પરમ તત્ત્વ પદ્મનાભ પરમૌ લહયૌ ॥*
*નામ મહાનિધિ મંત્ર નામ હી સેવાપૂજા ।*

ગુરૂકૃપાથી જ ભગવતત્વ જાણી શકાય છે. ગુરૂ શ્રી કબીરજીની કૃપાથી શ્રી પદ્મનાભજીને પરમ તત્વ શ્રી નામ મહારાજના માહાત્મયને ખૂબ સારી રીતે સમજી લીધું.

*શ્રીરામનામ સમં તત્વ નાસ્તિ વેદાન્ત ગોચરમ્ ।*
*યત્પ્રસાદાત્પરાં સિધિં સમ્પ્રાપ્તા મનુયોડમલાઃ ॥*

શ્રીરામનામ સમાન બીજું કોઈ પરમતત્વ નથી. તે જ પરમધન છે. તે જ મહામંત્ર છે.

શ્રી પદ્મનાભજીને રામનામ પ્રત્યે વ્યવહારિક પ્રેમ હતો. શ્રીરામ નામ જપ કરનારા પ્રત્યે પ્રીતિ રાખતા હતા. શ્રીરામ નામને જ પરબ્રહ્મ પરમાત્મા કહેવાય છે. તે જ નામ ભવ-બંધનથી મનુષ્યને છોડાવે છે.

મારવાડમાં રામચંદ નામના શ્રીરામભક્ત હતા. તેમની પત્નીનું

નામ સીતા હતું. સંજોગવશ તેમના ઘરમાં શ્રીરામ-સીતાજીની પૂજા સેવા થતી હતી. તે રામચંદ્ર બીમાર પડ્યા. તે અતિ વૃધ્ધ હતા. રાત્રે ખૂબ તરસ લાગતાં પુત્રવધુની પાસે પાણી માંગ્યું. 'ઓ દીકરી સીતા! ક્યાં ગઈ! પાણી લાવ તો!' પુત્રવધુ સીતા સૂઈ ગયાં હતાં. વૃધ્ધે બે ચાર વાર બૂમ મારી. શ્રીરામે જાનકીજીને કહ્યું - તમે જાઓ અને બિમાર વૃધ્ધને પાણી પાઓ. તો જાનકીજી એ કહ્યું - 'મને થોડા બોલાવે છે તે તો તેમની પુત્રવધુને બોલાવે છે.'

શ્રીરામજીએ કહ્યું - 'નામ તો તમારું જ છે ને આપે આપના નામનું અનુગમન કરવું જોઈએ.'

જાનકીજીએ પૂજા-સેવા મંદિરમાં રાખેલી ઝારીમાં જલભરીને વૃધ્ધને પાયું. સવારે તે ચાંદીની ઝારીની શોધ થઈ પ્રેમરહસ્ય જણાયું. કેવળ નામ-ભાષા માત્રથી એ જ રીતે અજામિલનો ઉધ્ધાર થયો હતો.

પંડિત શ્રી પદ્મનાભજી શાસ્ત્રાર્થ કરતા દિગ્વિજય કરી ફરતા હતા. તેમની સાથે અનેક પુરાણો-પોથીઓ રહેતી હતી. તેઓ કાશી આવ્યા. કાશીના પંડિતો શિવજીને શરણે ગયા. પંડિતજીને કબીરજી પાસે મોકલવાનું સૂચન શિવજીએ કર્યું. બ્રાહ્મણોએ પંડિતજી પાસે જઈને કહ્યું "આ કાશી નગરી છે. એક એકથી ચઢે તેવા પંડિતો રહે છે. વ્યર્થ સમયના બગાડે તે હેતુથી આપનો શાસ્ત્રાર્થ કબીરજી સાથે ગોઠવ્યો છે. જો કબીરજી હારશે તો કાશીની હાર માની લઈશું." કબીરજીને શિવજીનો સંદેશ જણાવ્યો. કબીરજી નિશ્ચિંત થયા.



નિત્યધામ કાશી ગણાય છે. આ ધામનો પ્રભાવ વિલક્ષણ છે. શિવજી અહીં અતિકૃપાળું છે. કરુણામયી છે. આટલા વિધા ભણેલ છતાં આ ધામનાં દર્શન કરી પંડિત ભક્તિ હીન બને તે ના સહેવાય. પોતાનું વિપ્ર શ્રી નામ છે તેનું દાન કરવું. કબીરજીનો મહિમા પ્રગટ કરવો.

ભક્ત કબીરજી પાસે પદ્મનાભજી પાસે આવ્યા. તેમનું આદર-સત્કાર થયો. શાસ્ત્ર ચર્ચા કરવાનું કબીરજીને કહેવાયું. ભક્ત કબીરજી એ કહ્યું 'મેં કદી કાગળ કે કલમ પકડી નથી. હું આ વિષયમાં અનિયમિત છું. એક પ્રશ્ન કરવા રજા લઉં -

*સમઝિ પઢે કૈ પઢિ સમુઝિ, અહો કહો કવિરાય ।*
*સુનિ યહ બાત કબરી કી , પણ્ડિત ગયો હે રાય ॥*

પંડિત પદ્મનાભજી આંખો ઉઘડી ગઈ હતી. તેથી તે બોલ્યા - હું નથી તો સમજીને ભણ્યો કે ન તો ભણીને સમજ્યો. હવે આપની કૃપાથી સમજ્યો છું. મારું ભણવાનું-ગણવાનું વ્યર્થ ગયું. કેવળ વિવાદ કરી મને સંતપ્ત થયો છું ને બીજાને સંતાપ આપ્યો છે. વિધા ફળતો વિવેક છે. તેમને જીવનની મોટી ભૂલ સુધારી તેમણે શાસ્ત્રાર્થ બંધ કર્યો. તેમણે શ્રી કબીરજીના ચરણોમાં પડી દીક્ષા માટે વિનવ્યા. ભક્ત કબીરજીએ તો રામનામનો ઉપદેશ આપ્યો.

એક પ્રસંગમાં પદ્મનાભજી શિષ્ય સેવક બન્યા છતાં કબીરજી સેવા લેતા ન હતા. ઘણી વિનંતી પછી કબીરજીએ જલસેવા સ્વીકારવાનું કહ્યું. તેઓ તે માટે કળશ ભરવા કાશીમાં ગંગાનદીમાં કળશભરવા આવ્યા તે

સમયે એક શેઠ ગણિત કૃષ્ટ રોગથી પીડાતો હતો. તેના શરીરમાં કીડા પડ્યા હતા. તેની સ્થિતિ વિકટ હતી. અડોશ-પડોશના લોકો સાથે રહેણી કરતી નિર્વાહ કરવો મુશ્કેલ હતો. તે શ્રીગંગાજીમાં ડૂબકી મારવાનો સંકલ્પ કરી ડૂબી જવા નીકળ્યો. ત્યાં ખૂબ ભીડ હતી. સંજોગવશાત પદ્મનાભજી પણ ત્યાં હતા. તેમને ભીડ જોઈ તે શેઠને પૂછ્યું - તો માણસોએ કહ્યું. તો પદ્મનાભજીએ કહ્યું - તેને પકડો ડૂબવા ના દેશો. તેના દેહબંધન ખોલી નાંખો. ગંગાજળમાં ત્રણ વાર ડૂબકી મારીને શ્રીરામ નામ મંત્ર જપશે તો તે રોગમુક્ત બને સુંદર દેહવાળો બનશે. જીવનપર્યન્ત બુધ્ધિ સ્થિર કરી ભક્તિ કરી હતી. પાસેના લોકોએ ભક્તિનો પ્રભાવ જોયો તે ભક્ત બની ગયા. પ્રસન્ન મને પદ્મનાભજી એ શ્રી કબીરજીને પોતાનો ગૌરવપૂર્ણ અનુભવ જણાવ્યો. શ્રીરામનામ મહિમાનું વિવરણ કહ્યું. ભક્ત શિરોમણી તો ક્રોધિત થયા અને બોલ્યા - 'આવા તુચ્છ કામ માટે ત્રણ વાર રામનામનો ઉપયોગ કર્યો' શ્રી પદ્મનાભજીને માનસી સેવાની સિધ્ધિ હતી. એક અજીજ પદ્મનાભજી જ્યારે જ્યારે ભોગ ધરાવતા ત્યારે નજીક રહી સાંભળતા હતા. પદ્મનાભજી બોલતા હતા - જૂઓ, તસ્માઈ, લાડુ, કઢી, ભાત વગેરે જમો. પ્રભુ સજ્જને કુતુહલ વશ ભોગ જોયો. તો ચણા જ હતા. તેમને લાગ્યું કે મહારાજનું ફરી ગયું છે. સજ્જને પદ્મનાભજીને પ્રણામ કરી ને પદ્મનાભજીએ પ્રસાદ આપ્યો તો જેટલી વસ્તુઓ ના નામ પદ્મનાભજી બોલ્યા હતા તે બધી જ તેમને મળતાં પસ્તાયા ને ચરણે પડ્યા.



# ભક્ત શ્રી તત્વાજી જીવાજી

*તત્વા જીવા દક્ષિણ દેશ વંશોદ્ધાર રાજત બિદિત ॥*
*ભક્તિ સુધા જલ સમુદ્ર ભયે બેલાવલિ ગાઢી ।*

વૈષ્ણવની એકવીસમી પેઢીનો ઉધ્ધાર સ્વમેવ થઈ જાય છે. શ્રી નરસિંહ ભગવાન ભક્ત પ્રહલાદજીને કહે છે તેમ નિષ્પાપ પ્રહલાદ ! તમારા પિતા સ્વયં પવિત્ર થઈને તરી ગયા છે. એકવીસ પેઢીના પિતૃઓ હોત તો પણ તમારા જેવા કુળને પવિત્ર કરવાવાળા પુત્ર થયા છે. જો કુળમાં કોઈ વૈષ્ણવ થઈ જાય તો તેનું કુળ તરી જાય છે. જે પૃથ્વી પર વૈષ્ણવ જન્મે તો તેના જન્મથી તે પૃથ્વી પોતાને સૌભાગ્યશાળી માને છે.

દક્ષિણ દેશમાં પરમભક્તો શ્રી તત્વાજી અને શ્રી જીવાજી નામના બે ભાઈ થઈ ગયા. જગપ્રસિધ્ધ સન્તનો સયશ આજે પણ સંત સમાજમાં સુશોભિત છે. બંન્ને ભાઈ ભક્તિરૂપી અમૃત જળનાસમુદ્રના  બે કિનરા જેવા હતા.

શ્રીજીવાજી અને શ્રી તત્ત્વાજીની સંત ભગવંતમાં પ્રીતિ-રીતિ બપોર પછીની પૂર્વ દિશામાં જતી છાયા જેવી ઉત્તરોત્તર વધે તેવી હતી. બંન્ને પ્રેમનું સાચું સ્વરૂપ છે. બંન્નેનો સ્વભાવ રઘુવંશી જેવો હતો. બંને સજ્જનોના ગુણને ધારણ કરતા હતા. ભક્ત શ્રી તત્વાજી અને શ્રી જીવાજી શૂર, ધીર, ઉદાર, દયાળું, પ્રવીણ અને ઈષ્ટમાં જ અનન્ય નિષ્ઠા રાખવાવાળા હતા. વૈષ્ણવ જગતમાં સૂર્યરૂપે ઉદય પામેલા હતા. બંન્ને જાતિના બ્રાહ્મણ હતા. બંન્નેને કોઈ સદ્‌ગુરૂના શિષ્ય થવાની તમન્ના હતી. તેમણે નિર્ણય કર્યો હતો કે જે સંતનું ચરણામૃત સુકાવૃક્ષને સિંચન કરવાથી લીલું થાય હર્યુ ભર્યુ થાય તેમની પાસેથી મંત્ર દીક્ષા લેવાનો નિર્ણય હતો. ઘરના આંગણામાં એક સૂકું ઠુંઠું રોપી રાખ્યું હતું. જે કોઈ સંત અને તેનું ચરણામૃતનું સિંચન તે રોપેલા ઠુંઠાને કરતા હતા. અને બારીકાઈથી જોતા કે તેની ડાળી લીલી થઈ? કૂંપણ ફૂટી? આમ ઘણા વર્ષો વિત્યા.

એક દિવસ તે ગામમાં શ્રી કબીરજી પધાર્યા. તે તીર્થયાત્રાએ નીકળ્યા હતા. બંન્ને ભાઈ ની ઈચ્છા પૂર્ણ થઈ. તેમના ચરણે પડ્યા. મંત્રદીક્ષા ની પ્રાર્થના કરી. શ્રીનામનો ઉપદેશ આપ્યો. તે કાશીના છે તમ કહ્યું. જરૂરી કામ હોય તો આવી ને જાણ કરવી તેમ જણાવ્યું. બંન્ને શિષ્યો બન્યા તો બ્રાહ્મણો વિરોધ કરશે જ તેની કબીરજીને ખબર હતી. વિઘ્ન આવશે જ. શ્રી કબીરજી તો ત્યાંથી નીકળી ગયા.

ભક્ત શ્રી તત્વાજી અને જીવાજીએ દીક્ષા લેવાના સમાચાર બ્રાહ્મણો જાણ્યા અને તેમની કાનફુસી શરૂ થઈ ગઈ. તે જાતિ ભ્રષ્ટ થઈ ગયા છે.



તેમણે તેમને નાત બહાર મૂક્યા. જેથી બંન્ને ભાઈ કાશી પહોંચ્યા. કબીરજીને મળ્યા. કબીરજીએ આવવાનું કારણ જાણ્યું. બંન્ને ભાઈઓએ હકીકત કહી. શ્રી કબીરજીએ ખૂબ વિચાર કરીને કહ્યું તમે બંન્ને ભાઈઓ અંદરોઅંદર જ સગાઈ કરો. એટલે કે એક બીજાના પૂત્ર પૂત્રીને પરણાવો. કટ્ટર સંસ્કારી બ્રાહ્મણો કુપરંપરાને નષ્ટ નહીં થવા દે. તેઓ તાલ-સમાજ માં રિવાજ મુજબ વિવાહ ગોઠવીની રાજી થશો તેમાં તમને કોઈ નાનમ નહીં આવે. ભક્તિની પણ વૃધ્ધિ થશે જ.

ઘેર જઈ બંન્ને ભાઈઓએ પૂત્ર-પૂત્રી નાં અન્યોન્ય લગ્નનો વિચાર જાહેર કર્યો. જ્ઞાતિજનો દંગ થઈ ગયા. તેમણે તેમ ના થાય તે માટે તેમને નાતમાં લેવાનું નક્કી કર્યું અને બંન્ને ભાઈના પૂત્ર અને પૂત્રીઓનાં પણ નાતમાં જ કરવાનું નક્કી કર્યું. સંતની સજા પ્રમાણે કબીરજીના કહેવા પ્રમાણે જ જ્ઞાતિજનોને ભક્તિમાં જાગૃત રહેવા. ભક્તિમાં લગાડવા કહ્યું. જ્ઞાતિની જ કન્યા અને પૂત્ર સાથે વિવાહ થયા. સાચા હૃદયના હરિભક્તો બંન્ને ભાઈ જ પોતાની જાતિ-પાતિના સંબંધોમાં મુખ્યા રાખતી. પ્રેમમાં તેમની બુધ્ધિ સદા ભાવિત રહેતી. બંન્ને ભક્તોની ગુરૂનિષ્ઠા અને સંતોના તરફ સદ્‌ભાવ જોઈને વિમુખ લોકો પણ તેમની સામે ખૂબ પ્રશંસા કરતા તેઓ કહેતા કે અમે લોકો આપના દઢ પ્રાણ ઉપર પ્રસન્ન થયા છીએ.

એક પ્રસંગમાં મૌનવ્રતી મહાત્માને મૌનવ્રત ખોલવા નિમિત્તે શ્રી તત્વાજી અને જીવાજી પાસેથી ભંડારામાં સંત સેવા માટે રૂા. ૫૦૦૦ મળ્યાં. તો આપે પોતાના ઘરની ઘરવખરી સંપત્તિ, પત્નીના દર-દાગીના

વેચી ચાર હજાર આપ્યાં. અને એક હજાર વ્યાજે લઈને પાંચ હજાર પૂરા કરી આપ્યા. ઘરમાં કંઈ જ ના રહ્યું. દીકરીની વિદાયનો પ્રસંગ આવ્યો. ભક્તની ચિંતાથી ભગવાનનું ચિત્ત ચિંતિત ચંચલ થઈ ગયું. રાતમાં પ્રભુએ સ્વપ્નમાં કહ્યું કે અમુક જગ્યામાં ધન દટાયેલું છે. તે કાઢીને કન્યાવિદાય પ્રસંગ તથા સંતસેવા કરો. નિર્દિષ્ટ જગ્યાએ ખોદતાં ધન નીકળ્યું. પ્રભુનો યોગક્ષેમ રક્ષક છે.

ભક્ત શ્રી જીવાજી અને ભક્તશ્રી તત્વાજી અનન્ય હતા. એક શૈવ રાજાએ શ્રી શિવજીની પ્રસન્નતા માટે મોટો યજ્ઞ કર્યો. કેટલાય બ્રાહ્મણો એ લાખોનું દાન કર્યું. રાજ મંત્રીઓ ભક્ત તત્વાજીઅને જીવાજીની ભક્તિથી પરિચિત હતા. તેમને દાન લેવા પ્રેરિત કર્યા. રાજાએ આ બંન્ને ભક્તોને બોલાવી ખૂબ આદરસન્માન કર્યા. યજ્ઞાવિશિષ્ટ લાખોની સંપત્તિ આપવા ઈચ્છે પરંતુ પરમ અનન્ય ભક્તોએ શ્રેષ્ઠ ઉત્તર આપ્યો :

*દયો રામ કો લેંહિ હમ*
*આશા કરૈં ન અન્ય ।*
*લાખ ખાખ સમ દેરે તજિ*
*રાખૈં ભક્તિ અનન્ય ॥*



# ૧૮. શ્રી માધવદાસજી

*બિનૈ વ્યાસ મનો પ્રગટ હવૈ જગકો હિત માધૌ કિયો ।*
*પહિલે વેદ વિભાગ કથિતં પુરાણ અષ્ટદાસ ॥*

વિનયની મૂર્તિ એટલે ભક્તશ્રી માધવદાસજી વેદ વ્યાસજી જાતે જ અવતાર લઈને જગકલ્યાણ માટે પ્રગટ થયા.

નારદજી જ્યારે વેદવ્યાસના આશ્રમે પધાર્યા તો તેમની પૂંજા કરી. પરીક્ષિતને કન્યાશ્રવણ કરાવવા પુત્ર શુકદેવ તે સમયે આવ્યા. શુકદેવજીનું વ્યાસજી જેમ જ સ્વાગત કર્યું. આવા શ્રી માધવદાસજી અત્યંત નમ્ર છે. જેથી નાભાજી તેમને બિનૈ વ્યાસ કહે છે.

દ્વાપરયુગમાં વ્યાસજીએ વેદોનું વિભાજન કર્યુ. અઢાર પુરાણ ગાયાં. મહાભારત લખવું. ચાર વેદ, અઢાર પુરાણ અને મહાભારત રચ્યા પછી સમસ્ત નીષ્કર્ષ રૂપે શ્રી હરિસુપરા શ્રીમદ ભાગવતની રચના કરી.

શ્રીમાધવદાસ સ્વરૂપે સંશોધન કરી લોકબોલી માં જ સવિસ્તારે 'જય જય' શબ્દ યુક્ત પ્રભુ લીલાનું ગાન કર્યું. અસંખ્ય જીવોનો ઉધ્ધાર કર્યો. ભક્ત શ્રી માધવદાસજીનું હૃદય કરુણારસી હંમેશ દ્રવિત રહેતું.

*'જય જય શ્રી જગન્નાથ નીલગિરિવાસી ।*
*આદિ અનંત જે સેવૈ પ્રાણીચરણ કમલ સુખરાસી ॥'*

ભક્તશ્રી માધવદાસજીએ શ્રીશ્યામસુંદરની બાળલીલા, જાનરાય-લીલા, જન્મમકરમ-લીલા, રથલીલા, ધ્યાનલીલા, સ્વયંવર-લીલા, રઘુનાથલીલા નારાયણ લીલાનું મધુર પદોમાં ગાન કર્યું.

બ્રાહ્મણ કુળમાં જન્મેલા શ્રીમાધવદાસજીની પ્રાણપ્રીયા પત્નીએ દેહ ત્યાગ કર્યો. ત્યારે તેમને સમજાયું કે આ સંસારનો આવો વ્યવહાર છે. સંસાર ક્ષણ ભંગુર છે. જયેષ્ઠ પુત્રને પરિવાર સોંપી વૈરાગ્યપૂર્વક ભક્તિયોગમાં જીવન પસાર કર્યું.

ઈશ્વરની અન્ય ઈચ્છા હતી. તેમણે નિશ્ચય કર્યો કે જીવોનું પાલન-પોષણ માત્ર શ્રીહરિ કરે છે. હું કરું છું. તે મૂર્ખાઈ છે. તે દૃઢ સંકલ્પ પૂર્વક નીલાચલ ધામ (જગન્નાથપુરી) જવા નીકળ્યા. ઘટબુધ્ધિ શ્રી માધવદાસ નીલાચલ પાસે સમુદ્રકિનારે વસવાટ કર્યો. ભગવત પ્રેમમાં ભૂખ-તરસનો વિચારનું વિસ્મરણ થવા લાગ્યું. ત્રણ દિવસ પસાર થયા. ભુખ-તરસથી દૂર રહ્યા. પ્રભુજીએ સયનભોગ ધ્યાનમગ્ન ભક્તને પ્રસાદી થાય શ્રી માધવદાસજીને આપ્યો. શ્રીલક્ષ્મીજીના ચરણ કમળની ઝંઝરીનો ઝંકાર કુટિ સુધી સંભળાયો. તે સમયે બારણા બહાર પીઠ ફેરવી બેઠા હતા.



હૃદયમાં તો લક્ષ્મી નારાયણનું યુગલ સ્વરૂપનું દર્શન હતું. જયાં લક્ષ્મીજી પ્રવેશ્યાં ત્યાં જ વીજ ચમકાર જે કિટુરિ પ્રકાશિત થઈ ઊઠી. તેમની દૃષ્ટિ। ઉપર ના પડી. પુનઃ નજર કરે તો જરૂર દર્શન થાત. એક ઝલક માત્ર દર્શનની મળી. થાળમાં પ્રસાદ જોઈ ને ભક્ત નું હૃદય અતિપ્રસન્ન થયું. પ્રભુકૃપા પોતાનું સૌભાગ્ય ગણ્યું. પ્રસાદ જમીને થાળ ત્યાં જ રાખ્યો. ભક્ત શ્રી માધવદાસજીની અનન્યતા જાણીને સ્વયમ્ શ્રી લક્ષ્મીજીને જ પ્રસાદ દેવા મોકલ્યા. લક્ષ્મીજી અદશ્ય થયાં. મા ના મનમાં પણ પ્રભુની ભણી વત્સલતાનો આલહાર હતો.

પ્રાતઃ કાળમાં પંડાઓએ મંદિર દ્વાર સેવા-પૂંજા કરવા ખોલ્યાં તો શયન ભોગ થાળ નહીં. બધાને ચિંતા થઈ. થાળ શોધવા લાગ્યા જે શોધતાં માધવદાસજીની કુટિમાંથી મળ્યો. ભક્તને કેદ કરી લાવામાં આવ્યો. સોટીથી મારવામાં આવ્યા. ભક્તની ઉપરના પ્રહારને શ્રી જગન્નાથજી બાળકના ઘા પોતાના ઉપર ઝીલે. બોડાણાના ઘા ઝીલ્યા હતા તેમ ભક્ત શ્રી માધવદાસ ઉપરના ઘા ઝીલ્યા. પૂજારીઓ પ્રભુના દેહ ઉપર ડૂબેલ-મુનિજીએ હકીકત બતાવી તો પૂજારીઓ ભક્તની ક્ષમા માંગવા માધવદાસજી પાસે ગયા. આ પ્રસંગ પુરીમાં ફેલાઈ ગયો. ભક્તિની કીર્તિ ફેલાઈ ગઈ. ભક્તના યશની સૌરભ ફેલાવા લાગી. પૂંજારીઓ લજ્જિત થયા.

એક પ્રસંગમાં ભક્તની અવસ્થા બદલાઈ મંદિરમાં ભગવાનનાં દર્શન કરતાં તેમની શુધ્ધ ના રહી. ક્યારેક રાતમાં પણ મંદિરમાં જ રહેતા.

આ વાત કોઈ જાણતું નહીં. શ્રી ઠાકોરજીનું રૂપ જ એવું મધુર છે તે ક્ષણે તેમના ઉદ્‌ગાર સરી પડ્યા

‘આજ સફળ સખી જનમ હમારો ।
દેખ્યો રી દગલ ભરિ નન્દ દુલારૌ ॥
વામ કપોલ વામ ભૂજ દીપૈ ।
અધર મધુર મુરલી કર લીયૈં ॥
નાદ વેદ સંગીત સુનાવૈં ।
શ્રવણ ચલત સિર સિખર ડુબાવૈ ।
નૈન તરંગ રંગ રસ પેખૈ ।
અબ હરિ હમ અપને કટિ લેખૈ ॥
પૂજી મેરી જન્મ જન્મકી આસા ।
શ્રી જગન્નાથ મુખ દેખૈ માધવદાસા ॥’

દિવસભર દર્શનની અતૃત્પી રહેતાં ભક્ત રાત્રે મંદિરમાં જતા રહેતા. રાત્રે એકાંતમાં વાત-વિનોદ થાય. ઠંડીના દિવસોમાં એક વાર રાત્રે ખૂબ ઠંડી લાગી તે સમયે એક અદ્‌ભૂત વાત બની. ઠંડીથી માધવદાસજી કંપતા હતા. શ્રી ઠાકોરજી શ્રી ઠાકોરજી જગન્નાથજીએ તેમની રજાઈ ઓઢાડી દીધી. પ્રભુની અહૈતુકી કૃપાથી માધવદાસજીનું હૃદય પ્લાવિત થયું.

એક સમયે ભક્તને ઝાડા થયા. તો આપ તરત જ સમુદ્ર કિનારે જઈ પડ્યા. શરીર સિથિલ થયું. શુધ્ધિ કરવામાં અસમર્થ બન્યા. તે સમયે



પાણી ની જરૂર હતી. તો ભગવાન પોતે જ જળ લઈને ઊભા. તે તેમના શરીરને શુધ્ધ કરતા હતા. જ્યારે તેમને શુધ્ધિ આવી તો ભગવાન સ્વયમ્ ને જોઈને મનમાં વિચારીને કે આ તો સાક્ષાત્ શ્રી હરિ જ છે ! તો તેઓ ખૂબ દુઃખી થયો અને બોલી ઊઠ્યા - હું આપને ઓળખી ગયો મારા જેવા અધમ માટે આવું હલકુ કામ કરીને અતિશય દુઃખ આપો છો.

‘‘હું શું કરું મારાથી ભક્તોના દુઃખ અરેરે જરા પણ સહન થતાં નથી. રહેવાતું નથી.’’ શ્રી જગન્નાથજી બોલ્યા.

તો એમ કરો મારી પીડાને મટાડી દો.

પ્રભુએ કહ્યું - વ્યાધ દૂર કરવામાં સંકટ છે. કર્મફળ રહી જાય તો ભોગવ્યો.